RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત


ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 30-06-2026 I VOL : 12 I Issue : 105 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN   Contact :- MO : 9662420070   E-Mail : pakkogujarat7@gmail.com | ઑફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

નિષ્ઠા સફળતાની સાથી છે. હિંમતવાન લોકો જ ઈતિહાસ રચે છે.


3 
વડોદરામાં 'વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ'નો ભવ્ય પ્રારંભ: મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના...

4 
ઇતિહાસનું પુનરાવર્તન: 2017ની જેમ જ 2027ની ચૂંટણી પહેલાં ગામડે-ગામડે લાગ્યા 'ભાજપ...

6 
બાથટબમાં ફીણની વચ્ચે કવર થઈને શમાએ આપ્યા બોલ્ડ પોઝ

7 
દીપ્તિ સૌથી વધુ વિકેટ લેનારી મહિલા ક્રિકેટર: કોહલી-અનુષ્કા મેચ જોવા પહોંચ્યા


### એક નજર...

#### મૌની રોયના સ્ટનિંગ લુક પર ફિદા થયા ફેન્સ, તસવીરો થઇ



ટીવીની દુનિયાથી બોલિવૂડ સુધીની સફર કરનાર હૉટ એન્ડ બ્યુટીફુલ એક્ટ્રેસ મૌની રોય ફરી એકવાર પોતાના બોલ્ડ અંદાજને કારણે ચર્ચામાં આવી છે.

આ તસવીરોમાં મૌની ખૂબ જ કિલર પોઝ આપતી જોવા મળે છે. આ તસવીરોમાં મૌની રોય અલગ-અલગ પોઝ આપતી જોવા મળી રહી છે.

### NEWS TRACK

#### 1.6 અબજ ડોલરની ડીલ દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પે દીકરાઓને બમ્પર કમાણી કરાવતા હોબાળો

અમેરિકાના રાજકારણમાંથી આ સમયે એક બહુ મોટો વિવાદ સામે આવી રહ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પરિવાર અને તેમની સરકારના મંત્રીઓ પર સરકારી ડીલના બહાને પોતાના ખિસ્સા ભરવાના ગંભીર આક્ષેપો થયા છે. એક મીડિયા રિપોર્ટમાં થયેલા ખુલાસા પ્રમાણે, અમેરિકન સરકારે તાજેતરમાં એક એવી મોટી ડીલ કરી છે જેનાથી ટ્રમ્પના દીકરાઓને અબજો રૂપિયાનો ફાયદો થવા જઈ રહ્યો છે. આ નફાકારક ડીલમાં ટ્રમ્પ પરિવારની સાથે અમેરિકાના વાણિજ્ય મંત્રી હોવર્ડ લુટનિકનું નામ પણ સામે આવ્યું છે, જેના કારણે હવે ટ્રમ્પ પ્રશાસનની 'અમેરિકા ફર્સ્ટ'ની નીતિ સામે મોટા સવાલો ઊભા થયા છે. અમેરિકા ફર્સ્ટ નીતિ પર મોટા સવાલો એક મીડિયા રિપોર્ટ બાદ આ આખો વિવાદ શરૂ થયો છે. આ અહેવાલ મુજબ, અમેરિકાએ તાજેતરમાં કઝાકિસ્તાન સાથે દુનિયાના સૌથી મોટા દુર્લભ ખનિજ 'ટંગસ્ટન'ના ભંડારને વિકસાવવા માટે 1.6 અબજ ડોલર એટલે કે આશરે 13,500 કરોડ રૂપિયાની સરકારી ડીલ કરી છે.

#### એક કૂતરાની ભૂલને કારણે ગ્રીસ અને બલ્ગેરિયા વચ્ચે યુદ્ધ છેડાઇ ગયું

ઈતિહાસના પાનાઓ પર નજર કરીએ તો યુદ્ધો સામાન્ય રીતે જમીન, સત્તા, ઓઇલ કે કોઈ મોટા રાજકીય વિવાદોના કારણે થતા આવ્યા છે. પરંતુ શું તમે ક્યારેય સાંભળ્યું છે કે એક સામાન્ય રખડતા કૂતરાના કારણે બે દેશો વચ્ચે તોપો ગર્જી ઉઠી હોય અને ભારે રક્તપાત થયો હોય? વાત સાંભળવામાં કોઈ કાલ્પનિક વાર્તા જેવી લાગે છે, પરંતુ આવું હકીકતમાં બન્યું હતું. વર્ષ 1925માં યુરોપના બાલ્કન પ્રદેશમાં એક કૂતરાના કારણે ગ્રીસ અને બલ્ગેરિયા સામસામે આવી ગયા હતા. ચાલો જાણીએ ઈતિહાસની આ વિચિત્ર ઘટના વિશે, જેને 'ધ વૉર ઑફ ધ સ્ટ્રે ડૉગ'(રખડતા કૂતરાનું યુદ્ધ) અથવા 'પેટ્રિચનું સંકટ' તરીકે ઓળખવામાં આવે છે. એક કૂતરાની ભૂલે તણાવ સર્જ્યો વાત છે ઓક્ટોબર 1925ની. યુરોપના બાલ્કન ક્ષેત્રમાં ગ્રીસ અને બલ્ગેરિયાની સરહદો જ્યાં મળતી હતી, ત્યાં વાતાવરણ ભારે તણાવપૂર્ણ હતું. બંને દેશો અગાઉ પણ કેટલાક યુદ્ધો લડી ચૂક્યા હોવાથી સરહદ પર તહેનાત સૈનિકો એકબીજા પ્રત્યે ખૂબ જ આક્રમક હતા. એક નાની ચિંગારી પણ મોટો વિસ્ફોટ કરી શકે તેમ હતી.

### વાયુસેના અને SDRFની ટીમો બચાવ કાર્યમાં લાગી

## આસામ-અરુણાચલ પ્રદેશમાં મેઘતાંડવ, રોડ-રસ્તા ડૂબ્યા

ગુવાહાટી

પૂર્વોત્તર ભારતમાં ચોમાસાની શરૂઆત થતાં જ મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. અરુણાચલ પ્રદેશ અને અસમમાં થઈ રહેલા અવિરત મુસળધાર વરસાદને કારણે પૂર અને ભૂસ્ખલને ભારે તબાહી મચાવી છે. પૂરના કારણે અસમના 100 થી વધુ ગામો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા છે. જેના લીધે હજારો લોકો પ્રભાવિત થયા છે. અરુણાચલ પ્રદેશમાં આ કુદરતી આપત્તિના કારણે અત્યાર સુધીમાં 3 લોકોના મોતના અહેવાલછે. જ્યારે અનેક લોકો ગુમ છે. પરિસ્થિતિની ગંભીરતાને જોતાં વાયુસેના અને SDRF ની ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત રેસ્ક્યુ ઓપરેશન ચલાવી રહી છે. અરુણાચલ પ્રદેશમાંથી આવતા પૂરના પાણીના પ્રચંડ પ્રવાહને કારણે અસમના ધેમાજી જિલ્લામાં સ્થિતિ સૌથી વધુ વણસી છે. 28 જૂનના રોજ ધેમાજીમાં કેમી નદી પર બનેલો 300 મીટર લાંબો વિશાળ લોખંડનો



પુલ પૂરના ધસમસતા પ્રવાહમાં પત્તાની જેમ વહી ગયો હતો. આ પુલ તૂટી પડવાના કારણે કેમી-પુરાના જેલોમ વિસ્તાર અને જોનાઈ સદર વચ્ચેનો માર્ગ સંપર્ક સંપૂર્ણપણે કપાઈ ગયો છે. આ કનેક્ટિવિટી તૂટવાથી હજારો લોકો અટવાઈ પડ્યા છે અને તેમને જીવનજરૂરી ચીજવસ્તુઓ, દવાઓ અને હોસ્પિટલ સુધી પહોંચવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

## કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે ફરી બન્યા રાજ્યસભામાં વિપક્ષના નેતા

નવી દિલ્હી


કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે ફરી એકવાર રાજ્યસભામાં વિપક્ષના નેતા બની ગયા છે. 25 જૂન 2026ના રોજ તેમનો કાર્યકાળ પૂરો થતાં તેઓ ટેકનિકલી આ પદ પરથી હટી ગયા હતા. જોકે, કર્ણાટકથી રાજ્યસભામાં પુનઃ ચૂંટાયા બાદ સોમવારે તેમણે સભ્ય તરીકે શપથ લીધા હતા, જે સાથે જ સત્તાવાર રીતે તેમને ફરી આ જવાબદારી સોંપવામાં આવી છે. રાજ્યસભા સચિવાલયનું બુલેટિન રાજ્યસભાના મહાસચિવ પી.સી.મોદી દ્વારા જાહેર કરાયેલા સંસદીય બુલેટિન અનુસાર, ખડગેને 26 જૂન-2026થી રાજ્યસભામાં વિપક્ષના નેતા તરીકે ફરી માનયતા આપવામાં આવી છે. ભારતના ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભાપતિ સીપી રાધાકૃષ્ણને મલ્લિકાર્જુન ખડગેને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા. શપથ ગ્રહણ સાથે જ તેમણે ઉચ્ચ સદનમાં વિપક્ષના નેતા તરીકેની પોતાની જવાબદારીઓ ઔપચારિક રીતે સંભાળી લીધી છે. સંસદના આગામી ચોમાસુ સત્ર પહેલા આ ઘટનાક્રમ ઘણો મહત્વનો માનવામાં આવે છે.

### યાત્રા 3 જુલાઈથી શરૂ, સુરક્ષા દળોએ સુરક્ષાનો ટ્રાયલ કર્યો

## અમરનાથ યાત્રા પહેલાં બાબા બર્ફાનીની પહેલી પૂજા થઈ

શ્રીનગર

અમરનાથ યાત્રા શરૂ થાય તે પહેલાં સોમવારે બાબા બર્ફાનીની પ્રથમ પૂજા થઈ. જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ અને શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડ (SASB)ના અધ્યક્ષ મનોજ સિન્હા પૂજામાં સામેલ થયા. આ વર્ષે 3 જુલાઈથી બાલટાલ અને પહેલગામ બંને માર્ગો પરથી અમરનાથ યાત્રા શરૂ થશે. યાત્રા 28 ઓગસ્ટે રક્ષાબંધનના દિવસે સમાપ્ત થશે. કુલ 57 દિવસની યાત્રા ચાલશે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, 15 એપ્રિલથી અત્યાર સુધીમાં 4 લાખથી વધુ શ્રદ્ધાળુઓ યાત્રા માટે નોંધણી કરાવી ચૂક્યા છે. શ્રદ્ધાળુઓનો પ્રથમ જથ્થો 2 જુલાઈએ જમ્મુના ભગવતી નગર બેઝ કેમ્પથી યાત્રા રૂટ માટે રવાના થશે. વહીવટીતંત્રે બાલતાલ અને ચંદનવાડીમાં બેઝ હોસ્પિટલો શરૂ કરી દીધી છે. આ ઉપરાંત યાત્રાના બંને માર્ગો પર પણ તબીબી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી



રહી છે. વહીવટીતંત્રે બંને માર્ગો પર માળખાકીય સુવિધાઓ, સુરક્ષા અને આરોગ્ય સેવાઓ સંબંધિત મોટાભાગની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. જોકે, ચંદનવાડીથી પવિત્ર ગુફા સુધીના માર્ગ પર મહાગણેશ ટોપ નજીક બરફ હટાવવાનું કામ અંતિમ તબક્કામાં છે. અધિકારીઓનું કહેવું છે કે તેને આગામી બે થી ત્રણ દિવસમાં પૂર્ણ કરી લેવામાં આવશે.

# કરજણમાં ખાખી શરમાઈ: 'કુખ્યાત' વહીવટદાર હનુભા અને પી.આઈ. પટેલની જુગલબંદીમાં નશાનું સામ્રાજ્ય

## શું ગૃહમંત્રીના આદેશો કરજણના ઉંબરે આવીને દમ તોડી દે છે....?

વડોદરા / કરજણ

ગુજરાતમાં ભલે દારૂબંધીના કાગળ પર મસમોટા ઢંઢેરા પીટાતા હોય, પરંતુ વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં વાસ્તવિકતા અત્યંત ભયાનક અને કંપાવી દેનારી છે. કરજણ તાલુકાના ગામડે-ગામડે આજે ઈંગ્લિશ દારૂ, દેશી દારૂ, વરલી મટકાનો જુગાર અને ચરસ-ગાંજા જેવા જીવલેણ નશાના અડ્ડાઓ કોઈ પણ કાયદાના ડર વગર બેખોફ થઈને ધમધમી રહ્યા છે. કરજણનું યુવાધન આ નશાની ગર્તામાં બરબાદ થઈ રહ્યું છે, અને આ આખા કાળા કારોબારની પાછળ બેઠો છે ખાખીનો એક એવો મોટો વહીવટદાર, જેના આશીર્વાદ વિના કરજણમાં પાંદડું પણ નથી હલતું!

### ગામડે-ગામડે મોતનો સામાન અને બહારથી આવતા જુગારીઓ!

સૂત્રો પાસેથી મળેલી પાક્કી અને ચોંકાવનારી વિગતો મુજબ કરજણના ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડી રહ્યા છે:

કુરાલી ગામ: અહીંની નવી નગરીમાં આવેલી પાણીની ટાંકી પાસે ખુલ્લેઆમ વરલી મટકાનો જુગાર રમાડવામાં આવી રહ્યો છે.

સાપા ગામ: નવી વસાહતમાં વરલી મટકાનો મોટો જુગાર ચાલે છે. ચોંકાવનારી વાત એ છે કે આ જુગારના ઓપરેટરો વડોદરા શહેરથી સ્પેશિયલ કરજણમાં ધંધો કરવા આવે છે!

**કુરાલી, સાપા, કંડારી અને કરમડીમાં ગુંજતી જુગારની ક્લબો અને ધમધમતી દારૂની ભઠ્ઠીઓ: ભ્રષ્ટ તંત્ર વધુ એક 'લઠ્ઠાકાંડ'ની પ્રતીક્ષામાં? ક્યારે ફરશે એસએમસી (SMC) નું બુલડોઝર?**

કંડારી ગામ: આખા ગામમાં ઠેર-ઠેર દેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે, જાણે પોલીસનો કોઈ ખોફ જ ન હોય.

કરમડી ગામ: આ ગામમાં તો દેશી દારૂ બનાવવાની ભઠ્ઠીઓ ચોવીસ કલાક ઝેર ઓકી રહી છે. અહીં કેમિકલયુક્ત ઝેરી દારૂ બનાવવામાં આવી રહ્યો છે. જો આવતીકાલે કરજણની ધરતી પર કોઈ મોટો 'લઠ્ઠાકાંડ' સર્જાય અને નિર્દોષોના મોત થાય, તો તેની જવાબદારી કોણ લેશે? શું ભ્રષ્ટ તંત્ર કોઈ મોટી લાશની હોનારતની રાહ જોઈ રહ્યું છે?

### કોણ છે આ 'હનુભા'? પી.આઈ. પટેલનો કમાઉ દીકરો કે કરજણનો અઘોષિત રાજા?

આ આખા ગેરકાયદેસર નેટવર્કને ચલાવનારો મુખ્ય સૂત્રધાર કરજણ પોલીસ સ્ટેશનના ડી-સ્ટાફમાં ફરજ બજાવતો કલંકિત પોલીસ કોન્સ્ટેબલ હનુભા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. હનુભા એટલે એ જ વહીવટદાર જે અગાઉ ઈંગ્લિશ દારૂના બુટલેગરો સાથે સીધી સાંઠગાંઠમાં રંગેહાથ ઝડપાઈ ચૂક્યો છે, જેની જિલ્લા બહાર બદલી કરીને સસ્પેન્ડ પણ કરાયો હતો.

પરંતુ સવાલ એ થાય છે કે આવા ભ્રષ્ટ કર્મચારી પર કયા રાજકીય ગોડફાધરના હાથ છે કે સસ્પેન્ડ થયા પછી પણ તે નફ્ફટાઈથી ફરીથી કરજણ પોલીસ સ્ટેશનમાં જ ગોઠવાઈ ગયો? કરજણ પોલીસ સ્ટેશનના પી.આઈ. પટેલ માટે આ હનુભા 'કમાઉ દીકરો' સાબિત થઈ રહ્યો છે. પી.આઈ. પટેલને માત્ર પૈસા કમાવવામાં જ રસ હોય તેમ આખું તંત્ર ખરીદી લેવાયું છે અને મહિને લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે.

### એલસીબી (LCB) સુધી હપ્તો! ગૃહમંત્રી અને ઉપમુખ્યમંત્રીને ખુલ્લી ચેલેન્જ?

કરજણમાં માત્ર દારૂ-જુગાર જ નહીં, પણ ગાંજા અને ચરસનું વેચાણ પણ આખા જિલ્લામાં નેટવર્ક ફેલાવીને થઈ રહ્યું છે. નવાઈની વાત એ છે કે જિલ્લાની એલસીબી (LCB) પણ આ અડ્ડાઓ તરફ આંખ આડા કાન કરીને બેઠી છે, કારણ કે સૂત્રોનું માનીએ તો આ વહીવટદાર હનુભા જીલ્લાની એલસીબી સુધી પણ દર મહિને લાખો રૂપિયાના હપ્તા પહોંચાડે છે! આ વહીવટદાર હનુભાની દાદાગીરી એટલી હદે વધી ગઈ છે કે તે જાણે રાજ્યના ઉચ્ચ નેતાઓ અને ઉપમુખ્યમંત્રીના આદેશોને પણ ખિસ્સામાં લઈને ફરતો હોય તેમ સરકારને ખુલ્લી ચેલેન્જ ફેંકી રહ્યો છે અને ભાજપ સરકારની છબી ખરાબ કરી રહ્યો છે.


### 'પાક્કો ગુજરાત'ના સીધા અને તીખા સવાલો:

**1. શું વડોદરા જિલ્લા પોલીસ અધિક્ષક (SP) આ ભ્રષ્ટ વહીવટદાર હનુભા અને પી.આઈ. પટેલ સામે કડક પગલાં ભરીને તેમને જેલના સળિયા પાછળ ધકેલશે?**

**2. ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમ કરજણના કુરાલી, સાપા, કંડારી અને કરમડી ગામમાં ક્યારે ત્રાટકશે અને બુલડોઝર ફેરવશે?**

**3. રાજકીય આકાઓના જોરે કૂદતા બુટલેગરો અને હપ્તાખોર ખાખીના ભ્રષ્ટ ચહેરાઓ સામે મુખ્યમંત્રી અને ગૃહમંત્રી ક્યારે લાલ આંખ કરશે?**

**કરજણની જનતા હવે આ નરકાગારથી ત્રાહિમામ પોકારી ગઈ છે. જો આ અડ્ડાઓ અને ભ્રષ્ટાચાર સત્વરે બંધ ન થયા, તો 'પાક્કો ગુજરાત ન્યૂઝ' ખાખી અને બુટલેગરોના ગઠબંધનના આનાથી પણ વધુ ચોંકાવનારા પુરાવાઓ જનતા સામે લાવીને મોટો વિસ્ફોટ કરશે!**





ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## પાવી જેતપુરમાં ખાણ-ખનિજ વિભાગની નફફટાઈ

# સિહોદ બ્રિજ નીચે ભૂમાફિયાઓનો રાક્ષસી આતંક, મુખ્યમંત્રી સુધી રજૂઆત છતાં તંત્ર કેમ ઓઢીને સૂતું છે?







**રોજના 200 ઓવરલોડ ટ્રેક્ટરોથી કરોડોનું રેતી કૌભાંડ : કલેક્ટર, SP કે SDMની કોઈ જવાબદારી જ નથી? કે પછી ગાંધીનગર સુધી ચાલે છે હપ્તા રાજનો કાળો ખેલ?**

છોટાઉદેપુર/પાવી જેતપુર

છોટાઉદેપુર જિલ્લાના પાવી જેતપુર તાલુકામાંથી કુદરતી સંપત્તિની સરેઆમ લૂંટનો એક એવો ચોંકાવનારો અને કંપાવી દેનારો કિસ્સો સામે આવ્યો છે, જેણે સ્થાનિક વહીવટી તંત્ર, પોલીસ પ્રશાસન અને ખાણ-ખનિજ વિભાગના ભ્રષ્ટાચારની પોલ ખોલી નાખી છે. પાવી જેતપુરની જીવાદોરી સમાન સિહોદ બ્રિજ નીચે તેમજ આસપાસના નાલેજ, પાદરવાટ, ઓલી અંબા અને તેજગઢ જેવા વિસ્તારોમાં ગેરકાયદેસર રેતી ખનનનું નેટવર્ક ફરી એકવાર રાક્ષસી સ્તરે ધમધમતું થયું છે. નદીઓના સીના ચીરીને કરોડો રૂપિયાની સરકારી સંપત્તિ ભૂમાફિયાઓના ખિસ્સામાં જઈ રહી છે, પણ જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે.

સ્થાનિક નાગરિકો અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, આ કોઈ છૂપી ચોરી નથી પરંતુ ધોળા દિવસે અને ખુલ્લેઆમ ચાલતી લૂંટ છે. નદીના પટમાં મોટા-મોટા જેસીબી મશીનો ઉતારીને નિયમોની ઐસીતૈસી કરીને વધુ ઊંડાઈ સુધી રેતી ઉલેચવામાં આવી રહી છે. સ્થાનિકોના ગંભીર આક્ષેપો અનુસાર, દરરોજ અંદાજે ૧૫૦થી ૨૦૦ જેટલા ઓવરલોડ ટ્રેક્ટરો કોઈ પણ પ્રકારની રોયલ્ટી પાસ વિના અહીંથી પસાર થાય છે. આ ઓવરલોડ વાહનોના કારણે ગ્રામ્ય વિસ્તારના કરોડોના ખર્ચે બનેલા રસ્તાઓ બિસ્માર બન્યા છે અને અકસ્માતનો ભય સતત તોળાતો રહે છે.

સૌથી મોટો અને સણસણતો સવાલ એ છે કે આ બાબતે મુખ્યમંત્રી સુધી લેખિત રજૂઆતો કરવામાં આવી છે, છતાં પણ આજ દિન સુધી કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી! જ્યારે આખું ગામ જોઈ શકે છે કે ૨૦૦ ટ્રેક્ટરો રેતી ચોરીને જઈ રહ્યા છે, ત્યારે ખાણ-ખનિજ વિભાગની ફ્લાઈંગ સ્ક્વોડ કે સ્થાનિક પોલીસને આ વાહનો કેમ દેખાતા નથી? શું તેમની આંખો પર 'ગાંધીછાપ' ચશ્મા ચડી ગયા છે?

શું જિલ્લાના કલેક્ટર, એસડીએમ કે જિલ્લાના એસપી (SP) ની કોઈ નૈતિક જવાબદારી જ નથી બનતી કે આ માટી અને રેતી ખનન માફિયાઓ સામે કડક કાર્યવાહી કરે? કે પછી ઉપરથી લઈને નીચે સુધી બધે જ હપ્તા રાજ ચાલી રહ્યું છે અને ગાંધીનગર બેઠેલા ખાણ ખનીજ વિભાગના ઉચ્ચ અધિકારીઓને આ બધું દેખાતું હોવા છતાં આંધળા-બહેરા બનવાનો ઢોંગ કરી રહ્યા છે?

સિહોદ બ્રિજની બિલકુલ નીચે અને નજીકથી આડેધડ રેતી કાઢવાના કારણે બ્રિજના પાયા સાવ નબળા પડી રહ્યા છે. જો ચોમાસામાં પાણીના પ્રવાહ વચ્ચે કોઈ મોટી દુર્ઘટના ઘટશે અને બ્રિજ ધરાશાયી થશે, તો તેનો જવાબદાર કોણ? એસી ચેમ્બરમાં બેસતા કલેક્ટર-એસપી કે પછી આ ખનન માફિયાઓ? ભૂતકાળમાં લોકરોષ જોયા બાદ કામચલાઉ દરોડા પાડીને સંતોષ માની લેવાયો હતો, પણ થોડા જ દિવસોમાં આ કાળો કારોબાર ફરી સ્પીડમાં શરૂ થઈ ગયો. આ ભૂમાફિયાઓ પાછળ કયા રાજકીય આકાઓ કે વગદાર નેતાઓનો હાથ છે, તેનો પર્દાફાશ થવો હવે અનિવાર્ય છે.

વારંવારની રજૂઆતો છતાં જ્યારે કોઈ પગલાં ન લેવાયા, ત્યારે હવે પાવી જેતપુર અને આસપાસના ગામોના લોકોમાં ભારે રોષ અને અસંતોષ ફાટી નીકળ્યો છે. સ્થાનિકોએ ચીમકી આપી છે કે જો તંત્ર ટૂંક સમયમાં આ ગેરકાયદેસર ખનન માફિયાઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરીને વાહનો સીઝ નહીં કરે, તો જનતા પોતે રસ્તા પર ઉતરીને ઉગ્ર આંદોલન કરશે અને આ નેટવર્કને રોકશે.

હવે જોવાનું એ રહેશે કે મુખ્યમંત્રી સુધી વાત પહોંચ્યા પછી પણ ગાંધીનગર અને છોટાઉદેપુરનું તંત્ર આ રેતી ચોરીના મસમોટા નેટવર્કને તોડવા માટે ક્યારે 'બુલડોઝર એક્શન' લે છે, કે પછી હપ્તાખોરી આગળ કાયદો ઘૂંટણ ટેકી દેશે!

## દિશા બેઠકમાં સાંસદ ધવલ પટેલે વિકાસ કાર્યોની કરી સમીક્ષા : ચોમાસું, વીજળી, પાણી, આયુષ્યમાન કાર્ડ પર ભાર મૂક્યો

વલસાડ

લોકસભા દંડક અને વલસાડ-ડાંગ વિસ્તારના સાંસદ ધવલભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તાજેતરમાં જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ સમિતિ (દિશા) ની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન જિલ્લાના વિવિધ વહીવટી વિભાગો દ્વારા હાથ ધરવામાં આવેલી વિકાસલક્ષી યોજનાઓ અને ચાલુ કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. સાંસદે ઉપસ્થિત તમામ સંબંધિત અધિકારીઓને પ્રજાલક્ષી કાર્યો સમયબદ્ધ અને પરિણામલક્ષી રીતે પૂર્ણ કરવા માટે જરૂરી દિશા-નિર્દેશો અને સૂચનો આપ્યા હતા. આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને બેઠકમાં વહીવટી તંત્રની સજ્જતા અંગે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. સાંસદ ધવલ પટેલે DGVCL વિભાગને સ્પષ્ટ સૂચના આપી હતી કે ચોમાસા દરમિયાન ભારે વરસાદ કે વાવાઝોડાને કારણે વીજ પુરવઠો ખોરવાય, ત્યારે તાત્કાલિક ટેકનિકલ ફોલ્ટ દૂર કરી વીજળી પુનઃસ્થાપિત કરવામાં આવે. આ માટે હેલ્પલાઈન સેવાઓને વધુ અસરકારક રીતે કાર્યરત રાખવા, અંડરગ્રાઉન્ડ કેબલિંગની કામગીરી ઝડપી બનાવવા તેમજ નવા વીજ જોડાણોની પ્રક્રિયાને વધુ સરળ અને પ્રજાભિમુખ બનાવવા જણાવાયું હતું. આ ઉપરાંત, નગરપાલિકાઓને પણ ચોમાસા પૂર્વેની તૈયારીઓ જેવી કે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા નિવારવી, ગટર લાઈનોની સફાઈ અને સામાન્ય સ્વચ્છતા સંબંધિત પ્રશ્નોનો નિકાલ લાવવા માટે આગોતરી કામગીરી પૂર્ણ કરવા આદેશ આપવામાં આવ્યા હતા.

## ઉનામાં 7 મહિનાથી ગુમ આધેડના અવશેષો મળ્યાં : પરિવારજનો આખું સૌરાષ્ટ્ર ખૂંદી વળ્યાં, ને પોતાની જ વાડી પાસેના 15 ફૂટ ઊંડા કૂવામાંથી હાડપિંજર મળ્યું

ઉના

ઉના તાલુકાના કાજરડી ગામમાં એક ચોંકાવનારી અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. છેલ્લા સાત મહિનાથી ગુમ થયેલા એક 55 વર્ષીય આધેડનો મૃતદેહ તેમની જ વાડી નજીક આવેલા એક અવાવરૂ કૂવામાંથી કંકાલ હાલતમાં મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પરિવારજનો જેમને શોધવા માટે આખું સૌરાષ્ટ્ર ખૂંદી વળ્યા હતા, તેમનો જ મૃતદેહ ઘરની આટલી નજીકથી મળતા અનેક સવાલો પણ ઊભા થયા છે. આ અંગે મળતી માહિતી મુજબ મૃતક 55 વર્ષીય જીણાભાઈ કાળાભાઈ સોલંકી ગત 11/12/2025ના રોજ અચાનક ગુમ થયા હતા. પરિવારજનોએ તેમને શોધવામાં કોઈ કસર બાકી રાખી ન હતી. ઉના, દીવ, બગદાણા અને જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના વિવિધ ગામો અને ધાર્મિક સ્થળોએ પરિવાર ભટકતો રહ્યો હતો. લાંબી શોધખોળ બાદ પણ કોઈ પત્તો ન મળતા આખરે 7/2/2026ના રોજ ગુમસુધા અંગેની અરજી ઉના પોલીસને આપવામાં આવી હતી. આ દરમિયાન આજે ગામના કોઈ વ્યક્તિને દુર્ગંધ આવતા તેણે અન્ય ગામલોકોની મદદથી અવાવરૂ કૂવાની તપાસ કરતા તેમાંથી હાડપિંજર મળી આવ્યું હતું. સાત મહિનાના લાંબા સમયથી ગુમ થયેલા જીણાભાઈની પોતાની વાડીની નજીક જ આવેલા તેમના મોટાબાપાની વાડીના એક 15 ફૂટ ઊંડા અવાવરૂ અને પાણી વગરના કૂવામાંથી હાડપિંજર મળી આવતા ચકચાર મચી ગઈ હતી. લાંબો સમય વીતી ગયો હોવાથી મૃતદેહ સંપૂર્ણપણે કોહવાઈ ગયો હતો અને માત્ર હાડપિંજર જ બચ્યું હતું. ગામના આગેવાનો અને સગા-સંબંધીઓએ આ કંકાલને કોથળામાં ભરીને કૂવાની બહાર કાઢ્યું હતું.

## જામનગરમાં ફાયર NOC વિના ચાલતા ત્રણ ટ્યુશન ક્લાસ સીલ : મહાનગરપાલિકાની કાર્યવાહી, વિદ્યાર્થીઓને ક્લાસિસમાંથી સુરક્ષિત બહાર કઢાયા

જામનગર

જામનગર મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડ શાખાએ ફાયર સલામતીના નિયમોનું પાલન ન કરતા વધુ ત્રણ ટ્યુશન ક્લાસ સીલ કર્યા છે. ત્રણ દિવસના વિરામ બાદ ફરી શરૂ કરાયેલી ઝુંબેશ અંતર્ગત આ કાર્યવાહી કરવામાં આવી હતી. ફાયર એનઓસી અને સલામતી વ્યવસ્થા વિના ચાલતા આ ક્લાસમાંથી વિદ્યાર્થીઓને સુરક્ષિત બહાર કાઢી સીલ મારવામાં આવ્યા હતા. ફાયર બ્રિગેડની ટીમે સૌપ્રથમ જૂના દીપક સિનેમા પાસે આવેલા દીપક શોપિંગ સેન્ટરના ત્રીજા માળે તપાસ હાથ ધરી હતી. અહીં ઓમ ટ્યુશન ક્લાસ અને મોરલ ટ્યુશન ક્લાસમાં ફાયર સલામતી પ્રણાલી કે જરૂરી ફાયર એનઓસી ઉપલબ્ધ નહોતા. ક્લાસ ચાલુ હોવાથી વિદ્યાર્થીઓને સુરક્ષિત રીતે બહાર કાઢી ક્લાસ ખાલી કરાવવામાં આવ્યા હતા.

ત્યારબાદ મહાનગરપાલિકાએ બંને ક્લાસને સીલ કરી સંચાલકોને નોટિસ ફટકારી હતી. ત્યારબાદ ફાયર વિભાગની ટીમે રણજિતનગર વિસ્તારમાં પટેલ સમાજ પાસે આવેલી કે.ડી. એકેડમી નામના ટ્યુશન ક્લાસમાં તપાસ કરી હતી. બીજા માળે ચાલતા આ ક્લાસમાં પણ ફાયર સલામતીની કોઈ વ્યવસ્થા કે ફાયર એનઓસી નહોતા. અહીં પણ વિદ્યાર્થીઓને નીચે ઉતારી ક્લાસ ખાલી કરાવી મહાનગરપાલિકાએ સીલ માર્યું હતું અને સંચાલકને નોટિસ પાઠવી હતી. આ ઉપરાંત, રણજિતનગર વિસ્તારમાં જ આવેલા અન્ય એક ટ્યુશન ક્લાસમાં તપાસ દરમિયાન ફાયર એનઓસી મેળવેલી હતી.

## ચોટીલામાં 4 ગેરકાયદેસર ઈંટવાડા સીલ : રૂ.95 લાખની ઈંટો, રોયલ્ટી વગરની માટી જપ્ત, કડક કાર્યવાહી

સુરેન્દ્રનગર

ચોટીલા તાલુકામાં ગેરકાયદેસર રીતે ચાલતા ચાર ઈંટવાડાઓ સામે નાયબ કલેક્ટર એચ.ટી. મકવાણા અને થાનગઢ મામલતદાર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ કાર્યવાહી અંતર્ગત કુલ ચાર ઈંટવાડા સીલ કરવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન આશરે રૂ. 95 લાખની કિંમતની ઈંટો અને રોયલ્ટી વગરની માટી જપ્ત કરવામાં આવી હતી. તપાસમાં નવાગામ, સર્વે નં. 567 ખાતે જેન્તિ દ્વારા સંચાલિત ઈંટવાડામાંથી આશરે 1.50 લાખ ઈંટો મળી આવી હતી. તેવી જ રીતે, નવાગામ, સર્વે નં. 566 ખાતે વાલા હામા બલ્યા દ્વારા સંચાલિત ઈંટવાડામાંથી આશરે 1 લાખ ઈંટો મળી હતી. આ બંને ઈંટવાડા સરકારી જમીન પર કોઈપણ કાયદેસરની મંજૂરી વિના ચલાવવામાં આવી રહ્યા હતા. આ ઉપરાંત, થાનગઢ, સર્વે નં. 81/5 પૈકી રાકેશ કરશન પઢેરીયા અને વિક્રમ કરશન પઢેરીયાની માલિકીની જમીનમાં આશરે 15 લાખ ઈંટોનો જથ્થો મળ્યો હતો. સર્વે નં. 81/1 ખાતે સજ્જનબા હિમ્મતસિંહની જમીનમાંથી આશરે 2 લાખ ઈંટોનો જથ્થો મળી આવ્યો હતો. આ બંને ઈંટવાડાઓ નાયબ કલેક્ટર, ચોટીલા કચેરીની હંગામી બિનખેતીની મંજૂરી વિના ચલાવવામાં આવી રહ્યા હતા. તપાસમાં એ પણ સામે આવ્યું કે ચારેય ઈંટવાડાઓ માટે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ની ફરજિયાત પર્યાવરણીય મંજૂરી લેવામાં આવી નહોતી. ઈંટો બનાવવા માટે ઉપયોગમાં લેવાયેલી આશરે 2,000 ટન માટી પણ કોઈપણ પ્રકારની રોયલ્ટી ભર્યા વિના લાવવામાં આવી હતી.

### "15 વર્ષનું સૌથી નબળું ચોમાસું, છતાં ભાજપ સરકાર નિષ્ક્રિય!"

## અમિત ચાવડાની સરકાર સામે સિંહગર્જના : ગુજરાત પર કોરા દુકાળનો ખતરો, ખેડૂતો-પશુપાલકોની કમ્મર તૂટી

ગાંધીનગર



ગુજરાતમાં પંદર વર્ષના લાંબા ગાળા બાદ સૌથી નબળા ચોમાસાની શરૂઆત થતાં જ સમગ્ર રાજ્યમાં કૃષિ સંકટના કાળા વાદળો ઘેરાયા છે. આ આકાશી આફત વચ્ચે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ રાજીવ ગાંધી ભવન ખાતે એક પત્રકાર પરિષદ યોજીને ભાજપ સરકારની ઉદાસીનતા સામે આકરા પ્રહારો કર્યા છે. તેમણે સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે એક તરફ કુદરત રૂઠી છે અને બીજી તરફ ભાજપ સરકારની વહીવટી અન્યાયની નીતિએ જગતના તાતને 'પડતા પર પાટું' જેવી સ્થિતિમાં મૂકી દીધો છે. જેતપરથી લઈને કચ્છ સુધી ખેડૂતો રસ્તા પર છે, છતાં સરકાર કુંભકર્ણની નિદ્રામાં પોઢી રહી છે. કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ સરકારી આંકડાઓની પોલ ખોલતા જણાવ્યું કે, ગત વર્ષ જૂન ૨૦૨૫ની સરખામણીએ ચાલુ વર્ષે જૂન ૨૦૨૬માં વાવેતરમાં ૪૦ ટકા જેટલો મસમોટો ઘટાડો નોંધાયો છે. ગયા વર્ષે આ સમયગાળામાં જ્યાં ૧૧.૫૫ ઈંચ વરસાદ ઝીંકાયો હતો, તેની સામે ચાલુ વર્ષે માત્ર ૧ ઈંચ જેટલો જ સામાન્ય વરસાદ થતાં ૮૦ થી ૮૫ ટકા જેટલી ચિંતાજનક ઘટ ઊભી થઈ છે. વરસાદના અભાવે અને નહેરોમાં પાણી ન મળવાના કારણે ખેડૂતોએ રાત-દિવસ એક કરીને તૈયાર કરેલા ઊભા ધરુવાળિયા પાણી વિના બળી રહ્યા છે. ખેડૂતો લાચાર બનીને આકાશ તરફ મીટ માંડીને બેઠા છે, ત્યારે સરકાર નહેરોમાં પાણી છોડવામાં સાવ નિષ્ફળ સાબિત થઈ છે. સ્થિતિની ગંભીરતા દર્શાવતા અમિત ચાવડાએ કહ્યું કે, સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના મોટાભાગના ડેમોમાં પાણીનો જથ્થો ઘટીને આશરે માત્ર ૨૦ ટકા જેટલો જ બચ્યો છે. ઘાસચારાની તીવ્ર અછત સર્જાઈ છે, પશુઓ ભૂખે મરી રહ્યા છે. પીવાના પાણી અને ઘાસચારાના અભાવે સૌરાષ્ટ્ર અને કચ્છના પશુપાલકો તથા ગ્રામજનોને પોતાના વતનમાંથી હિજરત (સ્થળાંતર) કરવાની ફરજ પડી રહી છે. આટલી ભયાનક સ્થિતિ હોવા છતાં ભાજપ સરકાર તરફથી કોઈ આગોતરા પગલાં કે રાહત કામગીરી દેખાતી નથી.

### સુસાઇડ નોટમાં વ્યક્ત કરી વ્યથા

## જેતપુરના રણુજા ધામના મહંત કરસનદાસ બાપુએ બીમારીથી કંટાળીને કર્યો આપઘાત

જેતપુર

જેતપુરના બોરડી સમઢીયાળા અને ખારચીયા ગામની વચ્ચે આવેલા પવિત્ર રણુજા ધામ મંદિરના મહંત કરસનદાસ બાપુના આપઘાતના સમાચારથી સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. છેલ્લા ઘણા સમયથી મંદિરની સેવામાં સમર્પિત રહેલા મહંતે કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે અંગેની વિગતો તેમની પાસેથી મળેલી 'સુસાઈડ નોટ' પરથી બહાર આવી છે, જેમાં બીમારીથી કંટાળીને આપઘાત કર્યો હોવાનું જણાવ્યું છે. આ અંગેની જાણવા મળતી વિગતો મુજબ જેતપુર તાલુકાના ના બોરડી સમઢીયાળા અને ખારચીયા ગામની વચ્ચે આવેલા પવિત્ર રણુજા ધામ મંદિરના મહંત કરસનદાસ બાપુના બાપુના નિધનથી ભક્તોમાં ભારે ગમગીની છવાઈ ગઈ છે. મહંત કરસનદાસ બાપુએ છોડેલી સુસાઈડ નોટ અત્યંત હૃદયદ્રાવક છે. આ નોટમાં તેમણે પોતાના જીવનના છેલ્લા ૪૭ વર્ષનો ચિતાર આપ્યો છે. તેમણે લખ્યું છે કે, તેઓ ૪૭ વર્ષ પહેલાં પોતાનો પરિવાર છોડી સંન્યાસી બની ગયા હતા. મૂળ ટાટા મીઠાપુરના વતની અને વરીયા કુંભાર જ્ઞાતિમાં જન્મેલા મહંતે છેલ્લા ૪૫ વર્ષ રણુજા ધામ મંદિરની સેવા-પૂજામાં વિતાવ્યા હતા. તેમણે ઉલ્લેખ કર્યો છે કે, છેલ્લા ૪૭ વર્ષથી તેમણે પોતાના પરિવારજનો સાથે કોઈ સંપર્ક રાખ્યો નહોતો અને પોતાનું સમગ્ર જીવન ઈશ્વર ભક્તિ અને સેવામાં અર્પણ કરી દીધું હતું.

### વાહ રે સિસ્ટમ, તારો અજબ ન્યાય!

## લાફાની કિંમત 7 વર્ષની જેલ, તો 9 નિર્દોષોની લાશની કિંમત માત્ર જામીન?

અમદાવાદ/રાજપીપળા

'કાયદો બધા માટે સરખો છે' - આ વાક્ય હવે માત્ર સરકારી કચેરીઓની દીવાલો પર લટકતી તકતીઓ પૂરતું જ સીમિત રહી ગયું હોય તેવું આજનું ગુજરાત જોઈને લાગી રહ્યું છે. ગુજરાતની જનતા આજે આશ્ચર્ય અને આક્રોશ સાથે એક સવાલ પૂછી રહી છે કે, આ દેશમાં ન્યાયની વ્યાખ્યા વ્યક્તિના પદ અને પૈસા જોઈને નક્કી થાય છે કે શું? સોશિયલ મીડિયાથી લઈને ચાની કિટલીઓ સુધી આજે એક જ ચર્ચા છે: 'જબરું કહેવાય હો ભાઈ... ૯ લોકોને કચડી નાખનાર જામીન પર ફરે છે અને બે લાફા મારવાના કેસમાં સીધી ૭ વર્ષની સજા થઈ જાય છે!'

અમદાવાદના ઈસ્કોન બ્રિજ પર મધરાતે ૧૪૧ કિલોમીટરની સ્પીડે કાળ બનીને ત્રાટકેલો તથ્ય પટેલ આજે જેલની બહાર આવીને ખુલ્લી હવામાં શ્વાસ લઈ રહ્યો છે. જે અકસ્માતમાં ૯-૯ નિર્દોષ યુવાનોના કાળજા ચિરાઈ ગયા, ૯ પરિવારોના કુળના દીપક કાયમ માટે બુઝાઈ ગયા, એ કેસના મુખ્ય આરોપીને જામીન મળી જાય છે. કારણ? કદાચ એની પાછળ કરોડો રૂપિયાની કમાણી કરનારા બાપનો હાથ છે અને મોંઘા ન્યાયવાદીઓની ફોજ છે. ૯ પરિવારોના આંસુનો હિસાબ હજી બાકી છે, ત્યાં જ ગુનેગાર બહાર આવી જાય છે.

બીજી તરફ, આદિવાસીઓનો અવાજ ઉઠાવતા નેતા ચૈતર વસાવા સામે વન વિભાગના કર્મચારીઓને ધમકાવવા, બે લાફા મારવા અને હવામાં ફાયરિંગ કરવાનો આરોપ હતો. કોર્ટે આ કેસમાં કડક વલણ અપનાવીને ચૈતર વસાવાને સીધી ૭ વર્ષની સખત કેદની સજા ફટકારી દીધી.

જનતાના મનમાં ઉઠતા સળગતા સવાલો: શું આ રાજ્યમાં માણસના જીવની કિંમત બે લાફા કરતાં પણ ઓછી છે?

જો સરકારી કર્મચારી પર હાથ ઉપાડવો એ ૭ વર્ષની જેલ જેવો ગંભીર ગુનો છે, તો ૯ નિર્દોષ નાગરિકોને ગાડી નીચે કચડી મારવા એ નાનો ગુનો કેવી રીતે થઈ ગયો?

## કાલાવડ નજીક 'હિટ એન્ડ રન'નો બનાવ : બાઇક સવાર બે વ્યક્તિ ઘાયલ, અજાણ્યા કારચાલક સામે ગુનો નોંધાયો

જામનગર

કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગઈકાલે તા.28/06/2026ના રોજ કાલાવડ-રાજકોટ હાઈવે પર જસાપર ગામ નજીક હિટ એન્ડ રન અકસ્માતનો બનાવ બન્યો હતો. પ્રાથમિક તપાસ મુજબ અજાણ્યા નંબરની ફોરવ્હીલ કારના ચાલકે પોતાની કાર પૂરઝડપે તેમજ બેફિકરાઈ અને ગફલતભરી રીતે હંકારી એક્ટિવા રજી. નં. જી.જે -03 કે.એલ 6813 ને પાછળથી ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. જે અકસ્માતમાં એક્ટિવા ચાલક દિનેશભાઈ ગોકળભાઈ અમેથીયા (ઉ.વ. 55)ને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે તેમની સાથે પાછળ બેઠેલા મોહનભાઈ ભવાનભાઈ ગોંડલિયા (ઉ.વ. 65)ને ખભા, માથા તથા જમણી આંખના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માત સર્જ્યા બાદ કારચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

### જાહેરમાં યુવક સાથે ઝપાઝપી કરી સણસણતા લાફા ઝીંક્યા

## કલોલમાં સત્તાના નશામાં ચૂર ભાજપ કોર્પોરેટરના પતિની દાદાગીરી : વીડિયો સો. મીડિયા પર વાયરલ

કલોલ

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાંથી ભાજપના શાસકો અને તેમના સગા-સંબંધીઓની બેફામ દાદાગીરીનો વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. કલોલ નગરપાલિકાના ભાજપના મહિલા કોર્પોરેટરના પતિ તુષાર નાયક દ્વારા જાહેરમાં એક યુવક સાથે મારામારી અને ઝપાઝપી કરવાનો હાઈવોલ્ટેજ ડ્રામા સામે આવ્યો છે. આ મારામારીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયુવેગે વાયરલ થતાં જ સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે અને ભાજપ શાસકોની છબી ખરડાઈ છે.


વાયરલ થઈ રહેલા વીડિયોની વિગતો મુજબ, કોઈ બાબતે ઉશ્કેરાયેલા ભાજપ કોર્પોરેટરના પતિ તુષાર નાયકે સરેઆમ રસ્તા પર એક યુવકને આંતર્યો હતો. કાયદો અને વ્યવસ્થાનો સહેજ પણ ડર રાખ્યા વિના, તેમણે ભરબજારમાં યુવક સાથે જોરદાર ઝપાઝપી શરૂ કરી દીધી હતી. વાત આટલેથી જ ન અટકી, નેતાજીના પતિદેવે આવેશમાં આવીને યુવકને જાહેરમાં સણસણતા લાફા ઝીંકી દીધા હતા. આ નજારો જોઈને આસપાસના લોકો પણ એકઠા થઈ ગયા હતા અને કોઈએ આ આખી ઘટના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધી હતી.

આ આખી ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં અને ચારેય તરફથી થૂ-થૂ થતાં જ આરોપી તુષાર નાયક કાયદાકીય ગાળિયાથી બચવા માટે મેદાને આવ્યા છે. તેમણે મીડિયા સમક્ષ આ લફડા અંગે ખુલાસો આપતા જણાવ્યું છે કે, આ કોઈ સામાન્ય મારામારી કે રોડ-રેજનો કેસ નથી, પરંતુ નાણાકીય હિસાબ-કિતાબ બાબતની આંતરિક માથાકૂટ હતી. આ સાથે જ તેમણે એવો પણ લૂલો બચાવ કર્યો છે કે આ વીડિયો અત્યારનો નથી પરંતુ ઘણો જૂનો છે.

'પાક્કો ગુજરાત' ના સણસણતા સવાલો: વીડિયો નવો હોય કે જૂનો, પણ સત્તાધારી પક્ષના કોર્પોરેટરના પતિને રસ્તા પર કાયદો હાથમાં લેવાનો અને કોઈ નાગરિક પર હાથ ઉપાડવાનો હક કોણે આપ્યો?

વડોદરામાં 'વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ'નો ભવ્ય પ્રારંભ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે હાઈટેક પ્રદર્શનનું ઉદ્ઘાટન : 150થી વધુ સ્ટોલ્સ આકર્ષણનું કેન્દ્ર બન્યા



વડોદરા

ગુજરાતને વૈશ્વિક કક્ષાએ ઉદ્યોગ અને રોકાણનું હબ બનાવવાની દિશામાં વધુ એક મક્કમ કદમ ભરતા વડોદરા ખાતે મધ્ય ગુજરાતની 'વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ (VGRC)' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પરિષદ અંતર્ગત મધ્ય ગુજરાતના ઔદ્યોગિક વિકાસ અને નવતર પ્રયોગોને પ્રદર્શિત કરતા એક અત્યાધુનિક પ્રદર્શનનું ઉદ્ઘાટન રાજ્યના લોકપ્રિય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્હસ્તે રીબન કાપીને કરવામાં આવ્યું છે.

આ હાઈપ્રોફાઈલ ઈવેન્ટમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની મજબૂત ભાગીદારી જોવા મળી હતી. ઉદ્ઘાટન પ્રસંગે કેન્દ્રીય વીજ મંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટર, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, ઊર્જામંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, આદિજાતિ રાજ્યમંત્રી શ્રી નરેશભાઈ પટેલ તેમજ રાજ્યના મુખ્ય સચિવ શ્રી મનોજકુમાર દાસ સહિતના ઉચ્ચ અધિકારીઓ અને મહાનુભાવો વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.

વડોદરા ખાતે આયોજિત આ અત્યાધુનિક પ્રદર્શનમાં મધ્ય ગુજરાતના નાના-મોટા ઉદ્યોગો, નવતર આઈડિયા સાથે મેદાને આવેલા આશાસ્પદ સ્ટાર્ટઅપ્સ અને વિવિધ સરકારી સાહસોની અભૂતપૂર્વ સિદ્ધિઓ તથા પ્રોડક્ટ્સને પ્રદર્શિત કરવામાં આવી છે. સમગ્ર પ્રદર્શનમાં ઊભા કરાયેલા ૧૫૦થી વધુ સ્ટોલ્સ મુલાકાતીઓ અને રોકાણકારો માટે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બન્યા છે.

પ્રદર્શનનું વિધિવત ઉદ્ઘાટન કર્યા બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને તેમની સાથે આવેલા કેન્દ્રીય તેમજ રાજ્યના મંત્રીઓએ વિવિધ સ્ટોલ્સની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમણે પ્રદર્શનમાં ભાગ લેનારા સ્થાનિક ઉદ્યોગસાહસિકો, યુવા સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સ અને સરકારી વિભાગના અધિકારીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો.

ભાજપે કહ્યું- પોતાની નબળાઈ છુપાવવાના પ્રયાસ

# સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી બાદ રાજકીય ઘમાસાણ, કોંગ્રેસનો ભાજપ પર સત્તાના દુરુપયોગનો આરોપ..

ગાંધીનગર

ગાંધીનગરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ બાદ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે આરોપ-પ્રત્યારોપનો દોર તેજ બન્યો છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા તુષાર ચૌધરીએ આરોપ લગાવ્યો કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે સત્તાનો દુરુપયોગ કરીને કોંગ્રેસના ઉમેદવારો પર ઉમેદવારી ફોર્મ પરત ખેંચવા માટે ધાક-ધમકીનો સહારો લીધો હતો. આ પરિસ્થિતિના કારણે કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યો અને કાર્યકરોમાં ભારે નારાજગી છે અને અનેક સભ્યો રાજીનામા આપી રહ્યા છે.

તુષાર ચૌધરીએ જણાવ્યું કે આ સમગ્ર મુદ્દે કોંગ્રેસ હાઈકમાન્ડ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. ગુજરાત કોંગ્રેસના પ્રભારી સમક્ષ પણ નારાજગી વ્યક્ત કરવામાં આવી છે અને પ્રભારી ટૂંક સમયમાં ગુજરાત આવીને નારાજ કાર્યકરો અને નેતાઓ સાથે બેઠક કરશે. તેમણે પક્ષમાં ઝડપથી નિર્ણય લેવાની જરૂરિયાત પર ભાર મૂકતાં કહ્યું કે પાર્ટી નિર્ણય લેવામાં વિલંબ કરી રહી હોવાની પણ રજૂઆત



કરવામાં આવી છે.

વ્યારા તાલુકા પંચાયતની ચૂંટણીનો ઉલ્લેખ કરતાં તુષાર ચૌધરીએ કહ્યું કે તે ઘટનાના તેઓ પોતે સાક્ષી છે. તેમના જણાવ્યા મુજબ કોંગ્રેસના ત્રણ ચૂંટાયેલા સભ્યોને પોલીસે કોઈ કારણ વિના પકડીને અઢી કલાક સુધી પોલીસ મથકે બેસાડી રાખ્યા હતા જેથી તેઓ મતદાન કરી ન શકે. તેમણે દાવો કર્યો કે તેઓ જાતે પોલીસ મથકે સભ્યોને છોડાવવા ગયા હતા, પરંતુ પોલીસે તેમને મુક્ત કર્યા નહોતા.

કોંગ્રેસના આક્ષેપો સામે ગુજરાત ભાજપાના પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો. અનિલ પટેલે કડક પ્રતિક્રિયા આપી હતી. તેમણે જણાવ્યું કે કોંગ્રેસ પોતાની આંતરિક નબળાઈ અને સતત વધી રહેલા અસંતોષને છુપાવવા માટે ભાજપ પર મનઘડત આક્ષેપો કરી રહી છે. કોંગ્રેસમાં ચાલી રહેલી આંતરિક ખેંચતાણના કારણે જ કાર્યકરો અને નેતાઓ પક્ષ છોડી રહ્યા છે.

ડો. અનિલ પટેલે વધુમાં કહ્યું કે કોંગ્રેસ પરિવારવાદની રાજનીતિ નહીં છોડે ત્યાં સુધી તેના નેતાઓ અને કાર્યકરો સતત પક્ષ છોડતા રહેશે.

સરકારી કાગળ પર સુજલામ સુફલામ, પણ વાસ્તવમાં તંત્ર રામભરોસે!

# મોરબીમાં શરમજનક 1.86% જ કામગીરી, મુદત વધારવા છતાં 46.64% કામો અધૂરા!

ગાંધીનગર

ચોમાસાના વરસાદી પાણીનો સંગ્રહ કરવા, ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવા અને ખેડૂતોને સિંચાઈનો વેગ આપવાના બણગાં ફૂંકતી રાજ્ય સરકારના 'સુજલામ સુફલામ જળ અભિયાન 2.0' ના ફસકાની વિગતો સામે આવી છે. ફેબ્રુઆરીથી મે-2026 દરમિયાન શરૂ કરાયેલા આ અભિયાનમાં તંત્રની આળસ જોઈને સરકારે મુદત લંબાવીને 15 જૂન કરી આપી હતી. પરંતુ, મુદત વધારાની ભેટ મળવા છતાં સરકારી બાબુઓ કુંભકર્ણની નિદ્રામાંથી જાગ્યા નથી. પરિણામે રાજ્યભરમાં હજારો કામો અધૂરાં લટકી રહ્યા છે અને હવે સરકારના પોતાના જ આંકડા આ આખા અભિયાનની પોલ ખોલીને સવાલોના કઠેડામાં ઊભા કરી રહ્યા છે.

રાજ્યના માસ્ટર પ્લાન મુજબ કુલ 19,064 કામો મંજૂર કરવામાં આવ્યા હતા. આ મસમોટા લિસ્ટમાંથી માંડ 13,315 કામો પૂર્ણ થઈ શક્યા છે, જ્યારે 5,749 કામો



આજે પણ અધૂરાં છે. એટલે કે, કુલ મંજૂર થયેલા કામોની સરખામણીએ લગભગ અડધોઅડધ (46.64 ટકા) કામગીરી પૂર્ણ થઈ શકી નથી! ચોમાસું માથે આવીને ઊભું રહી ગયું છે અને વરસાદ શરૂ થઈ ચૂક્યો છે, ત્યારે આ અધૂરા કામોના કારણે જળસંગ્રહ કેવી રીતે થશે અને સરકારી કરોડો રૂપિયા પાણીમાં જશે કે શું? તેવા આકરા સવાલો જનતા પૂછી રહી છે.

જિલ્લાવાર રિપોર્ટ કાર્ડ પર નજર કરીએ તો કેટલાક જિલ્લાના સત્તાધીશોની ઘોર બેદરકારી ઉઘાડી પડી ગઈ છે:

મોરબી જિલ્લો: આખા રાજ્યમાં સૌથી નબળી અને શરમજનક કામગીરી મોરબીમાં થઈ છે, જ્યાં તંત્રએ માત્ર 1.86 ટકા કામ પૂરું કરીને સંતોષ માની લીધો છે!

અરવલ્લી જિલ્લો: અહીં મંજૂર થયેલા 352 કામોમાંથી માંડ 9.66 ટકા કામગીરી જ થઈ શકી છે.

રાજકોટ જિલ્લો: રાજકોટમાં 541 કામો સામે માત્ર 139 કામ પૂર્ણ થયા છે, એટલે કે કામગીરીનો દર માત્ર 14.05 ટકા રહ્યો છે.

આ સિવાય મહીસાગર, કચ્છ, પાટણ અને અમરેલી જેવા જિલ્લાઓમાં પણ અધિકારીઓ જાણે રજા મૂડમાં હોય તેમ કામગીરી સાવ કાચબા ગતિએ ચાલી રહી છે.

બીજી તરફ, કેટલાક જિલ્લાઓએ આ આખા અભિયાનમાં શાનદાર કામ કરીને ભ્રષ્ટ અને આળસુ તંત્રને અરીસો બતાવ્યો છે.

નકલી દસ્તાવેજો બનાવી આખેઆખી જમીન વેચી મારી!

# ગાંધીનગરમાં જમીન કૌભાંડનો મહાવિસ્ફોટ : 40 કરોડના તોડ માટે અમદાવાદના બે નામચીન ભૂમાફિયાઓનું કારસ્તાન

ગાંધીનગર

ગાંધીનગરની કિંમતી જમીનો પર નજર બગાડીને બેઠેલા ભૂમાફિયાઓ અને કૌભાંડીઓએ કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાડી દીધા છે. ગાંધીનગરમાં અંદાજે ૪૦ કરોડ રૂપિયાના તોડ અને કરોડોની જમીન પચાવી પાડવા માટે અમદાવાદના બે માથાભારે ભૂમાફિયાઓએ એક એવું ખતરનાક ષડયંત્ર રચ્યું છે, જેને સાંભળીને ખુદ કલેક્ટર કચેરી અને પોલીસ પ્રશાસન પણ ચોંકી ગયું છે. સરકારી ચોપડે બોગસ અને નકલી દસ્તાવેજો ઊભા કરીને કરોડોની કિંમતી જમીન સરેઆમ વેચી મારવાનું આ મસમોટું જમીન કૌભાંડ આખરે સપાટી પર આવ્યું છે.

સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી વિગતો મુજબ, અમદાવાદના આ બંને શાતિર ભૂમાફિયાઓએ ગાંધીનગર પંથકની કરોડોની જમીનને નિશાન બનાવી હતી. મૂળ માલિકો અને તંત્રને અંધારામાં રાખીને, આ ભૂમાફિયાઓએ સરકારી સ્ટેમ્પ, ખોટા સહી-સિક્કા અને બોગસ પેપર્સના આધારે આખેઆખા નકલી દસ્તાવેજો તૈયાર કરી લીધા હતા. આ નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરીને તેમણે કરોડોની આ જમીન ત્રીજી જ પાર્ટીને પધરાવી દીધી અને અંદાજે ૪૦ કરોડ રૂપિયાનો મોટો તોડ કરી નાખ્યો.

આ આખા કૌભાંડમાં સૌથી મોટો અને હચમચાવી દેનારો ઘટસ્ફોટ એ થયો છે કે પકડાયેલા આરોપીઓ પૈકીનો એક મોટો માથું કોઈ સામાન્ય ગુનેગાર નથી. આ એ જ મહાઠગ છે જે ભૂતકાળમાં આખેઆખું 'જૂના પહાડિયા' ગામ નકલી કાગળોના આધારે વેચી મારવાના હાઈપ્રોફાઈલ કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર રહી ચૂક્યો છે! ગામનું ગામ વેચી મારનારો આ કૌભાંડી જેલમાંથી બહાર આવીને ફરીથી ગાંધીનગરમાં સક્રિય થયો અને મોટો કાંડ કરી નાખ્યો, જે તંત્રની ઈન્ટેલિજન્સ અને પોલીસ પેટ્રોલિંગ સામે મસમોટા સવાલો ઊભા કરે છે.

'પાક્કો ગુજરાત' ના સણસણતા સવાલો:

1. આટલું મોટું ૪૦ કરોડનું કૌભાંડ આચરાઈ ગયું અને રજિસ્ટ્રાર કચેરી કે મહેસૂલ વિભાગના અધિકારીઓને દસ્તાવેજો નકલી હોવાની ગંધ સુદ્ધાં કેમ ન આવી? શું અંદરના જ કોઈ ભ્રષ્ટ બાબુઓએ લાલચમાં આવીને ભૂમાફિયાઓને લીલી ઝંડી આપી હતી?

2. આખું ગામ વેચી મારવાની હિસ્ટ્રી ધરાવતો રીઢો ગુનેગાર જ્યારે ગાંધીનગરમાં આવીને આટલું મોટું નેટવર્ક ચલાવતો હતો, ત્યારે સ્થાનિક પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ શું ઊંઘતી હતી?

3. આવા રીઢા ભૂમાફિયાઓ પાછળ કયા રાજકીય આકાઓ કે વગદાર બિલ્ડરો બેઠા છે, જેમના જોરે આ લોકો ગાંધીનગર અને અમદાવાદમાં બેખોફ થઈને જમીનો હડપ કરી રહ્યા છે? ગાંધીનગરમાં જમીન માફિયાઓનો આ આતંક હવે હદ વટાવી ચૂક્યો છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આ કૌભાંડના મૂળ સુધી પહોંચીને, આ કાળા કારોબારમાં સામેલ તમામ સરકારી અધિકારીઓ અને વ્હાઈટ કોલર ગુનેગારોના ચહેરા જનતા સામે બેનકાબ કરશે!

# કલોલમાં ભાજપ કોર્પોરેટરના પતિની મારામારી: જાહેરમાં યુવક સાથે ઝપાઝપી કરી લાફા ઝીંક્યા

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાંથી સત્તાધારી પક્ષના નેતાના પતિ દ્વારા કાયદો-વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉભા કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. કલોલ નગરપાલિકાના વોર્ડ નંબર 8ના ભારતીય જનતા પાર્ટીના મહિલા કોર્પોરેટર રેખાબેન નાયકના પતિદેવ તુષાર નાયકની કથિત દાદાગીરી અને ગુંડાગીરીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં કોર્પોરેટરના પતિ એક વ્યક્તિ સાથે ઉગ્ર બોલાચાલી કરીને તેને માર મારતા દેખાય છે. આ ઘટનાને પગલે સ્થાનિક રાજકારણ ગરમાયું છે અને સામાન્ય જનતામાં શાસક પક્ષના હોદ્દેદારોના પરિચિતોની જોહુકમી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, આ સમગ્ર વિવાદની પાછળ જમીન કે વ્યાજે આપેલા રૂપિયાની લેવડ-દેવડ હોવાનું બહાર આવ્યું છે. પ્રાથમિક વિગતો મુજબ, ભોગ બનનાર વ્યક્તિએ આર્થિક સંકડાશના કારણે અથવા કોઈ વ્યવસાયિક સોદા માટે કોર્પોરેટરના પતિ પાસેથી નાણાં લીધા હતા. આ નાણાંની ઉઘરાણીને લઈ તુષાર નાયકે કાયદો હાથમાં લીધો હતો. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, સત્તાના નશામાં ચૂર કોર્પોરેટરના પતિ કઈ રીતે સામાન્ય નાગરિક પર પોતાનો રૌફ જમાવી રહ્યા છે અને તેની લાચારીનો ફાયદો ઉઠાવીને જાહેરમાં મારઝૂડ કરી રહ્યા છે. હાલમાં આ વીડિયો સમગ્ર પંથકમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે અને લોકો સોશિયલ મીડિયા પર કાયદાના કડક અમલની માગ કરી રહ્યા છે. બીજી તરફ આ વીડિયો અંગે તુષાર નાયકની પ્રતિક્રિયા જાણવા તેમનો ટેલિફોનીક સંપર્ક કરતા તેમણે કહ્યું કે, સામે વાળી વ્યક્તિ મારો મિત્ર જ છે. હિસાબ બાબતેની માથાકૂટ હતી. એ બધું પૂરું થઈ ગયું છે. આ વીડિયો વીસેક દિવસ જૂનો છે, જે હવે વાઈરલ થયો છે. તો આ મામલે કલોલ પીઆઈએ કહ્યું કે, હજી અમારી સુધી કોઈ ફરિયાદ આવી નથી. આ અંગે કલોલ શહેર પ્રમુખ જીતુ પટેલે કશુંક જાણતા નહીં હોવાનો દાવો કરી, એક કાર્યક્રમમાં વ્યસ્ત હોવાનું જણાવ્યું હતું.

શાપર વેરાવળમાં અઢી કરોડની ધાડ

# રાજકોટ ગ્રામ્ય પોલીસે 3 આરોપીને 76.86 લાખના મુદ્દામાલ સાથે ઝડપ્યા, વાહન ચોરીના 2 ગુના પણ ઉકેલાયા

રાજકોટ

રાજકોટ ગ્રામ્ય જિલ્લાના શાપર-વેરાવળ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અઢી કરોડની ધાડના ગુનાનો રાજકોટ ગ્રામ્ય પોલીસે ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી નાખ્યો છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચ, રાજકોટ ગ્રામ્ય પોલીસે આ ગુનામાં સંડોવાયેલા કુલ 8 આરોપીઓ પૈકી 3 આરોપીઓને કુલ રૂ. 76,86,270ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા છે. સાથે જ વાહન ચોરીના અન્ય બે ગુના પણ શોધી કાઢ્યા છે. ગત તા. 20/06/2026ના રોજ શાપર-વેરાવળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અઢી કરોડની ધાડનો




ગંભીર ગુનો બન્યો હતો. ગુનાની ગંભીરતા ધ્યાને લઈ નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલિપ્ત રાય તથા પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર એ બનાવ સ્થળની વિઝીટ કરી હતી. DYSP કે.જે. ઝાલા ગોંડલ ડીવીઝનના માર્ગદર્શન હેઠળ રાજકોટ ગ્રામ્ય જિલ્લા LCB, SOG અને સ્થાનિક પોલીસની અલગ અલગ ટીમો બનાવી ગુનો સત્વરે શોધી કાઢવા સૂચના આપવામાં આવી હતી. ગત તા. 19-20/06/2026ના રાત્રીના દોઢેક વાગ્યાના અરસામાં અજાણ્યા પાંચ બુકાનીધારી માણસોએ શાપર મેઈન રોડ ઉપર આવેલ ફરિયાદી જીતેન્દ્રસિંહ અજીતસિંહ જાડેજા ઉ.વ. 37 રહે. શાપર વાળાના બંગલાનો દરવાજો તોડી લોખંડના પાઈપો સાથે ઘરમાં પ્રવેશ કરી ફરિયાદીને માર મારી ઈજા કરી રૂમમાં રહેલ કબાટમાં રાખેલ રોકડ રૂ. 2,47,00,000 બે કરોડ સુડતાલીસ લાખ તથા સોનાના દાગીના આશરે સાતથી આઠ તોલા કિંમત રૂ. 2,00,000 બે લાખ તથા લાયસન્સવાળી બંદૂક નંગ-1 કિંમત રૂ. 10,000 દસ હજાર તથા મોબાઈલ ફોન નંગ-1 કિંમત રૂ. 1000 એક હજાર મળી કુલ રૂ. 2,49,11,000 બે કરોડ ઓગણપચાસ લાખ અગીયાર હજારની ધાડ પાડી હતી. આ અંગે શાપર-વેરાવળ પો.સ્ટે. ખાતે ગુનો નોંધાયો હતો. આરોપીઓએ ધાડ પાડ્યા બાદ ભાગવા માટે શાપર ગામમાંથી CD 110 ડ્રીમ, હોન્ડા સાઈન તથા હોન્ડા SP125 મોટરસાયકલની ચોરી કરેલ હતી.

# દહેગામ પોલીસે બે ચોરાઉ બાઈક સાથે આરોપી ઝડપ્યો : 70 હજારના મુદ્દામાલ સાથે એક કિશોર પણ પકડાયો

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ પોલીસે બે વાહનચોરીના અનડિટેક્ટ ગુનાનો ભેદ ઉકેલી એક આરોપી અને કાયદાના સંઘર્ષમાં આવેલા એક કિશોરને ઝડપી પાડ્યા છે. તેમની પાસેથી રૂ. 70,000ની કિંમતના બે ચોરાઉ મોટરસાયકલ જપ્ત કરવામાં આવ્યા છે. આ વાહનો ગાંધીનગર સેક્ટર-7 અને અમદાવાદના રામોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાઓમાં ચોરાયા હતા. ગાંધીનગર રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક વિરેન્દ્ર યાદવ, જિલ્લા પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટી અને દહેગામ વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક આયુષ જૈનના માર્ગદર્શન હેઠળ મિલકત સંબંધિત ગુનાઓને અટકાવવા માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાનના ભાગરૂપે, પોલીસ ઈન્સ્પેક્ટર એમ. એન. દેસાઈના નેતૃત્વ હેઠળ દહેગામ પોલીસની સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી. પેટ્રોલિંગ દરમિયાન, દહેગામ ટી-સ્ટીલ નજીક પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે ચિલોડાથી દહેગામ તરફ બે શખ્સો નંબર પ્લેટ વગરના ચોરાઉ મોટરસાયકલ લઈને આવી રહ્યા છે. આ



બાતમીના આધારે પોલીસે તાત્કાલિક વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન પોલીસે બંને શખ્સોને ઝડપી પાડ્યા હતા. પૂછપરછમાં તેમની ઓળખ મેદરા ગામના ઠાકોરવાસમાં રહેતા 26 વર્ષીય મુકેશ પ્રવીણભાઈ ઠાકોર અને કાયદાના સંઘર્ષમાં આવેલા એક કિશોર તરીકે થઈ હતી. તપાસ દરમિયાન, મુકેશ પાસેથી હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ અને કિશોર પાસેથી ટીવીએસ અપાચે RTR-160 4V મોટરસાયકલ મળી આવ્યા હતા. આ બંને વાહનો અનુક્રમે ગાંધીનગર સેક્ટર-7 અને અમદાવાદના રામોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વાહનચોરીના ગુનાઓના હોવાનું બહાર આવ્યું હતું.

# વિલાયત GIDCમાં ફરી સુરક્ષાનો સવાલ, આરતી કંપનીમાં ઈલેક્ટ્રિક પેનલમાં શોર્ટ સર્કિટ બાદ ભભૂકી આગ

દરમિયાન અચાનક પાટિયું તૂટી જતાં ઇલેક્ટ્રિકલ કેબલ ખેંચાઇ ગઇ અને પેનલમાં જોરદાર શોર્ટ સર્કિટ સર્જાયો હતો, શોર્ટ સર્કિટ બાદ પળવારમાં આગ ભભૂકી ઉઠતા ઉપર રહેલા કેમિકલ પાવડરમાં પણ આગ ફેલાઇ ગઇ હતી

વાગરા, સૈફ અલી ભટ્ટી

વાગરા તાલુકાની વિલાયત GIDC સ્થિત આરતી કેમિકલ ઈન્ડસ્ટ્રીઝમાં રવિવારે સાંજે બનેલી ગંભીર દુર્ઘટનાએ ફરી એકવાર ઔદ્યોગિક સુરક્ષા વ્યવસ્થાઓ પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. કંપનીમાં ઈલેક્ટ્રિકલ મેન્ટેનન્સ દરમિયાન અચાનક શોર્ટ સર્કિટ થતાં આગ ભભૂકી ઉઠી હતી, જેમાં બે કામદારો ગંભીર રીતે દાઝી જતાં તેમને તાત્કાલિક ભરૂચની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, મૂળ ઝારખંડનો 24 વર્ષીય ગોવિંદયાસી




શિવલાલયાસી જે આરતી કેમિકલ ઈન્ડસ્ટ્રીઝમાં નોકરી કરે છે, તે પોતાના સાથી કેલોડ ગામના દેવેન્દ્રસિંહ હરેન્દ્રસિંહ રાજ સાથે કંપનીના સેકશન નંબર-૩માં આવેલા ઈલેક્ટ્રિકલ પેનલમાં કેબલ નાખવાની કામગીરી કરી રહ્યા હતા. તે દરમિયાન દેવેન્દ્રસિંહ પેનલ ઉપર રાખવામાં આવેલા લાકડાના પાટિયા પર ચડીને કામ કરી રહ્યા હતા. કામ દરમિયાન અચાનક પાટિયું તૂટી જતાં ઈલેક્ટ્રિકલ કેબલ ખેંચાઈ ગઈ અને પેનલમાં જોરદાર શોર્ટ સર્કિટ સર્જાયો હતો. શોર્ટ સર્કિટ બાદ પળવારમાં આગ ભભૂકી ઉઠતા ઉપર રહેલા કેમિકલ પાવડરમાં પણ આગ ફેલાઈ ગઈ હતી. આગની ઝપેટમાં આવતા ગોવિંદાચાર્ય અને દેવેન્દ્રસિંહ બંને ગંભીર રીતે દાઝી ગયા હતા.

ઘટના બાદ કંપનીમાં દોડધામ મચી ગઈ હતી. અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે ભરૂચની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં હાલ બંનેની સારવાર ચાલી રહી છે. આ ઘટનાએ ફરી એકવાર ઔદ્યોગિક એકમોમાં સલામતીના દાવાઓ સામે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. જો કામ દરમિયાન પૂરતી સુરક્ષા વ્યવસ્થા, યોગ્ય સેફ્ટી સાધનો અને જોખમી કામગીરી માટે જરૂરી તકેદારી રાખવામાં આવી હોત તો આવી દુર્ઘટના ટાળી શકાત, તેવી ચર્ચા ઉદ્યોગ વર્તુળોમાં ચાલી રહી છે.

આ બનાવ અંગે વાગરા પોલીસ સ્ટેશનમાં નોંધ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. હવે તપાસ બાદ જ બહાર આવશે કે દુર્ઘટના માત્ર અકસ્માત હતી કે સુરક્ષા વ્યવસ્થામાં બેદરકારી પણ જવાબદાર હતી.

# જામનગરમાં પ્રોહિબિશન વિરોધી ઝુંબેશ હેઠળ વિવિધ પોલીસ સ્ટેશનોની સફળ કાર્યવાહી : 6 દરોડા પાડ્યા

જામનગર

જામનગર જિલ્લા પોલીસ દ્વારા પ્રોહિબિશન વિરોધી ઝુંબેશ અંતર્ગત તા.28/06/2026ના રોજ જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં દરોડા અને પેટ્રોલિંગ દરમિયાન ગેરકાયદેસર દારૂના સંગ્રહ, હેરાફેરી અને દેશી દારૂ બનાવવાની પ્રવૃત્તિઓ સામે અસરકારક કાર્યવાહી કરવામાં આવી હતી.

સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં મારૂ કંસારા હોલ પાછળ મંગલધામ સોસાયટી નજીક પ્રથમ દરોડો પાડી આરોપી રણજીતસિંહ બહાદુરસિંહ જાડેજા પાસેથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની 288 સીલબંધ ચપટાઓ કિંમત રૂ.28,800નો જથ્થો કબજે કરી ગુનો નોંધવામાં આવ્યો હતો.સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ધરારનગર ખાતે આરોપી ઈરફાન જુણેજાના રહેણાંક મકાનમાંથી વ્હિસ્કીની 4 બોટલ કિંમત રૂ.2,260 સાથે ગુનો નોંધવામાં આવ્યો હતો. સીટી સી પોલીસ સ્ટેશન વિસ્તારમાં મહાકાળી સર્કલથી સમર્પણ સર્કલ વચ્ચે એલ.સી.બી.ની ટીમે કાર્યવાહી કરી આરોપી અજય ચરણગીરી ગૌસ્વામીની ધરપકડ કરી હતી, જ્યારે રમેશ ઉર્ફે મારૂતીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

# ડભોડાના લવારપુર તળાવ પાસેની ઝૂંપડી-ઈન્દીરા આવાસના બંધ મકાનોમાં ચાલતા દારૂના નેટવર્કનો પર્દાફાશ

લિસ્ટેડ બુટલેગર મનોજ ભીમાજી ઠાકોરની બાતમી મળતા રેડ : ઝૂંપડીમાંથી મુદ્દામાલ સાથે બે ઝડપાયા

ગાંધીનગર

રાજ્યમાં પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ નાબૂદ કરવા માટે કાર્યરત સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ગાંધીનગરના ડભોડા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા લવારપુર ગામે બાતમીના આધારે દરોડો પાડી સંગઠિત ગુનાખોરી આચરતી ટોળકીના બે સાગરીતોને વિદેશી દારૂના મોટા જથ્થા સાથે રંગેહાથ ઝડપી લીધા છે. પોલીસે ઘટનાસ્થળેથી તેમજ આરોપીઓની અંગઝડતી દરમિયાન વિદેશી દારૂની નાની-મોટી બોટલો, બીયરના ટીન, મોબાઈલ, રોકડ રકમ અને વાહનો સહિત કુલ 25.26 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ગાંધીનગરમાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ત્રાટકીને વધુ એક મસમોટા વિદેશી દારૂના ગોરખધંધાનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ



જિલ્લામાં વધી ગયેલી વિદેશી દારૂની પ્રવૃતિઓના નેટવર્કને તોડી પાડવા પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન માહિતી મળી હતી કે, લવારપુર ગામના ઈન્દીરા આવાસ નગર પાસે આવેલા તળાવ નજીક ખુલ્લી જગ્યામાં લિસ્ટેડ બુટલેગર મનોજ ભીમાજી ઠાકોર નામનો ઈસમ બહારના રાજ્યમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો મગાવી ગેરકાયદેસર વેચાણ અને સંગ્રહનું નેટવર્ક ચલાવે છે.

આ બાતમીના આધારે પોલીસે લવારપુર તળાવ પાસે ઝાડી-ઝાંખરાવાળી જગ્યામાં તાડપતરી બાંધીને બનાવેલી ઝૂંપડી પર અચાનક રેઈડ કરી હતી. દરોડા દરમિયાન ઝૂંપડીની બહાર પ્લાસ્ટિકના કોથળા અને થેલા લઈને બેસેલા બે ઈસમોને પોલીસે કોર્ડન કરીને ઝડપી લીધા હતા. જેમની પૂછપરછમાં પકડાયેલા આરોપીઓએ પોતાના નામ રાજનકુમાર સુરેશચંન્દ્ર પટેલ (ધંધો-જમીન દલાલી, રહે. પટેલ વાસ, ટાવરની બાજુમાં, ગામ મગોડી) અને અજીત વિનુભાઈ ઠાકોર (રહે. ઠાકોર ફળીયું, લવારપુર) હોવાનું જણાવ્યું હતું. તેમની અંગઝડતી કરતા બે મોબાઈલ ફોન અને 46,950ની રોકડ રકમ મળી આવી હતી.

## તંત્રી લેખ...

# પુરુષ પ્રેમમાં યૌવન શોધે છે, સ્ત્રી પ્રેમમાં બાળપણ...

### બંને એકબીજાથી અલગ છે, પણ કમતર નથી, એકબીજાના પૂરક છે!

પ્રેમ... અઢી અક્ષરનો આ શબ્દ સૃષ્ટિની શરૂઆતથી લઈને આજ સુધી અકબંધ છે, પણ આ એક જ શબ્દને જોવાની, અનુભવવાની અને જીવવાની રીત પુરુષ અને સ્ત્રી બંને માટે સાવ અલગ છે. 'પાક્કો ગુજરાત'ના વાચકો માટે આજે સંબંધોની એ ગહન ફિલસૂફીને સમજવી છે, જે આજના આધુનિક યુગમાં ક્યાંક ખોવાઈ રહી છે.

### વિચારો અલગ, પણ પ્રેમ અનોખો




તમે ક્યારેય વિચાર્યું છે કે એક જ છત નીચે રહેતા બે વ્યક્તિઓ પ્રેમનો અર્થ આટલો જુદો કેવી રીતે કરી શકે? આ કોઈ વિખવાદ નથી, આ તો કુદરતની સૌથી સુંદર ગોઠવણ છે. ચાલો આ તફાવતને વિગતવાર સમજીએ:

યૌવન વિરુદ્ધ બાળપણ: પુરુષ જ્યારે પ્રેમમાં પડે છે, ત્યારે એ સ્ત્રીની સુંદરતા, એનું આકર્ષણ અને એનું યૌવન શોધે છે. જ્યારે સ્ત્રી જ્યારે સાચો પ્રેમ કરે છે, ત્યારે એ પુરુષમાં પોતાનું એ બાળપણ શોધે છે જ્યાં એ નિર્દોષ બની શકે, નખરાં કરી શકે અને સુરક્ષિત અનુભવી શકે.

સ્વચ્છંદતા વિરુદ્ધ બંધન: પુરુષ મૂળભૂત રીતે સ્વતંત્ર પ્રકૃતિનો છે, એ પ્રેમમાં પણ પોતાની સ્પેસ (સ્વચ્છંદતા) ઈચ્છે છે. જ્યારે સ્ત્રી પ્રેમમાં એક મીઠું બંધન ઈચ્છે છે, એક એવો હક જે એને અહેસાસ કરાવે કે તે કોઈકની ખાસ છે.

અધિકાર વિરુદ્ધ કર્તવ્ય: પુરુષ ઘણીવાર પ્રેમ પર પોતાનો અધિકાર સ્થાપવા મથે છે, જ્યારે સ્ત્રી એ જ પ્રેમને પોતાનું પરમ કર્તવ્ય માનીને આખા પરિવારને વણી લે છે.

ઓઢવું વિરુદ્ધ જીવવું: પુરુષ માટે પ્રેમ જિંદગીનો એક હિસ્સો છે, જેને એ સમય આવ્યે ચાદરની જેમ ઓઢી લે છે અને જરૂર પડ્યે સાઈડમાં મૂકી કામ પર લાગી જાય છે. પણ સ્ત્રી? સ્ત્રી માટે પ્રેમ જ એની આખી જિંદગી છે, એ પ્રેમને શ્વાસની જેમ જીવે છે.

યથાર્થ વિરુદ્ધ સ્વપ્ન: પુરુષ પ્રેમમાં પણ પ્રેક્ટિકલ (યથાર્થવાદી) રહે છે, એ જમીન પર જીવે છે. જ્યારે સ્ત્રી પ્રેમમાં સપનાઓનું આખું આકાશ વણી લે છે, એ અત્યંત સ્વપ્નશીલ હોય છે.

નમક વિરુદ્ધ શક્કર: પુરુષ માટે પ્રેમ ભોજનમાં નમક (મીઠા) જેવો છે - જે જરૂરી છે, પણ જો માપમાં હોય તો જ. સ્ત્રી માટે પ્રેમ શક્કર (ખાંડ) જેવો છે - જે આખી જિંદગીમાં મીઠાશ ઓગાળવાનું કામ કરે છે.

### અલગ છે, પણ કમતર નથી... તેઓ પૂરક છે! મોટો પ્રશ્ન એ થાય કે જો બંને આટલા વિરોધાભાસી છે, તો સાથે કેવી રીતે રહી શકે?

જવાબ બહુ સરળ છે: તેઓ એકબીજાના પૂરક છે. જો પુરુષ યથાર્થવાદી ન હોય, તો સંસારની ગાડી આર્થિક રીતે કેમ ચાલે? અને જો સ્ત્રી સ્વપ્નશીલ ન હોય, તો એ નીરસ જિંદગીમાં સપનાના રંગો કોણ પૂરે? જો પુરુષ નમક છે અને સ્ત્રી શક્કર છે, તો આ સંસાર રૂપી રસોઈને ટેસ્ટી બનાવવા માટે બંનેની સરખી જરૂર છે. એક વિના બીજો અધૂરો છે.

### પાક્કો ગુજરાતનો આજના યુગને પેગામ...

આજના સોશિયલ મીડિયા અને ઈગો (અહમ)ના જમાનામાં નજીવી વાતોમાં છૂટાછેડા થઈ જાય છે. કારણ? આપણે સામે વાળી વ્યક્તિને આપણા જેવી બનાવવા માંગીએ છીએ. પુરુષ ઈચ્છે છે કે સ્ત્રી એના જેવું વિચારે, અને સ્ત્રી ઈચ્છે છે કે પુરુષ એના જેવો સંવેદનશીલ બને.

પણ સાહેબ, કુદરતનો નિયમ સમજો. જો બંને સરખા થઈ જશે તો આ સૃષ્ટિનું સંતુલન બગડી જશે. પુરુષત્વ અને સ્ત્રીત્વ એ સિક્કાની બે બાજુ છે. એકબીજાના તફાવતોને સ્વીકારવા એ જ સાચો પ્રેમ છે.

અંતમાં એટલું જ...

એકબીજાને બદલવાનો પ્રયાસ છોડીને, એકબીજાને સમજવાનો પ્રયાસ કરીએ. એ પુરુષના ખરબચડા હાથ પાછળ છુપાયેલી ચિંતાને સ્ત્રી સમજે અને સ્ત્રીના આંસુ પાછળ છુપાયેલા એ બાળપણને પુરુષ સાચવી લે... બસ, એ જ જિંદગીનો સાચો અને સુંદર ન્યાય છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# અયોધ્યા રામ મંદિરમાં ચોરીથી દેશભરમાં ભારે આક્રોશ

## ટ્રસ્ટી ચંપત રાયની પોલીસે કરી આકરી પૂછપરછ, 8 કપાતરોને 14 દિવસની જેલ!

અયોધ્યા/અમદાવાદ:

સમગ્ર દેશ અને દુનિયાના કરોડો હિન્દુઓની આસ્થાના પરમ કેન્દ્ર સમાન અયોધ્યાના ભવ્ય રામ મંદિરમાં ચોરી થવાની હૃદયદ્રાવક અને સનસનીખેજ ઘટના સામે આવતા જ સમગ્ર દેશમાં ભારે રોષ અને સળગતા સવાલો ઊભા થયા છે. પ્રભુ શ્રીરામના દરબારમાં સેંધ મારનારા આંતરરાષ્ટ્રીય સ્તરના પાપીઓ સામે પોલીસે કાયદાનો સપાટો બોલાવ્યો છે, તો બીજી તરફ રામ મંદિર ટ્રસ્ટના મુખ્ય હોદ્દેદાર ચંપત રાય પણ પોલીસની રાડારમાં આવ્યા છે.



### ચંપત રાયની કલાકો સુધી પૂછપરછ, સુરક્ષા વ્યવસ્થાના લીરેલીરા!

જે મંદિરની સુરક્ષા માટે પક્ષી પણ પાંખ ન મારી શકે તેવા દાવા કરાતા હતા, ત્યાં ચોરી થઈ જતાં સુરક્ષા એજન્સીઓ અને ટ્રસ્ટની ગંભીર બેદરકારી બેનકાબ થઈ છે. આ મામલે કડક વલણ અપનાવીને પોલીસે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાયની કલાકો સુધી આકરી પૂછપરછ કરી છે. અંદરના જ કોઈ વ્યક્તિની મિલીભગત વિના આટલી ચુસ્ત સુરક્ષા ભેદવી અશક્ય હોવાથી, પોલીસે ચંપત રાય સમક્ષ સવાલોનો મારો ચલાવ્યો હતો કે આખરે આટલી મોટી ચૂક કઈ રીતે થઈ અને મંદિરના સુરક્ષા ઓડિટમાં ક્યાં કચાસ રહી ગઈ?

### 8 ગદ્દારો લોકઅપ ભેગા, 14 દિવસની ન્યાયિક કસ્ટડી

આ કેસમાં એક્શનમાં આવેલી પોલીસે અત્યાર સુધીમાં મસમોટું નેટવર્ક તોડી પાડીને ૮ મુખ્ય આરોપીઓની ધરપકડ કરી લીધી છે. આ તમામ પાપીઓને ભારે સુરક્ષા વચ્ચે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં નામદાર કોર્ટે ગુનાની ગંભીરતાને ધ્યાને રાખીને તમામ ૮ આરોપીઓને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડી (જેલ) માં ધકેલી દેવાનો હુકમ કર્યો છે. પોલીસ હવે રિમાન્ડ દરમિયાન એ કઢાવવાનો પ્રયાસ કરી રહી છે કે ચોરી થયેલો મુદ્દામાલ ક્યાં છુપાવ્યો છે અને તેની પાછળ કઈ મોટી ગેંગ સક્રિય છે.

### અયોધ્યાના વકીલોનું રામભક્તિનું ઉદાહરણ: કેસ લડવાની સરેઆમ ના પાડી!

આ આખા ઘટનાક્રમમાં સૌથી મોટો અને ઐતિહાસિક વળાંક ત્યારે આવ્યો જ્યારે અયોધ્યા બાર એસોસિએશન અને સ્થાનિક વકીલોએ એકસૂરે ગર્જના કરી દીધી. અયોધ્યાના વકીલોએ સ્પષ્ટ અને કડક શબ્દોમાં જાહેરાત કરી દીધી છે કે, 'જેમણે અમારા આરાધ્ય પ્રભુ શ્રીરામના ઘરમાં ચોરી કરી છે, તે દેશ અને ધર્મના ગદ્દાર છે. અયોધ્યાનો કોઈ પણ વકીલ આ આરોપીઓ વતી કોર્ટમાં કેસ નહીં લડે અને તેમને કાનૂની મદદ નહીં આપે!' વકીલોના આ નિર્ણયથી આરોપીઓ હવે કોર્ટમાં લાચાર બન્યા છે.

### 'પાક્કો ગુજરાત' ના સણસણતા સવાલો:

૧. સુરક્ષા ક્યાં ઊંઘતી હતી? જે રામ મંદિરની સુરક્ષા પાછળ કરોડો રૂપિયા ખર્ચાય છે, કમાન્ડો તહેનાત છે, ત્યાં ચોરો ઘૂસી ગયા અને તંત્રને ગંધ સુદ્ધાં ન આવી?

૨. ટ્રસ્ટની જવાબદારી શું? ચંપત રાય અને ટ્રસ્ટના અન્ય અધિકારીઓ માત્ર નિવેદનો આપવામાં જ વ્યસ્ત છે કે મંદિરની આંતરિક સુરક્ષા વ્યવસ્થા રામ ભરોસે છોડી દેવાઈ છે?

૩. મુખ્ય સૂત્રધાર કોણ? આ ૮ મોહરા પાછળ કયા મોટા વ્હાઈટ કોલર ગુનેગારો કે તસ્કરો બેઠા છે, જેમની નજર પ્રભુના ચરણોમાં ચડેલી સંપત્તિ પર બગડી છે?

કરોડો રામભક્તોની લાગણી દુભાવનારા આ કૌભાંડ અને ચોરીના કેસના મૂળ સુધી ન પહોંચાય ત્યાં સુધી 'પાક્કો ગુજરાત ન્યૂઝ' અયોધ્યાથી લઈને ગાંધીનગર-દિલ્હી સુધી આ મુદ્દો ઉઠાવતું રહેશે અને સત્ય સામે લાવશે!

### આસ્થાના કેન્દ્ર પર ડાકો નાખનારા નરાધમો સામે અયોધ્યાના વકીલોનો પ્રચંડ નિર્ણય: "કોઈ વકીલ આ પાપીઓનો કેસ નહીં લડે!"

# મેળામાં ભીડ બહુ છે, પણ પોતાના કેટલા?

'હાથ થામને વાલે બહુત મિલ જાતે હૈં,
સાથ નિભાને વાલે મુકદ્દર સે મિલતે હૈં...'

આ માત્ર શાયરીની બે લાઈનો નથી, પણ આજના મત

આજે ફેસબુક પર ૫૦૦૦ ફ્રેન્ડ્સ અને ઈન્સ્ટાગ્રામ પર હજારો ફોલોઅર્સ હોવા એ બહુ સામાન્ય વાત છે. રસ્તા પર ચાલતા ચાલતા અકસ્માત થાય કે કોઈ નાની મુશ્કેલી આવે, ત્યારે વીડિયો ઉતારવા કે 'શું થયું ભાઈ?' કહીને હાથ પકડવા વાળા ૧૦ લોકો મળી જશે. તમારા સારા સમયમાં, તમારી પાર્ટીઓમાં, તમારી સફળતાની મહેફિલોમાં તમારી પીઠ થાબડનારા અને તમારો હાથ પકડીને સેલ્ફી લેનારા લોકોની ક્યારેય અછત નહીં વર્તાય.

પરંતુ, સાચો સંબંધ એ નથી જે ભીડમાં તમારી સાથે હોવાનો દેખાવ કરે. સાચો સંબંધ એ છે જે એકાંતના અંધકારમાં, જ્યારે આખી દુનિયા પીઠ ફેરવી લે, ત્યારે તમારો હાથ મજબૂતીથી પકડી રાખે.

હાથ પકડવો એ ઘડીભરનો શોખ છે, સાથ નિભાવવો એ આખી જિંદગીની સાધના છે

આજના સમયમાં કોઈનો હાથ પકડવો બહુ સહેલો છે. કોઈને વચનો આપવા, 'હું હંમેશાં તારી સાથે છું' એવા મોટા-મોટા મેસેજ ટાઈપ કરવા એ મિનિટોનું કામ છે. પણ જ્યારે જિંદગી કસોટીની એરણે ચડે છે, જ્યારે ખિસ્સા ખાલી હોય, જ્યારે નસીબ સાથ ન આપતું હોય અને જ્યારે ચારેય તરફથી નિષ્ફળતા ઘેરી વળે... ત્યારે ખબર પડે છે કે કોણ ખરેખર 'સાથી' છે અને કોણ માત્ર 'મુસાફિર'!

જે તમારી પરિસ્થિતિ બદલાતા જ પોતાનો રસ્તો બદલી નાખે, એ 'હાથ પકડનારા' હતા. પણ જે તમારી બદલાયેલી પરિસ્થિતિમાં પણ તમારી પડખે અડીખમ ઊભા રહે, એ 'સાથ નિભાવનારા' છે. અને આવા લોકો ખરેખર નસીબદારને જ મળે છે, એટલે જ શાયરે લખ્યું છે કે એ 'મુકદ્દર'થી મળે છે.

મુકદ્દરથી મળતા એ લોકો કોણ છે?

આવા લોકો કોઈ પણ સ્વરૂપે હોઈ શકે છે:

એ એવા માતા-પિતા હોઈ શકે જે દુનિયાના વિરોધ વચ્ચે પણ તમારા પર ભરોસો રાખે છે.

એ એવો જીવનસાથી હોઈ શકે જે મહેલ ન હોય તો ઝૂંપડીમાં પણ તમારી સાથે હસતા મુખે સંઘર્ષ કરે છે.

એ એવો પાક્કો મિત્ર હોઈ શકે જે મધરાતે પણ તમારા એક ફોન પર પોતાનું બધું કામ છોડીને દોડી આવે છે.

આવા લોકો આપણી જિંદગીમાં 'ઈશ્વરના આશીર્વાદ' જેવા હોય છે. તેઓ આપણી ભૂલોને સુધારે છે, પણ આપણો સાથ ક્યારેય નથી છોડતા.

### પાક્કો ગુજરાતનો આજના વાચકોને એક સવાલ...

આજે આ લેખ વાંચતી વખતે બે મિનિટ માટે આંખો બંધ કરીને વિચારો કે તમારી જિંદગીમાં એવા કેટલા લોકો છે, જેઓ તમારી સફળતાના નહીં પણ તમારા આંસુઓના સાક્ષી બન્યા છે? જેઓ તમારી ચડતીમાં નહીં પણ તમારી પડતીમાં તમારી સાથે રહ્યા છે?

જો આવો એક પણ માણસ તમારી પાસે હોય, તો તમે આ દુનિયાના સૌથી અમીર માણસ છો. કદાચ તમારા નસીબ (મુકદ્દર) બહુ જોરદાર છે.

અંતમાં એટલું જ...

હાથ પકડનારા તો વટેમાર્ગુ પણ હોય છે સાહેબ, પણ જે વાવાઝોડામાં પણ છત બનીને ઊભો રહે ને... એ જ સાચો સાથીદાર. જો આવો કોઈ 'સાથ નિભાવનારો' મુકદ્દરથી મળી ગયો હોય, તો એનો હાથ ક્યારેય છોડતા નહીં, કારણ કે સંબંધો બજારમાં વેચાતા નથી મળતા અને સાચા માણસો વારંવાર અથડાતા નથી.

# ઇતિહાસનું પુનરાવર્તન: 2017ની જેમ જ 2027ની ચૂંટણી પહેલાં ગામડે-ગામડે લાગ્યા 'ભાજપ મુક્ત ગામ'ના બોર્ડ! જાગેલો જગતનો તાત સરકારની ઊંઘ ઉડાડશે?

ખાસ વિશ્લેષણાત્મક લેખ (બ્યુરો રિપોર્ટ)

ગુજરાતના રાજકારણમાં જ્યારે-જ્યારે જગતનો તાત રસ્તા પર ઉતર્યો છે, ત્યારે-ત્યારે ગાંધીનગરના સત્તાના સિંહાસનો હલી ગયા છે. વર્ષ ૨૦૧૭ની એ વિધાનસભા ચૂંટણી કોઈ ભૂલ્યું નથી, જ્યારે કપાસ અને મગફળીના ભાવો, દેવા માફી અને ખેડૂત વિરોધી નીતિઓ સામે સમગ્ર સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ગામડાઓમાં 'રાજકીય નેતાઓ માટે પ્રવેશબંધી' અને 'ભાજપ મુક્ત ગામ' ના બોર્ડ લાગી ગયા હતા. પરિણામે, સત્તાધારી પક્ષ માંડ-માંડ બહુમતીના આંકડા સુધી પહોંચી શક્યો હતો. હવે બરાબર એક દાયકા પછી, ઈતિહાસ પોતાનું પુનરાવર્તન કરી રહ્યો હોય તેવા એ જ ઘાતક દ્રશ્યો વર્ષ ૨૦૨૭ની આગામી ચૂંટણી પૂર્વે ફરી જોવા મળી રહ્યા છે. ગુજરાતના ખેડૂતોએ ફરી એકવાર આક્રોશ સાથે ગામડાઓમાં ૨૦૧૭ જેવા જ બોર્ડ મારવાનું શરૂ કરી દીધું છે!

### કેમ ભભૂક્યો છે ખેડૂતોનો આક્રોશ? પડતા પર પાટુ જેવા સંજોગો!

આજે ગુજરાતનો ખેડૂત માત્ર આકાશી આફત સામે જ નથી લડી રહ્યો, પણ વહીવટી તંત્રના અન્યાય સામે પણ આથડી રહ્યો છે. ખેડૂતોના આ પ્રચંડ આક્રોશ પાછળના મુખ્ય કારણો આ મુજબ છે:

ખોટી જમીન માપણીનું ભૂત: વર્ષો વીતી ગયા છતાં પ્રમોલગેશન અને જમીન માપણીની ભૂલો સુધારવામાં સરકારનું તંત્ર સાવ નિષ્ફળ રહ્યું છે. ખેડૂતો પોતાની જ જમીન માટે સરકારી કચેરીઓના




ધક્કા ખાઈને થાક્યા છે.

મંજૂરી વિના ખેતરોમાં દાદાગીરી: કોઈપણ જાતની પૂર્વ મંજૂરી કે યોગ્ય વળતર આપ્યા વિના ખેડૂતોના ઊભા પાક વચ્ચે મસમોટા વીજ થાંભલા (ટાવર) ઊભા કરી દેવા અને પાણીની પાઈપલાઈનો નાખીને જમીનો બગાડવાની કંપનીઓની જોહુકમી હદ વટાવી ચૂકી છે.

ખાતર-બિયારણની અછત અને મોંઘવારી: સીઝનની શરૂઆતમાં જ ખેડૂતોને યુરિયા અને અન્ય ખાતર માટે લાંબી લાઈનોમાં ઊભા રહેવું પડે છે, જ્યારે કાળાબજારિયાઓ બેફામ બન્યા છે.

દેવાનો અસહ્ય બોજ: મોંઘા બિયારણ અને ડીઝલના ભાવ સામે પાકના પૂરતા દામ ન મળતા આજે સરેરાશ ખેડૂત પરિવાર દેવાના ખપ્પરમાં હોમાઈ ગયો છે.

### 2017નું ટ્રેલર અને 2027નું પિક્ચર: સિસ્ટમ કેમ ચેતતી નથી?

વર્ષ ૨૦૧૭માં જ્યારે ખેડૂતોએ આંદોલન કરીને નેતાઓને ગામડાઓમાં ઘૂસવા દીધા નહોતા, ત્યારે સરકારે અનેક વાયદાઓ કરીને મામલો થાળે પાડ્યો હતો. પરંતુ આજે દસ વર્ષ પછી પણ પરિસ્થિતિ જસની તસ છે. સાણંદ, જેતપર, ઉત્તર ગુજરાત અને છેક કચ્છ સુધી ખેડૂતો આજે ફરી આંદોલનના માર્ગે છે. ગામડાઓની બહાર વાઈરલ થઈ રહેલા બોર્ડ અને બેનરો સત્તાધારી પક્ષ માટે લાલબત્તી સમાન છે. ગ્રામીણ જનતા સ્પષ્ટ કહી રહી છે કે, જો ઉદ્યોગપતિઓની અબજો રૂપિયાની લોન માફ થઈ શકતી હોય, તેમના માટે રાતોરાત જમીનો ફાળવાઈ શકતી હોય, તો જગતના તાત માટે સરકારનું મન કેમ નાનું થઈ જાય છે?

### 'પાક્કો ગુજરાત' ના સત્તાધીશોને સણસણતા સવાલો:

૧. શું ૨૦૧૭ની હારનું જોખમ યાદ નથી? જ્યારે ૨૦૧૭માં ખેડૂતોની નારાજગીના કારણે અડધું સૌરાષ્ટ્ર હાથમાંથી સરકી ગયું હતું, ત્યારે ૨૦૨૭ની ચૂંટણી ટાણે ફરી એ જ ભૂલો કેમ દોહરાવવામાં આવી રહી છે?

૨. સંવાદ કેમ બંધ? આંદોલનકારી ખેડૂતો અને તેમના પ્રતિનિધિઓ સાથે એસી ચેમ્બરમાં બેસતા મંત્રીઓ કે સચિવો ખુલ્લા મને ચર્ચા કેમ નથી કરતા? કેમ ખેડૂતોની વેદનાને માત્ર રાજકીય સ્ટંટ ગણાવીને ફગાવી દેવાય છે?

૩. ઉદ્યોગો માટે લાલ જાજમ, ખેડૂતો માટે કેમ લાકડીઓ? કોર્પોરેટ કંપનીઓના હિત માટે આખું તંત્ર દોડતું થાય છે, તો વીજળી, પાણી અને વળતરની માંગણી કરતા ખેડૂતો પર પોલીસ કેસ કેમ ઠોકી દેવાય છે?

સરકાર મોટું મન રાખે તે જ એકમાત્ર ઉકેલ

હવે સમય આવી ગયો છે કે રાજ્ય સરકાર કોઈ પણ પ્રકારના રાજકીય અહંકારને બાજુ પર મૂકીને મોટું મન રાખે. ખેડૂત આ દેશની અને આ રાજ્યની કરોડરજ્જુ છે. જો જગતનો તાત સુખી હશે, તો જ રાજ્ય સુખી થશે. સરકારે તાત્કાલિક અસરથી ખેડૂતોના પડતર પ્રશ્નો જેવા કે:

૧૨ કલાક સળંગ વીજળી આપવી,

જમીન માપણીના વિવાદોનો કાયમી નિકાલ કરવો,

વીજ કંપનીઓની ખેતરોમાં ચાલતી જોહુકમી બંધ કરાવી યોગ્ય વળતર આપવું, અને

કુદરતી આફતોના સમયે યુદ્ધના ધોરણે સર્વે કરી ત્વરિત આર્થિક સહાય જાહેર કરવી.

### ખોટી જમીન માપણી, અન્યાયી વીજ નીતિ અને દેવાના ડુંગર નીચે દબાયેલા ખેડૂતોએ આરપારની લડાઈના ફૂંક્યા રણશિંગા: શું સરકાર મોટું મન રાખીને સમયસર નિર્ણય લેશે કે 2017 જેવો મોટો ઝટકો ખમવો પડશે?

આ તમામ મુદ્દે વહેલી તકે યોગ્ય અને સંતોષકારક નિર્ણય લેવો જ પડશે. જો સરકાર હજુ પણ ઉદાસીન રહેશે, તો ૨૦૧૭માં જે બોર્ડ લાગ્યા હતા, તેનાથી પણ મોટો જનઆક્રોશ ૨૦૨૭માં બેલેટ બોક્સ (EVMs) દ્વારા બહાર આવશે તેમાં કોઈ શંકા નથી. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' સતત ધરતીપુત્રોના આ હક્કની લડાઈમાં તેમની સાથે રહીને પ્રશાસનને સવાલો પૂછતું રહેશે!

# હોર્મુઝ સંકટ વચ્ચે અમેરિકા-ઈરાન વચ્ચે અસ્થાયી યુદ્ધવિરામ: કતારમાં યોજાશે હાઈ-લેવલ બેઠક

અમેરિકા અને ઈરાન વચ્ચે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો ભયાનક સૈન્ય ટકરાવ હાલ પૂરતો અટકી ગયો છે. બંને દેશો વચ્ચે વાતચીત ચાલુ રહે ત્યાં સુધી તમામ પ્રકારના સૈન્ય એક્શનને અસ્થાયી રૂપે રોકવા માટે સહમતિ સધાઈ છે. તાજેતરમાં હોર્મુઝની ખાડી (Strait of Hormuz) નજીક થયેલી જોરદાર બોમ્બમારો અને તણાવ બાદ, હવે બંને દેશોના પ્રતિનિધિઓ મંગળવારે કતારમાં એક હાઈ-લેવલ મીટિંગ કરવા જઈ રહ્યા છે. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય બંને પક્ષો વચ્ચે અગાઉ થયેલા નાજુક શાંતિ સમજૂતીને બચાવવાનો છે. દોહા બેઠક: પરમાણુ મુદ્દો બાજુ પર મૂકી માત્ર હોર્મુઝ પર ફોકસ તાજેતરમાં હોર્મુઝમાં કાર્ગો શિપ પર ઈરાની હુમલા બાદ સંઘર્ષ વકર્યો હતો, જેના જવાબમાં અમેરિકાએ ૨૪ કલાકમાં બે વાર ઈરાનની મિલિટરી અને ડ્રોન સાઈટ્સને



નિશાન બનાવી હતી. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે ઈરાનને અત્યંત કડક ચેતવણી આપી હતી.

'Axios' ના રિપોર્ટ અનુસાર, આ તણાવને કારણે જ રાજદ્વારીઓએ મોટો નિર્ણય લીધો છે. શરૂઆતમાં આ બેઠક સ્વિટ્ઝર્લેન્ડમાં ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર ચર્ચા કરવા માટે થવાની હતી, પરંતુ તાજા સૈન્ય ટકરાવને જોતા તેનું સ્થળ બદલીને દોહા (કતાર) કરવામાં આવ્યું છે. આ હાઈ-લેવલ બેઠકનો એજન્ડા હવે માત્ર હોર્મુઝ વિવાદ પર જ કેન્દ્રિત રહેશે. જ્યાં સુધી વાતચીત ચાલશે ત્યાં સુધી હોર્મુઝમાંથી કોમર્શિયલ જહાજોની અવરજવર સામાન્ય રીતે ચાલુ રહેશે. આ બેઠકમાં અમેરિકી ટેકનિકલ ટીમના વડા નિક સ્ટુઅર્ટ પણ સામેલ થાય તેવી સંભાવના છે.

ઈરાનની કઈ શરત પર ફસાયો છે પેચ? અમેરિકા અને ઈરાન વચ્ચેના શાંતિ કરારને લાગુ કરવામાં સ્ટ્રેટ ઓફ હોર્મુઝ સૌથી મોટી કડી અને અવરોધ બન્યું છે. કરાર મુજબ, ઈરાને આ દરિયાઈ માર્ગેથી પસાર થતા વેપારી જહાજોને સુરક્ષિત રસ્તો આપવાનો વાયદો કર્યો હતો અને બદલામાં અમેરિકા ઈરાની બંદરો પરથી પોતાની નૌકાસેનાની નાકેબંધી હટાવવાનું હતું. વિવાદનું કારણ: આવા સૈન્ય ટકરાવથી બચવા માટે સ્વિટ્ઝર્લેન્ડમાં જ અમેરિકી સેના અને ઈરાનની IRGC વચ્ચે હોટલાઈન બનાવવાનું નક્કી થયું હતું, જે હજુ સુધી શરૂ થઈ શકી નથી.




વડોદરાના વિકાસમાં વધુ એક સુવર્ણ પીંછું: , સયાજીનગરી ગ્રીન સિટી તરફ અગ્રેસર!

# 'PM ઈ-બસ સેવા' અંતર્ગત 30 હાઈટેક AC ઈલેક્ટ્રિક બસોનું પ્રસ્થાન

## કેન્દ્રીય મંત્રી મનોહરલાલ ખટ્ટર અને CM ભૂપેન્દ્ર પટેલે લીલી ઝંડી આપી પ્રદૂષણ-મુક્ત સવારીની કરાવી શરૂઆત : વડોદરાના માર્ગો પર દોડશે કુલ 250 પર્યાવરણ-અનુકૂળ બસો!




વડોદરા

'ક્લીન સિટી-ગ્રીન સિટી' ના સંકલ્પ સાથે વડોદરા મહાનગરપાલિકા અને રાજ્ય સરકારે સયાજીનગરીના નાગરિકો માટે પરિવહન ક્ષેત્રે એક ઐતિહાસિક ક્રાંતિની શરૂઆત કરી દીધી છે. વડોદરા શહેરની જનતાને પ્રદૂષણ-મુક્ત, સુવિધાજનક અને અત્યાધુનિક પરિવહન સેવાની ભેટ આપવા માટે વડોદરા ખાતે આયોજિત એક ભવ્ય સમારોહમાં 'પીએમ ઈ-બસ સેવા' (PM e-Bus Sewa) અંતર્ગત પ્રથમ તબક્કાની ૩૦ એસી ઈલેક્ટ્રિક બસોનું ધમાકેદાર પ્રસ્થાન કરાવવામાં આવ્યું છે. આ ગૌરવપૂર્ણ પ્રસંગે કેન્દ્રીય કેબિનેટ મંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટર અને ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રેરક ઉપસ્થિતિ રહીને બસોને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ સેવા અંતર્ગત વડોદરા શહેરમાં આગામી સમયમાં કુલ ૨૫૦ જેટલી અદ્યતન ઈલેક્ટ્રિક બસો દોડાવવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કરાયો છે, જેનાથી શહેરના પર્યાવરણની જાળવણી થશે અને કાર્બન ઉત્સર્જનમાં મોટો ઘટાડો નોંધાશે. મુસાફરોને કોઈ પણ પ્રકારની અગવડ ન પડે અને બસોનું સંચાલન સુચારુ રૂપે ચાલે તે માટે વડોદરાના વિવિધ વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ સજ્જ કરવામાં આવી છે. આ ઈલેક્ટ્રિક બસો માટે ખાસ કરીને: ગોત્રી, સયાજીગંજ, નિઝામપુરા, સયાજીપુરા, મકરપુરા ખાતે આધુનિક ચાર્જિંગ સ્ટેશનો ઊભા કરવામાં આવ્યા છે, જ્યાં બસોને ઝડપી ચાર્જ કરી શકાશે. આ નવી ઈ-બસો માત્ર પ્રદૂષણ-મુક્ત નથી, પરંતુ ટેક્નોલોજીથી પણ સજ્જ છે. આ આધુનિક મુસાફરીમાં મુસાફરોની સુરક્ષા અને સુવિધા માટે નીચે મુજબની હાઈટેક સુવિધાઓ કાર્યરત રહેશે: લાઈવ ટ્રેકિંગ અને જીપીએસ (GPS) સિસ્ટમ: મુસાફરો બસનું લાઈવ લોકેશન ટ્રેક કરી શકશે. પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ: આગામી સ્ટોપ અને રૂટની વિગતો માટે બસની અંદર ઓટોમેટિક એનાઉન્સમેન્ટ થશે. ડિજિટલ અને કેશલેસ ટિકિટિંગ: હવે મુસાફરોએ ટિકિટ માટે છૂટા પૈસાની ચિંતા નહીં કરવી પડે. નાગરિકો રોકડ ઉપરાંત UPI (યુપીઆઈ), ટિકિટિંગ સ્માર્ટ કાર્ડ અને મોબાઈલ એપ્લિકેશન ના માધ્યમથી ચપટી વગાડતા જ ડિજિટલ ટિકિટ મેળવી શકશે. વડોદરા સ્માર્ટ સિટી તરફ મક્કમ પગલે આગળ વધી રહ્યું છે ત્યારે આ પીએમ ઈ-બસ સેવા સામાન્ય નાગરિકો, નોકરિયાતો અને વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

# પીપલોદ દેવગઢબારિયા માર્ગ પર મસમોટા ખાડાઓથી વાહનચાલકો પરેશાન

દેવગઢબારિયા, જાબીર શુક્લા



પીપલોદથી દેવગઢબારિયા તરફ જતાં મુખ્ય માર્ગ પર પડેલા મસમોટા ખાડાઓને કારણે વાહનચાલકો અને રાહદારીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. માર્ગની જર્જરિત હાલતને કારણે તંત્ર ઘોર નિંદ્રામાં હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

ચોમાસાની ઋતુ શરૂ થતાં વરસાદી પાણી ખાડાઓમાં ભરાઈ જતાં રસ્તાની વાસ્તવિક સ્થિતિ જાણી શકાતી નથી, જેના કારણે અકસ્માતની શક્યતા વધી ગઈ છે. રોજિંદા અવરજવર કરતા વાહનચાલકો માટે આ માર્ગ માથાનો દુખાવો બની ગયો

સ્થાનિક લોકો અને રાહદારીઓએ અનેક વખત માર્ગના સમારકામની માંગ ઉઠાવી હોવા છતાં હજુ સુધી યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. વરસાદી મોસમ દરમિયાન લોકોના જાનમાલને જોખમ ઊભું થતું હોવાથી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે માર્ગનું સમારકામ કરવામાં આવે તેવી માંગ પ્રબળ બની

રાહદારીઓએ જણાવ્યું હતુ કે પીપલોદથી દેવગઢબારિયા માર્ગનું વહેલી તકે સમારકામ કરવામાં આવે તો મુસાફરોને રાહત મળી શકે અને અકસ્માતોની સંભાવના પણ ઘટી શકે.

ગાયત્રી નર્સિંગ કોલેજના વિવાદમાં વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાની સિંહગર્જના!

# વિદ્યાર્થીઓની લૂંટ અને હેરાનગતિ સામે યુવરાજસિંહે ઉપાડ્યું હથિયાર : કલેક્ટર કચેરી ગજવી, 15 દિવસમાં ઉકેલ નહીં આવે તો મહાઆંદોલનની ખુલ્લી ચીમકી..!

છોટાઉદેપુર



છોટાઉદેપુરની ગાયત્રી કોલેજ ઓફ નર્સિંગમાં ચાલી રહેલા ભ્રષ્ટાચાર અને અંધેરતંત્ર સામે હવે આરપારની લડાઈ શરૂ થઈ ગઈ છે. કોલેજ વહીવટદારો દ્વારા વિદ્યાર્થીઓનું કરાતું આર્થિક અને માનસિક શોષણ રોકવા માટે હવે ગુજરાતના જાણીતા વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાની ધમાકેદાર એન્ટ્રી થઈ ચૂકી છે. આ એન્ટ્રીથી કોલેજના સત્તાધીશો અને ભ્રષ્ટ બાબુઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ગાયત્રી કોલેજ ઓફ નર્સિંગમાં લાંબા સમયથી વિદ્યાર્થીઓ ત્રાસી ગયા છે. કોલેજ મેનેજમેન્ટ દ્વારા નિયમ વિરુદ્ધની વધારાની ફી વસૂલવામાં આવી રહી છે, તો વાત-વાતમાં આકરી પેનલ્ટીઓ ઠોકી દેવામાં આવે છે. આટલું ઓછું હોય તેમ, શિક્ષણનું સ્તર સાવ કથળેલું છે અને હોસ્ટેલમાં ભોજન તેમજ પીવાના પાણીની ભારે અવ્યવસ્થા છે. લાખો રૂપિયા ચૂકવવા છતાં પાયાની સુવિધાઓ ન મળતા વિદ્યાર્થીઓ લાચાર બન્યા હતા. આ અન્યાયની ગંધ આવતા જ વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજા તાબડતોબ છોટાઉદેપુર દોડી આવ્યા હતા. તેમણે રૂબરૂ નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓની મુલાકાત લીધી હતી અને તેમની તમામ ફરિયાદો તેમજ વેદનાઓ ખૂબ જ ગંભીરતાથી સાંભળી હતી. વિદ્યાર્થીઓ પર થતા અત્યાચારનો હિસાબ માંગવા માટે યુવરાજસિંહ જાડેજા સીધા જ વિદ્યાર્થીઓની વિશાળ ફોજ સાથે છોટાઉદેપુર કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા અને કલેક્ટરને ઉગ્ર રજૂઆત કરી હતી. કલેક્ટર કચેરી બહારથી યુવરાજસિંહ જાડેજાએ કોલેજ પ્રશાસન અને તંત્રને ઘાતક ચેતવણી આપતા જણાવ્યું છે કે, જો આગામી 15 દિવસની અંદર આ વિદ્યાર્થીઓની તમામ સમસ્યાઓનો કાયમી નિકાલ કરવામાં નહીં આવે, તો છોટાઉદેપુરની ધરતી પરથી એક એવું પ્રચંડ આંદોલન શરૂ કરવામાં આવશે જે સરકાર હલાવી દેશે.

# ચોખાના ભુસાની આડમાં લઈ જવાતો 40 લાખનો વિદેશી દારૂ ઝડપાયો, ટ્રક સાથે 3 બુટલેગરો જેલ ભેગા!

સુરેન્દ્રનગર

ગુજરાતમાં નશાના કારોબારીઓ અને બુટલેગરો કાયદાને મૂર્ખ બનાવવા માટે અવનવા રસાઓ અપનાવતા હોય છે, પરંતુ સુરેન્દ્રનગર પોલીસે તેમની ચાલાકી પર પાણી ફેરવી દીધું છે. સુરેન્દ્રનગરમાં પોલીસે બાતમીના આધારે એક શંકાસ્પદ ટ્રકને રોકીને તપાસ કરતા તેમાંથી ચોખાના ભુસાની આડમાં છુપાવેલો મસમોટો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો છે. પોલીસે કુલ ૪૦ લાખ રૂપિયાની કિંમતનો દારૂ ઝડપી પાડીને આ કાળા કારોબારમાં સામેલ ૩ શખ્સોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, બુટલેગરો દ્વારા ટ્રકમાં મોટા પાયે વિદેશી દારૂ ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહ્યો હતો. પોલીસને ચકમો આપવા માટે ટ્રકમાં ઉપર ચોખાનો ભુસો (કુશ્કી) ભરી દેવામાં આવ્યો હતો, જેથી કોઈને શંકા ન જાય. પરંતુ સુરેન્દ્રનગર પોલીસે બાતમીના આધારે આ ચોક્કસ ટ્રકને આંતરીને જ્યારે કડકાઈથી તપાસ કરી, ત્યારે ભુસાની નીચેથી વિદેશી દારૂની પેટીઓ નીકળવા માંડી હતી. પોલીસે ટ્રકમાંથી નાની-મોટી થઈને કુલ ૧૧ હજારથી પણ વધુ વિદેશી દારૂની બોટલોનો મસમોટો જથ્થો જપ્ત કર્યો છે, જેની બજાર કિંમત આશરે ૪૦ લાખ રૂપિયા આંકવામાં આવી રહી છે. પોલીસે આ ગુનામાં ઘટનાસ્થળેથી જ ૩ બુટલેગરોની ધરપકડ કરી લીધી છે અને દારૂનો જથ્થો, ટ્રક તેમજ અન્ય મુદ્દામાલ કબજે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આટલી મોટી માત્રામાં દારૂનો જથ્થો સુરેન્દ્રનગર સુધી પહોંચી ગયો, તે બાબત દર્શાવે છે કે બુટલેગરો હજુ પણ સ્ટેટની બોર્ડર પરથી માલ ઘુસાડવામાં સફળ થઈ રહ્યા છે.

જો કે, સુરેન્દ્રનગર પોલીસે આ મસમોટું નેટવર્ક તોડી પાડીને નશાના સોદાગરોને સ્પષ્ટ ચેતવણી આપી દીધી છે. હવે પોલીસ આ કેસમાં પકડાયેલા આરોપીઓની સઘન પૂછપરછ કરી રહી છે કે આ દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને ગુજરાતમાં કોને સપ્લાય કરવાનો હતો? આ તપાસમાં હજુ પણ કેટલાક મોટા માથાઓના નામ બહાર આવે તેવી પૂરેપૂરી શક્યતા છે.

# અમરેલીમાં ડિમોલિશનના નામે મોટો ભેદભાવ : તંત્રનું બુલડોઝર માત્ર ગરીબ અને નાના વેપારીઓ માટે જ છે?

## શું કાયદાના પાઠ માત્ર લાચારોને જ ભણાવવાના? જનતાનો ભભૂકતો આક્રોશ!

અમરેલી



અમરેલી શહેરમાં દબાણ હટાવવાના નામે વહીવટી તંત્ર દ્વારા શરૂ કરવામાં આવેલી ડિમોલિશનની કામગીરી હવે વિવાદોના વંટોળે ચડી છે. કાયદો અને વ્યવસ્થાના નામે સવાર-સવારમાં બુલડોઝર લઈને નીકળી પડતું તંત્ર માત્ર ગરીબો અને મધ્યમવર્ગીય નાના વેપારીઓ પર જ કેમ શૂરવીરતા બતાવે છે? તેવો સણસણતો સવાલ અત્યારે અમરેલીની જનતા પૂછી રહી છે. 'પીળા પંજા' ની આ વહાલા-દવલાની નીતિ સામે નાના રોજીરોટી કમાતા પરિવારોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, અમરેલીમાં રસ્તાઓ પહોળા કરવા કે દબાણ મુક્ત કરવાના બહાને જે લારી-ગલ્લા અને નાની દુકાનો તોડી પાડવામાં આવી છે, તેનાથી કેટલાય ગરીબ પરિવારોના મોંમાંથી કોળિયો છીનવાઈ ગયો છે. પરંતુ નવાઈની વાત એ છે કે, જે મોટા વેપારીઓએ પાકા બાંધકામ કરીને આખેઆખા રસ્તાઓ દબાવી દીધા છે, જે આલીશાન શોપિંગ કોમ્પ્લેક્સના માલિકોએ નિયમોના લીરેલીરા ઉડાડીને ગેરકાયદેસર પાર્કિંગ અને ઓટલા બનાવી દીધા છે, તેમની સામે તંત્ર આંખ આડા કાન કરીને બેઠું છે! જાણે કે કાયદો માત્ર એ લોકો માટે જ છે જેઓ વહીવટી તંત્રને 'ગાંધીછાપ' નોટો આપી શકતા નથી.

ભ્રષ્ટાચારી નેતાઓ અને માફિયાઓ સામે કેમ કાંપે છે ખાખી અને પ્રશાસન?

અમરેલીના જાગૃત નાગરિકો સીધો આક્ષેપ કરી રહ્યા છે કે, શહેરમાં કેટલાય ભ્રષ્ટાચારી રાજનેતાઓ અને વગદાર મોટા માણસોના આશીર્વાદથી ગેરકાયદેસર સામ્રાજ્ય ધમધમી રહ્યું છે. જ્યારે ગરીબ માણસ રસ્તાના ખૂણે ઉભો રહીને પોતાના પરિવારનું પેટ ભરવા મજૂરી કરે તો તંત્રને કાયદો યાદ આવી જાય છે, પણ જ્યારે મસમોટા ભ્રષ્ટાચારીઓ સરકારી જમીનો પચાવી પાડે છે ત્યારે અધિકારીઓની ફાઈલો કેમ કબાટમાં દબાઈ જાય છે?

# નર્મદા કેનાલમાંથી અજાણી મહિલાનો મૃતદેહ મળી આવતા ચકચાર, ફાયર બ્રિગેડે લાશ બહાર કાઢી

ગાંધીનગર

રાજધાની ગાંધીનગરમાંથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલમાંથી વધુ એક વખત લાશ મળી આવવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. કેનાલના વહેતા પાણીમાં એક અજાણી મહિલાનો મૃતદેહ તરતો હોવાની માહિતી મળતા જ સ્થાનિક પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે.

ઘટનાની વિગત મુજબ, નર્મદા કેનાલમાં એક મહિલાની લાશ દેખાતા સ્થાનિક લોકોએ તાત્કાલિક તંત્રને જાણ કરી હતી. માહિતી મળતા જ ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ મહિલાના મૃતદેહને પાણીની બહાર કાઢ્યો હતો અને સ્થાનિક પોલીસને સોંપ્યો હતો. મૃતક મહિલા ક્યાંની રહેવાસી છે અને તેનું નામ-સરનામું શું છે, તે અંગે હજુ સુધી કોઈ પ્રાથમિક વિગતો મળી શકી નથી. પોલીસે મહિલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હવે પોલીસ આસપાસના વિસ્તારોના ગુમ થયેલા લોકોની યાદી ચકાસીને મહિલાની ઓળખ મેળવવાના પ્રયાસો કરી રહી છે.

થરાદના નામાંકિત વકીલ એન.એચ. રાજપુરોહિત દ્વારા કરાઈ રજૂઆત

# થરાદમાં યોજાનાર મેળામાં નિયમો અને સુરક્ષાના ચુસ્ત પાલન સાથે જ પરવાનગી આપવા SDMને રજૂઆત કરાઈ

થરાદ, રાજેશભાઈ જોષી



થરાદ દૂધશીત કેન્દ્ર પાસે કેનાલની બાજુમાં યોજાનાર આગામી મેળાના આયોજનને લઈને થરાદ ના વિદ્વાન વકીલ નરેશભાઈ રાજપુરોહિત દ્વારા થરાદ SDM ને એક લેખિત રજૂઆત કરવામાં આવી છે. જેમાં મેળા દરમિયાન લોકોની સુરક્ષા અને સરકારી ધારાધોરણોનું સંપૂર્ણ પાલન થાય તે સુનિશ્ચિત કર્યા બાદ જ પરવાનગી આપવા માંગ કરાઈ છે. અરજીમાં જણાવ્યા અનુસાર, ભૂતકાળમાં મેળામાં રાઈડ્સ તૂટવાની અને અકસ્માતોની બનેલી ઘટનાઓ ધ્યાને લેતા, આ મેળામાં પણ કોઈ અઘટિત ઘટના ન બને તે માટે આયોજકો પાસેથી કાયદાકીય નિયમોના પાલનની ખાતરી લેવી જરૂરી છે. મેળામાં રાખવામાં આવતી તમામ રાઈડ્સનું ફિટનેસ સર્ટિફિકેટ, રાઈડર્સનો વીમો તેમજ 'મોતના કૂવા' જેવા જોખમી ખેલમાં વપરાતા વાહનોના વીમા પોલિસી, PUC, RC બુક વગેરેની સઘન ચકાસણી થવી જોઈએ. આ ઉપરાંત મેળામાં આવતી મહિલાઓની સુરક્ષા માટે પૂરતી વ્યવસ્થા અને સરકાર દ્વારા નિયત કરાયેલ SOPનું ચુસ્ત પાલન થાય તે અનિવાર્ય છે.વધુમાં રજૂઆતમાં ચિંતા વ્યક્ત કરાઈ છે કે મેળાની જગ્યા સાંકડી હોવાથી ક્ષમતા કરતા વધુ લોકોને પ્રવેશ ન મળે અને ભીડભાડના કારણે કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે આયોજકો પાસેથી લેખિત બાંહેધરી લેવામાં આવે. જો આયોજકો સરકારના નિયત નિયમોનું પાલન ન કરી શકે તેમ હોય, તો લોકહિતમાં મેળાની પરવાનગી ન આપવા માંગ કરી છે. જોકે આ અંગે એસડિએમ સાજન મેરને પૂછતા જણાવ્યું હતું કે હાલમાં કોઈ પરવાનગી આપી નથી.

# વાવ-થરાદ પંથકમાં પોલી ક્લિનિક અને ICDP કચેરી શરૂ કરવા શંકરભાઈ ચૌધરીને રજૂઆત

બનાસકાંઠા

વાવ-થરાદ વિસ્તારના પશુપાલકોના હિત અને પશુધનની સુવિધા માટે બનાસકાંઠાના અગ્રણી અને ભાજપ થરાદ શહેરના પૂર્વ મહામંત્રી તરફથી એક મહત્વની રજૂઆત કરવામાં આવી છે. લુણાલના તુલસી ડેરી ફાર્મના સંચાલક તથા પશુપાલક પ્રકાશભાઈ સુરજમલ સોની દ્વારા વિધાનસભાના અધ્યક્ષ માનનીય શંકરભાઈ ચૌધરીને આ અંગે લેખિત રજૂઆત કરી વહેલી તકે પશુ ચિકિત્સા સેવાઓ વિસ્તારવા માંગ કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે વાવ-થરાદ વિસ્તારમાં અંદાજે 11 લાખથી પણ વધુ પશુધન આવેલું છે. આટલી મોટી સંખ્યામાં પશુઓ હોવા છતાં સ્થાનિક સ્તરે કોઈ જિલ્લા કક્ષાનું વિવિધલક્ષી પશુ દવાખાનું (પોલી ક્લિનિક) ઉપલબ્ધ નથી. આના કારણે જ્યારે કોઈ પશુને ગંભીર બીમારી કે અકસ્માત થાય ત્યારે સોનોગ્રાફી, એક્સ-રે અથવા સર્જરી જેવી વિશેષ સારવાર માટે પશુપાલકોને અન્ય જિલ્લાઓ સુધી લાંબા થવું પડે છે. આ પરિસ્થિતિમાં પશુપાલકોનો સમય અને નાણાં બંનેનો મોટો વ્યય થાય છે.

બીજી તરફ, બનાસકાંઠાની આગવી ઓળખ સમાન કાંકરેજ ગાય સહિતની દેશી ઓલાદોના સંરક્ષણ અને તેમની આનુવંશિક સુધારણા માટે પણ રજૂઆત કરાઈ છે. વિસ્તારમાં દૂધ ઉત્પાદન વધારવા અને પશુપાલકોની આવક બમણી કરવાના હેતુથી વાવ-થરાદમાં જિલ્લા કક્ષાની ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના (ICDP)ની કચેરી શરૂ કરવી ખૂબ જ અનિવાર્ય બની ગઈ છે.

# અંકલેશ્વર રાજપીપળા ચોકડી નજીક ફાઇનાન્સ કંપનીના બની બેઠેલા સીઝરોની દાદાગીરી..!

**RBIની ગાઈડલાઈનના છેદ ઉડાડતા અજ્ઞાત સીઝરો સામે કાયદાકીય મુજબ પોલીસે કાર્યવાહી કરવી જરૂર બની ગયું છે**

ભરૂચ, રંગુની જાકીર



ભરૂચ જિલ્લાના ઔદ્યોગિક હબ એવા અંકલેશ્વરમાં ફાઈનાન્સ કંપનીઓના કથિત સીઝરો દ્વારા કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાડતી વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં અંકલેશ્વર-રાજપીપળા ચોકડી પાસેથી પસાર થઈ રહેલા એક નિર્દોષ વાહન ચાલકને ટાર્ગેટ બનાવવામાં આવ્યો હતો. ગત તારીખ 15 જૂન 2026ના રોજ ભોગ બનનાર વાહન ચાલક પોતાની ગાડી લઈને રાજપીપળા ચોકડી નજીકથી પસાર થઈ રહ્યા હતા, તે દરમિયાન અજાણ્યા શખ્સોએ રીતસર ફિલ્મી ઢબે તેમની ગાડીનો પીછો કર્યો હતો અને અધવચ્ચે ગાડી રોકાવી દાદાગીરી શરૂ કરી દીધી હતી. આ અજાણ્યા તત્વો વાહન ચાલકને દરાવી અમરતપરા પાટીયા (ખેતલા આપા) સુધી ખેંચી ગયા હતા, જ્યાં કાયદાની ઐસીતૈસી કરીને સીઝરોના સ્વાંગમાં આવેલા આ શખ્સોએ લૂંટારુ જેવું વર્તન આચર્યું હોવાનો આક્ષેપ ઉઠ્યો છે. નિયમ અનુસાર જો આ ખરેખર અધિકૃત સીઝરો હોય, તો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ની કડક ગાઈડલાઈન મુજબ તેઓએ વાહન ચાલકને સ્થળ પર જ લેખિત નોટિસ આપવી અનિવાર્ય છે, તેમજ તેઓની પાસે કાયદેસરનું આઈડી કાર્ડ (ઓળખપત્ર) અને ડીએનઆર (DNR) સર્ટિફિકેટ હોવું અત્યંત જરૂરી છે. આ ઉપરાંત વાહનની અંદર રહેલી તમામ અંગત અને કિંમતી ચીજવસ્તુઓ નિયમાનુસાર વાહન ચાલકને સુરક્ષિત રીતે પરત સોંપવાની હોય છે, પરંતુ આ પ્રકરણમાં તે તમામ નિયમોનો સરેઆમ ભંગ કરવામાં આવ્યો છે. આ કથિત સીઝરોએ કોઈ પણ કાયદેસરની પ્રક્રિયા કર્યા વિના વાહન ચાલક પાસેથી તોડબાજી કરી, પૈસા પડાવીને આખુંય પ્રકરણ દફા-દફા કરી નાખ્યું હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ઉલ્લેખનીય છે કે, આવા ગેરકાયદેસર અને બળજબરીપૂર્વક વાહન જપ્ત કરતા સીઝરો સામે અગાઉ દિલ્હી હાઈકોર્ટ દ્વારા પણ અનેક ચુકાદાઓ આપવામાં આવ્યા છે, જેમાં નામદાર કોર્ટે આવી પ્રવૃત્તિઓને સખત શબ્દોમાં વખોડી કાઢીને સીઝરો સામે કડક કાનૂની કાર્યવાહી કરવા આદેશો કર્યા છે. ત્યારે ભરૂચ જિલ્લામાં બેફામ બનેલા આવા તત્વો સામે સ્થાનિક પોલીસ પ્રશાસન હવે જાગૃત થઈને નક્કર પગલાં ભરે એવી માંગ ઉઠી છે અને વાહન ચાલકોની સુરક્ષા કરે તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

# સુરત મહિલા પોલીસનો ઉત્તરપ્રદેશમાં મોટો સપાટો: 6 વર્ષથી નાસતા ફરતા આરોપી ભાનુ પ્રસાદને દબોચી લીધો, ખાખીની કડક કાર્યવાહી!

સુરત

કાયદાના હાથ લાંબા હોય છે અને ગુનેગાર ભલે ગમે તેટલો શાતિર હોય, તે પોલીસની નજરથી બચી શકતો નથી તે સુરત શહેર મહિલા પોલીસ સ્ટેશન સેક્ટર-૨ ની ટીમે સાબિત કરી બતાવ્યું છે. છેલ્લા ૫ વર્ષથી પોલીસને ચકમો આપીને નાસતો ફરતો મોટો આરોપી ભાનુ પ્રસાદ રામાધાર સિંહ આખરે સુરત પોલીસના સકંજામાં આવી ગયો છે. સુરત મહિલા પોલીસે છેક ઉત્તરપ્રદેશ સુધી કડીઓ જોડીને આ આરોપીને દબોચી લીધો છે.

મળતી વિગતો મુજબ, આરોપી ભાનુ પ્રસાદ રામાધાર સિંહ સામે સુરત શહેર મહિલા પોલીસ સ્ટેશન સેક્ટર-૨ માં ગંભીર ગુનો નોંધાયો હતો. ગુનો નોંધાયા બાદ ધરપકડથી બચવા માટે આરોપી સુરત છોડીને ભાગી ગયો હતો અને છેલ્લા ૫ વર્ષથી પોતાની ઓળખ છુપાવીને અલગ-અલગ જગ્યાએ આશરો લઈ રહ્યો હતો.

સુરત પોલીસની ટીમ સતત તેના લોકેશન અને બાતમીદારોના નેટવર્ક પર નજર રાખી રહી હતી. આ દરમિયાન પોલીસને પાક્કી બાતમી મળી હતી કે આરોપી ઉત્તરપ્રદેશમાં છુપાયેલો છે. તુરંત જ મહિલા પોલીસ સ્ટેશન સેક્ટર-૨ ની એક ખાસ ટીમ ઉત્તરપ્રદેશ રવાના થઈ હતી અને સ્થાનિક કડીઓ મેળવીને આરોપીને તેના ગઢમાંથી જ ઓચિંતો દરોડો પાડીને ઝડપી લીધો હતો.

ઉત્તરપ્રદેશથી પકડી પાડેલા આરોપી ભાનુ પ્રસાદને સુરત લાવવામાં આવ્યો છે અને ટ્રાન્સફર વોરંટ તેમજ અન્ય કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરીને તેને જેલના સળિયા પાછળ ધકેલી દેવાની તજવીજ હાથ ધરાઈ છે. ૫ વર્ષ જૂના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડીને મહિલા પોલીસે મહિલાઓ સુરક્ષિત હોવાનો અને ગુનેગારો સામે કડક એક્શન લેવાશે તેવો મક્કમ સંદેશ આપ્યો છે.



### 'મા ઈન્તી બંગારામ'માં અભિનેત્રીએ શક્તિશાળી એક્શન સિક્વન્સ આપ્યા છે

# ગર્ભવતી હોવા છતા સમંથાએ આપ્યા એકથી એક ચડિયાતા ડાન્સ મુવ્ઝ

મુંબઇ

સાઉથની સુપરડુપર એક્ટ્રેસ સમંથા રુથ પ્રભુએ પોતાને ત્યાં આવનારા નવા મહેમાનને લઈને ગૂડ ન્યૂઝ ફેન્સ સાથે શૅર કરી દીધા છે. એક્ટ્રેસે પોતાની પ્રેગ્નેન્સીની વાત કન્ફર્મ કરતા કહ્યું હતું કે, હું એક નાનકડા મેટરનીટી બ્રેક પર જવાની છું. તેમની ફિલ્મના દિગ્દર્શક નંદિની રેડ્ડીએ અભિનેત્રી વિશે એક આશ્ચર્યજનક ખુલાસો કર્યો છે. ફિલ્મ નિર્માતાએ જણાવ્યું હતું કે, અભિનેત્રીએ ગર્ભાવસ્થાને કારણે અસ્વસ્થતા અનુભવવા છતાં શૂટિંગ ચાલુ રાખ્યું હતું. શુટિંગમાં બ્રેક લેવાના બદલે સમંથાએ એકથી એક બેસ્ટ શોટ આપ્યા હતા.એનું કામ પ્રત્યેનું કમિટમેન્ટ ગઝબનું છે. ફિલ્મ 'મા ઈન્તી બંગારામ' ની વાત કરીએ તો, અભિનેત્રીએ શક્તિશાળી એક્શન સિક્વન્સ આપ્યા છે. ફેન્સ ખરેખર આ એક્શન-કોમેડીનો આનંદ માણી રહ્યા છે.એક્શન સિક્વન્સી સાથે આ એક ઈમોશન વાળી પણ ફિલ્મ છે. આ વુમન સેન્ટ્રિક ફિલ્મ છે જેમાં સામંથાએ એક્શન, કોમેડી અને ઉત્તમ અભિનયનું ઉત્તમ કોમ્બિનેશન સિનેસ્ક્રિન પર દર્શાવી દીધું છે. સામંથા રૂથ પ્રભુની કારકિર્દીના છેલ્લા ત્રણ વર્ષમાં પહેલી થિયેટર રિલીઝ છે.હાલમાં આ ફિલ્મ દમદાર ક્લેક્શન કરી રહી છે. આ ફિલ્મે રિલીઝ થયાના પહેલા બે દિવસમાં જ વર્લ્ડવાઈડ ક્લેક્શન આશરે 25 કરોડ કરી લીધું છે.વર્ષ 2023 માં તેના પ્રોડક્શન હાઉસ, ત્રાલાલા મુવિંગ પિક્ચર્સની જાહેરાત કરી. ફિલ્મ 'મા ઈન્તી બંગારામ' આ બેનર હેઠળ બનાવવામાં આવેલી દમદાર ફિલ્મ છે. નિર્માતા તરીકે સેવા આપવા ઉપરાંત, સામંથાએ ફિલ્મમાં અભિનય પણ કર્યો છે.ફિલ્મ નિર્માતા નંદીની જણાવે છે કે, ફિલ્મના એક ગીતના શૂટિંગ દરમિયાન સમંથાને મોર્નિંગ સિકનેસ થઈ ગઈ હતી. તેમ છતાં તેણે ફિલ્મનું શૂટિંગ ચાલુ રાખ્યું અને શાનદાર શોટ આપ્યા છે. જ્યારે નંદિની રેડ્ડીએ એક મુલાકાત દરમિયાન સમંથાની ગર્ભાવસ્થા વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેણે જવાબ આપ્યો કે, 'તેને ફિલ્મના એનરજેટિક ગીત 'થસાડિયા'નું શૂટિંગ કરતી વખતે આ ગૂડ ન્યૂઝ મળી ચૂક્યા હતા. આ ન્યૂઝ જ્યારે મને મળ્યા એ સમયે હું ખૂબ જ ખુશ હતી. ગીતનું શુટિંગ પૂરું થવાને જ્યારે અંતિમ દિવસો બાકી રહ્યા હતા એ સમયે મને આ ગૂડ ન્યૂઝ મળ્યા હતા. એટલી જાણકારી મળી હતી કે, સમંથાની તબિયત સવારે ઠીક ન હતી. અમને એવું લાગ્યું હતું કે, તાવ આવ્યો હશે. પછી ખ્યાલ આવ્યો કે, તે મમ્મી બનવા જઈ રહી છે. બીજા દિવસે, જ્યારે તેની હેલ્થ અંગે પૂછવામાં આવ્યું, ત્યારે સમંથા શરૂઆતમાં ચૂપ રહી. થોડા સમય પછી, તેણીએ ખુલાસો કર્યો કે તે પ્રેગ્નેન્ટ છે અને મોર્નિંગ સિકનેસ છે. નંદિનીના જણાવ્યા મુજબ, તે ગર્ભાવસ્થાના પ્રારંભિક તબક્કામાં હતી. ત્યારબાદ, આખી ટીમે શૂટિંગ દરમિયાન તેણીનું ખાસ ધ્યાન રાખ્યું.

**ફિલ્મના બધા એક્શન સિક્વન્સ પહેલાથી જ શુટ થઈ ગયા હતા**

# બાથટબમાં ફીણની વચ્ચે કવર થઈને શમાએ આપ્યા બોલ્ડ પોઝ

## અભિનેત્રી ઘણા અન્ય ટીવી શૉનો પણ ભાગ રહી છે અને અસંખ્ય મ્યુઝિક વિડિયોમાં પણ જોવા મળી છે

મુંબઈ

એક ચોક્કસ સમય બાદ શમા સિંકદરનો એક બોલ્ડ અંદાજ સામે આવ્યો છે. આ વખતે તેણે એક વિડિયો શૅર કરીને ફેન્સને ચોંકાવી દીધા હતા. આ વિડિયોમાં તે બાથટબમાં બાથ લઈ રહી છે. શૉપના ફોગ અને પાણીની છબછબ વચ્ચે આ વિડિયો સોશિયલ મીડિયા પર જોરશોરથી શૅર થઈ રહ્યો છે. પોતાની એક્ટિંગની સાથે તે હવે પોતાના બોલ્ડ અવતારને કારણે પણ ચર્ચામાં છે. ટીવી એક્ટ્રેસ શમા સિંકદરનો બોલ્ડ અંદાજ સામે આવતા ફેન્સ દિલ ખોલીને કોમેન્ટ પણ કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર છે સૌથી વધુ એક્ટિવ 'યે મેરી લાઈફ હૈ' શૉથી નોંધપાત્ર ઓળખ મળી છે. જેના કારણે તેણી ઘરે-ઘરે જાણીતી બની હતી. અભિનેત્રી ઘણા અન્ય ટીવી શૉનો પણ ભાગ રહી છે અને અસંખ્ય મ્યુઝિક વિડિયોમાં પણ જોવા મળી છે.ટીવી ઈન્ડસ્ટ્રીની અંદર શમાનું નામ ખૂબ મોટું છે અને ઘણા ટીવી સંબંધીત પ્રોજેક્ટ કરે છે. અભિનય ઉપરાંત, શમા સોશિયલ મીડિયા પર ખૂબ એક્ટિવ રહે છે. ઘણીવાર તે પોતાના સેટ પરથી અને મેકિંગ અંગે વિડિયો પણ પોસ્ટ કરે છે. ક્યારેક તેનો એક અલગ અંદાજ પણ સોશિયલ મીડિયા પર જોવા મળતો હોય છે. તે વારંવાર તેના હોટ અને બોલ્ડ ફોટાઓથી સોશિયલ મીડિયા પર ધૂમ મચાવે છે.હાલ તેનો એક વીડિયો હાલમાં ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વિડિયોમાં તેનું રાઉન્ડેડ અને ગુલાબની પાંખડીઓથી સજ્જ બાથટબ દેખાઈ રહ્યું છે. વિડિયો એના પગથી શરૂ થાય છે. બાથટબમાં મસ્તી કરતા શમાનો ફેસ અહીંયા ગ્લો કરી રહ્યો છે. આ સાથે સાબુના ફીણની વચ્ચે રહીને તેણે ફોટો ક્લિક કરાવ્યો હતો. લોંગ શોટમાં તેનો બોલ્ડ અવતાર દેખાયો હતો. પાણી, સાબુ અને સાબુના ફીણ વચ્ચે શમાએ બોલ્ડનેસની હદ પાર કરી નાંખી હતી. પણ એક પણ જગ્યાએ વિડિયો અશ્લીલ લાગતો નથી. સંપૂર્ણ એસ્થેટિક બ્યૂટીને કેન્દ્રમાં રાખીને બનાવવામાં આવ્યો છે. બોલ્ડનેસ, હોટ અવતારની સાથે એક પણ જગ્યા એની કોઈ 'ઉપ્સ'મુવમેન્ટ દેખાતી નથી. લેગ્સને ફ્લોન્ટ કરતી જોવા મળે છે. બાથટબમાં અંદર બેસીને ફીણની વચ્ચેથી પણ શમાએ એકથી એક બેસ્ટ પોઝ આપ્યા હતા.



# શ્રદ્ધા કપૂરની આગામી ફિલ્મ 'ઈથા'ના શીર્ષક સામે NCPનો ઉગ્ર વિરોધ

## NCP ના સાંસ્કૃતિક વિભાગનું માનવું છે કે ફિલ્મનું નામ 'ઈથા' રાખવાથી વિઠાબાઈના મહાન વારસા અને યોગદાનને યોગ્ય ન્યાય મળતો નથી

મુંબઈ

વિકી કૌશલની ફિલ્મ 'છવા' ના શાનદાર નિર્દેશન બાદ ડાયરેક્ટર લક્ષ્મણ ઉતેકર હવે પોતાની નવી ફિલ્મ 'ઈથા' ને લઈને ચર્ચામાં આવ્યા છે. આ ફિલ્મમાં શ્રદ્ધા કપૂર મુખ્ય ભૂમિકા ભજવી રહી છે, જેનું ટીઝર થોડા દિવસો પહેલા જ રિલીઝ કરવામાં આવ્યું હતું. જોકે, બોક્સ ઓફિસ પર દસ્તક દે તે પહેલા જ આ ફિલ્મ એક મોટા વિવાદમાં ફસાઈ ગઈ છે.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) ના ફિલ્મ અને સાંસ્કૃતિક વિભાગે ફિલ્મના શીર્ષક સામે સખત વાંધો ઉઠાવ્યો છે, જેના કારણે નિર્માતાઓ મુશ્કેલીમાં મુકાયા છે. વિઠાબાઈના પરિવારે પણ નોંધાવ્યો વિરોધ મળતી માહિતી મુજબ, શ્રદ્ધા કપૂરની આ ફિલ્મ મહારાષ્ટ્રની પ્રખ્યાત તમાશા કલાકાર અને લાવણી નૃત્યાંગના વિઠાબાઈ નારાયણગાંવકરના જીવનની વાર્તા પર આધારિત છે. NCP ના સાંસ્કૃતિક વિભાગનું માનવું છે કે ફિલ્મનું નામ 'ઈથા' રાખવાથી વિઠાબાઈના મહાન વારસા અને યોગદાનને યોગ્ય ન્યાય મળતો નથી.

આ વિવાદને વિઠાબાઈના પરિવારે પણ સંપૂર્ણ ટેકો આપ્યો છે, જેમાં તેમના 2 પુત્રો અને પૌત્ર પણ આ શીર્ષકની વિરુદ્ધમાં મેદાનમાં આવ્યા છે. NCP ના મહારાષ્ટ્ર રાજ્ય પ્રમુખ બાબાસાહેબ પાટીલે પ્રશ્ન કર્યો છે કે જ્યારે આખી ફિલ્મ વિઠાબાઈ પર છે, તો તેનું નામ "વિઠા" અથવા "વિઠાબાઈ" કેમ રાખવામાં આવ્યું નથી? આ ગંભીર વિવાદ અંગે હજુ સુધી દિગ્દર્શક લક્ષ્મણ ઉતેકર કે મેડોક ફિલ્મ્સના વડા દિનેશ વિજન તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી. ઉલ્લેખનીય છે કે લક્ષ્મણ ઉતેકરની ફિલ્મ વિવાદમાં આવી હોય તેવું આ પહેલીવાર નથી. આ અગાઉ તેમની ફિલ્મ 'છવા' માં છત્રપતિ શિવાજી મહારાજને સ્થાનિક નૃત્ય સ્વરૂપ 'લેઝીમ' કરતા દર્શાવવામાં આવ્યા હતા, જેનો વ્યાપક વિરોધ થતાં નિર્માતાઓએ આખો સીન ફિલ્મમાંથી હટાવવો પડ્યો હતો. આ નવી ફિલ્મ 28 ઓગસ્ટના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની તૈયારીમાં છે, જેમાં રણદીપ હુડા અને મોહમ્મદ ઝીશાન અયુબ જેવા કલાકારો પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. આ ગંભીર વિવાદ અંગે હજુ સુધી દિગ્દર્શક લક્ષ્મણ ઉતેકર કે મેડોક ફિલ્મ્સના વડા દિનેશ વિજન તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી.






# ધ ફાસ્ટ એન્ડ ધ ફ્યૂરિયસ' ફેમ ટાયરેસ ગિબ્સને કરી શિવની પૂજા

## ટાયરેસ ગિબ્સને ઇન્સ્ટાગ્રામ પર મુંબઈના એક મંદિરની તસવીરો અને વીડિયો શેર કર્યા છે, જેમાં તેઓ શિવલિંગ પર દૂધ ચઢાવતા અને આરતી કરતા જોવા મળી રહ્યા છે


મુંબઇ

હોલીવુડના પ્રખ્યાત અભિનેતા અને ગાયક ટાયરેસ ગિબ્સન તાજેતરમાં જ ભારત આવ્યા હતા. તેમણે સોશિયલ મીડિયા પર એક ખૂબ જ ભાવુક મેસેજ શેર કરીને પોતાની ભારત યાત્રાને 'જીવન બદલી નાખનારી' અને એક આધ્યાત્મિક સફર ગણાવી હતી. આ સાથે જ તેમણે જણાવ્યું કે ભારતની આ સફર તેમના જીવનના એક મોટા અને પ્રેરણાદાયી બદલાવની શરૂઆત છે. મંદિરમાં પૂજા કરી અને ડૉ. માર્ટિન લૂથર કિંગને યાદ કર્યા ટાયરેસ ગિબ્સને ઈન્સ્ટાગ્રામ પર મુંબઈના એક મંદિરની તસવીરો અને વીડિયો શેર કર્યા છે, જેમાં તેઓ શિવલિંગ પર દૂધ ચઢાવતા અને આરતી કરતા જોવા મળી રહ્યા છે. પોતાની પોસ્ટમાં તેમણે વર્ષ 1959માં ડૉ. માર્ટિન લૂથર કિંગ જુનિયરની ભારત યાત્રાનો ઉલ્લેખ કર્યો હતો. ટાયરેસે લખ્યું, 'ડૉ. માર્ટિન લૂથર કિંગ પણ ગાંધીજીના વિચારોને સમજવા ભારત આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે ઈસુ ખ્રિસ્તે તેમને પ્રેમ કરતા શીખવ્યું, પરંતુ મહાત્મા ગાંધીએ તેમને અહિંસાનો માર્ગ બતાવ્યો. એ યાત્રાએ ઈતિહાસ બદલી નાખ્યો હતો.' સામાન્ય પ્રવાસીની જેમ ફરવા આવ્યા ટાયરેસ ટાયરેસે જણાવ્યું કે ભારતમાં આવવાનો તેમનો મુખ્ય હેતુ ધ્યાન (મેડિટેશન) શીખવાનો અને માનસિક શાંતિ મેળવવાનો છે, જેથી તેઓ પોતાના અંદરની બેચેનીને દૂર કરી શકે. તેમણે ભારતમાં મળેલા આતિથ્ય સત્કાર (મહેમાનગતિ) માટે અહીંના લોકોનો આભાર માન્યો હતો. બાળપણના મિત્ર અને મેન્ટર (માર્ગદર્શક)નો આભાર માન્યો આ યાત્રામાં ટાયરેસની સાથે તેમના બાળપણના મિત્ર કેન્યાટા પણ છે. બંને 8 વર્ષની ઉંમરથી મિત્રો છે. ટાયરેસે ભાવુક થઈને કહ્યું, 'કેન્યાટાના પરિવારે મારા બાળપણના સૌથી મુશ્કેલ દિવસોમાં મને સહારો આપ્યો હતો. જ્યારે તમે ખરેખર કૃતજ્ઞ હોવ છો, ત્યારે તમે હંમેશા એવા લોકોનું ઋણ ચૂકવવાનું વિચારો છો જેમણે તમારા ખરાબ સમયમાં સાથ આપ્યો હતો.' ટાયરેસ ગિબ્સન આવનારા સમયમાં ઘણી મોટી ફિલ્મોમાં જોવા મળવાના છે. 'ફાસ્ટ ફોરેવર' (Fast Forever) માં તેઓ ફરીથી પોતાના પ્રખ્યાત પાત્ર 'રોમન પિયર્સ' તરીકે દેખાશે.

# કિસિંગ સીનમાં કંગના રાનૌતે વીર દાસને હોઠમાંથી લોહી કાઢી નાખ્યું હતું, એક્ટરે સચ્ચાઈ જણાવી

નવી દિલ્હી

સોશિયલ મીડિયા પર કંગના રનૌત અને વીર દાસ વિશે એક ખોટા સમાચાર ફરતા થઈ રહ્યા છે. એક કથિત પત્રકાર સિદ્ધાર્થ કન્નન દ્વારા હોસ્ટ કરાયેલા પોડકાસ્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે 2014 માં રિવોલ્વર રાની ફિલ્મના શૂટિંગ દરમિયાન, કંગના રનૌતે વીર દાસને એવી રીતે કિસ કરી જેનાથી તેને લોહી નીકળવા લાગ્યું. જોકે, સ્ટેન્ડ-અપ કોમેડિયનએ આ વાતનો સંપૂર્ણ ઈનકાર કર્યો છે, વાર્તાને "સંપૂર્ણપણે બનાવટી" ગણાવી છે. રવિવારે (28 જૂન) ના રોજ, વીરે ચર્ચાનો જવાબ આપવા માટે X ની મદદ લીધી. કોમેડિયનએ રિવોલ્વર રાનીના સેટ પર કંગનાની વ્યાવસાયિકતાની પ્રશંસા કરી, તેણીને "સંપૂર્ણપણે વ્યાવસાયિક" ગણાવી, જ્યારે દાવાઓને પાયાવિહોણા અને ખોટા ગણાવ્યા હતા.દાવાઓને નકારી કાઢતા, વીરે લખ્યું, આ વાર્તા સંપૂર્ણપણે બનાવટી છે. કંગના એક સંપૂર્ણ વ્યાવસાયિક હતી, અને હું હજુ પણ માનું છું કે તે ખરેખર પ્રતિભાશાળી કલાકાર છે. આ તેની સાથે ખૂબ જ અન્યાય છે. થોડા વર્ષો સાથે કામ કર્યા પછી, તેણે મારી કોમેડી માટે મને આતંકવાદી કહ્યો, પરંતુ સેટ પર બધું બરાબર હતું, કોઈ સમસ્યા નહોતી." આ કોમેડિયન એક સોશિયલ મીડિયા યુઝરના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા, જેમાં લખ્યું હતું કે, "વીર દાસ હંમેશા પોતાના મનની વાત કહેવા માટે જાણીતા છે, તો તેઓ આ પત્રકારના નિવેદન પર કેમ ચૂપ છે? શું તે સાચું કહી રહી છે? @thevirdas." સોશિયલ મીડિયા યુઝર સિદ્ધાર્થ કન્નનના પોડકાસ્ટ પર પત્રકાર સિમી ચાંડોકેના દાવાનો ઉલ્લેખ કરી રહ્યા હતા. તેના શો દરમિયાન, સિમીએ દાવો કર્યો હતો કે કંગનાએ સીન પૂરો થયા પછી પણ વિરને ચુંબન કરવાનું બંધ કર્યું ન હતું, જેના કારણે તે ઘાયલ થયો હતો. સિમીએ કહ્યું, "વીર દાસને તમારા પોડકાસ્ટ પર લાવો. તે કદાચ રડશે, તે જે દુઃખદ સમયમાંથી પસાર થયો તે વિશે વિચારીને. જ્યારે તે રિવોલ્વર રાનીનું શૂટિંગ કરી રહી હતી, ત્યારે તેણીએ એક દ્રશ્યમાં તેને ગાઢ ચુંબન કરવું પડ્યું.



પાક્કો ગુજરાત

મંગળવાર | 30 જૂન 2026 | અમદાવાદ

### અનિશ્ચિત ટીમ કોમ્બિનેશન, પાવરપ્લેમાં ખરાબ શરૂઆત, બુમરાહ પર અતિ-નિર્ભરતા, મિડલ ઑર્ડરની નબળાઇ

# આયર્લેન્ડ સામે હારતાં ટીમ ઈન્ડિયાની નબળાઇ છતી થઇ, મેનેજમેન્ટ પણ દોષિત

મુંબઇ

આયર્લૅન્ડ સામે મળેલી કારમી હાર બાદ ભારતીય ક્રિકેટ જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે. 15 વર્ષીય યુવા સનસનાટી વૈભવ સૂર્યવંશીનું ડેબ્યૂ ન થવું એ સોશિયલ મીડિયા પર અત્યારે સૌથી મોટો ચર્ચાનો વિષય બન્યો છે. સવાલ પણ વાજબી છે કે, જે ખેલાડીએ ઘરેલુ અને જુનિયર ક્રિકેટમાં રૅકોર્ડની ઝડી લગાવી દીધી હોય, તેને પ્લેઈંગ-11માં તક આપવામાં આટલો વિલંબ કેમ? જોકે શું ખરેખર ભારતીય ટીમ માત્ર એટલા માટે હારી ગઈ કે વૈભવને તક ન મળી? જવાબ છે - ના. જો આખી હારનો દોષ માત્ર એક ખેલાડીની પસંદગી પર ઢોળી દેવામાં આવે, તો આપણે એ મોટી તસવીર જોવાનું ચૂકી જઈશું, જે આયલૅન્ડે બે મેચમાં આખી દુનિયા સામે સ્પષ્ટ કરી દીધી છે. ટીમની સમસ્યાઓ માત્ર એક ખેલાડી સુધી સીમિત નથી, પરંતુ પસંદગીથી લઈને વ્યૂહરચના સુધી ફેલાયેલી છે. ભારતની આ શરમજનક હાર પાછળના 6 મુખ્ય કારણો પર એક નજર કરીએ: 1. અનિશ્ચિત ટીમ કોમ્બિનેશન: પ્રયોગશાળા બની ગયેલી ટીમ શ્રેણી શરૂ થઈ ત્યારથી જ પ્લેઈંગ-11ને લઈને અસમંજસની સ્થિતિ હતી. કૅપ્ટન સૂર્યકુમાર યાદવની ભૂમિકાથી લઈને ઓપનિંગ જોડી સુધી કશું જ નક્કી નહોતું. સતત પ્રયોગો ભવિષ્ય માટે ભલે સારા ગણાતા હોય, પરંતુ દરેક આંતરરાષ્ટ્રીય સિરીઝને પ્રયોગશાળા બનાવી દેવી જોખમી સાબિત થઈ શકે છે. ટીમ જ્યારે પોતે જ પોતાની સર્વશ્રેષ્ઠ ઈલેવન નક્કી ન કરી શકે, ત્યારે મેદાન પર તેનું નકારાત્મક પરિણામ દેખાવું સ્વાભાવિક છે. 2. પાવરપ્લેમાં જ ફ્લોપ: ખરાબ શરૂઆત, નબળો અંત T20 ક્રિકેટમાં પ્રથમ 6 ઓવર એટલે કે પાવરપ્લે મેચની દિશા નક્કી કરે છે.



ભારતીય ઓપનરો સતત એવી મજબૂત શરૂઆત આપવામાં નિષ્ફળ રહ્યા છે જેની ટીમને જરૂર હતી. પાવરપ્લેમાં શરૂઆત બગડવાના કારણે મિડલ ઑર્ડર ભારે દબાણમાં આવી ગયો અને આક્રમક ક્રિકેટ રમવાના બદલે માત્ર વિકેટ બચાવવાની કવાયતમાં જ આખી ઈનિંગ્સ વિખેરાઈ ગઈ. 3. બુમરાહ પર અતિ-નિર્ભરતા: વિકલ્પ ક્યાં છે? જસપ્રીત બુમરાહનો વર્કલોડ મેનેજ કરવો એ યોગ્ય નિર્ણય છે, પરંતુ તેમની ગેરહાજરીમાં જવાબદારી સંભાળી શકે તેવો કોઈ ધારદાર વિકલ્પ ભારત પાસે દેખાતો નથી. મોહમ્મદ સિરાજ પણ T20 યોજનાઓમાંથી બહાર ફેંકાઈ ગયા હોય તેવું લાગે છે. પરિણામે આયલૅન્ડ સામે ભારત પાસે ન તો નવો બોલ સ્વિંગ કરનાર બોલર હતો કે ન ડેથ ઓવર્સનો કોઈ સ્પેશિયાલિસ્ટ. શું ભારતીય ટીમે બેકઅપ તૈયાર કરવાના બદલે માત્ર બુમરાહ ભરોસે રહેવાનું જ શીખી લીધું છે? 4. મિડલ ઑર્ડરની પોલ ખૂલી: માત્ર ફ્લેટ પિચના જ બાદશાહ? ભારતીય બેટિંગની કરોડરજ્જુ ગણાતો મિડલ ઑર્ડર પિચમાં થોડો પણ બદલાવ આવતાં જ પત્તાના મહેલની જેમ તૂટી પડ્યો. જ્યાં બોલ થોડો રોકાઈને આવ્યો કે સીમ મૂવમેન્ટ મળી, ત્યાં આપણા મોટા-મોટા હિટર્સ રન માટે વલખાં મારતા દેખાયા. અગાઉ T20 વર્લ્ડ કપમાં અમેરિકા, નામીબિયા અને નેધરલૅન્ડ્સ જેવી ટીમો સામે પણ આ ખામી જોવા મળી હતી, પરંતુ ત્યારે ભારત બચી ગયું હતું.

## ઈંગ્લેન્ડ સામે પહેલી જ મેચમાં વૈભવને સામેલ કરો નહીંતર...: મેનેજમેન્ટને ગાવસ્કરની સલાહ

મુંબઇ

આયરલેન્ડ સામેની T20 સિરીઝમાં ભારતીય ટીમને વેઠવી પડેલી 0-2ની કારમી હાર બાદ ટીમ મેનેજમેન્ટની રણનીતિ પર સતત સવાલો ઉઠી રહ્યા છે. બંને મેચમાં ભારતનો ટોપ ઓર્ડર સંપૂર્ણપણે ફ્લોપ રહ્યો હતો, જેને પગલે 15 વર્ષીય યુવા સેન્સેશન વૈભવ સૂર્યવંશીને પ્લેઈંગ-11માં તક ન આપવા બદલ ફેન્સ અને ક્રિકેટ નિષ્ણાતો નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. હવે આ વિવાદમાં ભારતના પૂર્વ કેપ્ટન અને દિગ્ગજ બેટ્સમેન સુનીલ ગાવસ્કરે પણ ઝંપલાવ્યું છે અને ટીમ ઈન્ડિયાને એક કડક પણ સચોટ સલાહ આપી છે. સુનીલ ગાવસ્કરે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, આગામી ઈંગ્લેન્ડ સામેની પ્રથમ જ T20 મેચમાં વૈભવ સૂર્યવંશીને ડેબ્યૂ કરવાની તક આપવી જોઈએ. તેમનું માનવું છે કે વૈભવ ઈંગ્લેન્ડ માટે સૌથી મોટું 'સરપ્રાઈઝ પેકેજ' સાબિત થઈ શકે છે અને તે મેચનું પાસું પલટાવવાની અદભુત ક્ષમતા ધરાવે છે. ગાવસ્કરે ઉમેર્યું કે, તેઓ છેલ્લા એક મહિનાથી સતત કહી રહ્યા હતા કે આયરલેન્ડ જેવી સિરીઝમાં જ વૈભવને અજમાવી લેવાની જરૂર હતી. સુનીલ ગાવસ્કરે એક ખાસ વાતચીતમાં જણાવ્યું હતું કે, "આયરલેન્ડ સામેની બીજી મેચમાં ભારતે સૂર્યાંશ શેડગે અને ધ્રુવ જુરેલ જેવા નવા ખેલાડીઓને તક આપી હતી. ધ્રુવે શાનદાર બોલિંગ કરીને 3 વિકેટ ઝડપી, જ્યારે બેટિંગમાં માત્ર 1 બોલ રમવાનો મોકો મળતા જ તેણે સિક્સર ફટકારી દીધી. હું એક મહિનાથી કહી રહ્યો હતો કે વૈભવ સૂર્યવંશી શાનદાર ફોર્મમાં છે, તો તેને કેમ ન રમાડાયો? જો પ્રયોગ જ કરવા હતા, તો એક મેચમાં અભિષેક શર્મા અને બીજી મેચમાં સંજુ સેમસનને આરામ આપીને વૈભવને ઓપનિંગમાં અજમાવી શકાયો હોત."

### ECBએ સોશિયલ મીડિયા પર ઇમેશનલ મેસેજ પોસ્ટ કરી

## ઈંગ્લેન્ડના ટેસ્ટ કેપ્ટન બેન સ્ટોક્સે અચાનક ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી

મુંબઇ

ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના દિગ્ગજ ઓલરાઉન્ડર બેન સ્ટોક્સે ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય કર્યો છે. સ્ટોક્સ ન્યૂઝીલેન્ડ અને ઈંગ્લેન્ડ વચ્ચે ટ્રેન્ટ બ્રિજમાં રમાઈ રહેલી વર્તમાન ટેસ્ટ મેચ બાદ ઈન્ટરનેશનલ ક્રિકેટને અલવિદા કહી દેશે. તેના આ નિર્ણયથી ક્રિકેટ જગત ભાવુક થઈ ગયું છે. ચોથા દિવસની (28 જૂન) રમત શરૂ થાય તે પહેલા 35 વર્ષીય બેન સ્ટોક્સે પોતાના સાથી ખેલાડીઓને આ નિર્ણયની જાણકારી આપી હતી. ત્યારબાદ ઈંગ્લેન્ડ ટીમ તરફથી એક ઈમોશનલ મેસેજ પણ શેર કર્યો હતો, જેમાં સ્ટોક્સને ટીમનો સૌથી પ્રેરણાદાયી



કેપ્ટન, લીડર અને મહાન ખેલાડી ગણાવ્યો છે. સ્ટોક્સની નિવૃત્તિના સમાચાર સત્તાવાર રીતે ત્યારે સામે આવ્યા જ્યારે તે ટ્રેન્ટ બ્રિજમાં બોલિંગ કરી રહ્યો હતો. રસપ્રદ વાત એ રહી કે જેવી જ તેની નિવૃત્તિની સત્તાવાર જાહેરાત થઈ, તેના તરત પછી ફેંકવામાં આવેલા પહેલા જ બોલ પર તેણે ન્યૂઝીલેન્ડના બેટર ઝેક ફાઉલકેસની વિકેટ ઝડપી લીધી હતી. સ્ટોક્સ તાજેતરમાં લંડનની એક નાઈટ ક્લબમાં બનેલી ઘટનાના કારણે બીજી ટેસ્ટ રમી શક્યો ન હતો. જોકે ટ્રેન્ટ બ્રિજ ટેસ્ટમાં કેપ્ટન તરીકે તેનું કમબેક થયું હતું. ઈંગ્લિશ ટીમના ટેસ્ટ કેપ્ટને સાથી ખેલાડીઓને કહ્યું, 'મારા આ નિર્ણય પાછળના કારણો પર પછીથી વાત થશે. પરંતુ મેં આ ટીમ, તમારા લોકો અને મારાથી પહેલાના ખેલાડીઓ માટે હંમેશા મારું સર્વસ્વ આપી દીધું છે. હવે મારી પાસે આ છેલ્લી તક છે. મારી બસ એક જ વિનંતી છે કે દરેક વ્યક્તિ એવું જ કરે. આપણે આગામી બે દિવસમાં ઘણી મહેનત કરવાની છે.

## દીપ્તિ સૌથી વધુ વિકેટ લેનારી મહિલા ક્રિકેટર: કોહલી-અનુષ્કા મેચ જોવા પહોંચ્યા

### હરમનપ્રીતની વિમેન્સ ટી-20 વર્લ્ડકપમાં ફાસ્ટેસ્ટ ઈન્ડિયન ફિફ્ટી

લંડન

ઓસ્ટ્રેલિયાએ ભારતને 6 વિકેટે હરાવીને વિમેન્સ T-20 વર્લ્ડ કપમાંથી બહાર કરી દીધું. લોર્ડ્સમાં સ્પિનર દીપ્તિ શર્મા મહિલા ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનારી બોલર બની. કેપ્ટન હરમનપ્રીત કૌરે ભારત તરફથી વર્લ્ડ કપની સૌથી ઝડપી ફિફ્ટી ફટકારી.

સ્ટેડિયમમાં વિરાટ કોહલી અને અનુષ્કા શર્મા ભારતીય ટીમનો ઉત્સાહ વધારતા જોવા મળ્યા. મેચમાં ઓસ્ટ્રેલિયાએ વર્લ્ડ કપ ઈતિહાસનો સૌથી મોટો રન ચેઝ પણ પૂરો કર્યો. ટીમે 171 રનનો ટાર્ગેટ 19 ઓવરમાં હાંસલ કરી લીધો. ઓસ્ટ્રેલિયાએ 171 રનનો ટાર્ગેટ હાંસલ કરીને વિમેન્સ ટી-20 વર્લ્ડ કપનો સૌથી મોટો રન ચેઝ કર્યો. આ પહેલા સૌથી મોટો ચેઝ 164 રનનો હતો. આ ઈંગ્લેન્ડે 2009ના



સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે કર્યો હતો. વર્લ્ડ કપમાં અત્યાર સુધી 150+ રનના 8 સફળ ચેઝમાંથી 6 આ જ એડિશનમાં જોવા મળ્યા છે. જ્યારે, આ ઓસ્ટ્રેલિયાનો મહિલા ટી-20 ઈન્ટરનેશનલમાં બીજો સૌથી મોટો રન ચેઝ પણ રહ્યો. દીપ્તિ શર્માએ મહિલા ઈન્ટરનેશનલ ક્રિકેટમાં નવો ઈતિહાસ રચ્યો. તેણે ઝુલન ગોસ્વામીને પાછળ છોડીને સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ પોતાના નામે કર્યો. તેના ત્રણેય ફોર્મેટ મળીને 356 ઈન્ટરનેશનલ વિકેટ થઈ ગઈ છે, જ્યારે ઝુલન ગોસ્વામીએ પોતાની કારકિર્દીમાં 355 વિકેટ લીધી હતી. દીપ્તિએ ટેસ્ટમાં 22, વનડેમાં 166 અને ટી-20 ઈન્ટરનેશનલમાં 168 વિકેટ મેળવી છે. ભારતીય સ્પિનર શ્રી ચરણીએ આ ટુર્નામેન્ટમાં પોતાની 14મી વિકેટ લીધી. તે મહિલા ટી-20 વર્લ્ડ કપના એક એડિશનમાં સૌથી વધુ વિકેટ લેનારી બીજી બોલર બની ગઈ છે. કોઈ એક એડિશનમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ ન્યુઝીલેન્ડની અમેલિયા કેરના નામે છે. તેણે 2024માં 15 વિકેટ લીધી હતી. હરમનપ્રીત કૌરે ટી-20 વર્લ્ડકપમાં કેપ્ટન તરીકે પોતાનો પાંચમો 50+ સ્કોર બનાવ્યો. તેણે ઓસ્ટ્રેલિયાની મેગ લેનિંગ અને ઈંગ્લેન્ડની ચાર્લોટ એડવર્ડ્સના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. હરમનપ્રીતે માત્ર 25 બોલમાં ફિફ્ટી પૂરી કરી. આ મહિલા ટી-20 વર્લ્ડ કપમાં કોઈ ભારતીય બેટ્સમેનની સૌથી ઝડપી ફિફ્ટી છે.

તેણે પોતાનો જ 2024નો 27 બોલનો રેકોર્ડ તોડ્યો. આ ઓસ્ટ્રેલિયા સામે મહિલા ટી-20 ઈન્ટરનેશનલમાં ત્રીજી સૌથી ફાસ્ટેસ્ટ ફિફ્ટી પણ છે. આ યાદીમાં વેસ્ટ ઈન્ડીઝની ડિયેન્ડ્રા ડોટિન (22 બોલ) પ્રથમ અને ઈંગ્લેન્ડની સોફિયા ડંકલી (24 બોલ) બીજા સ્થાને છે. ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌરે ઈનિંગ્સની છેલ્લી ઓવરમાં ઓસ્ટ્રેલિયન કેપ્ટન સોફી મોલિન્યુ પર સતત ત્રણ છગ્ગા ફટકાર્યા. આ સાથે તે મહિલા ટી-20 વર્લ્ડ કપના ઈતિહાસમાં એક ઓવરમાં ત્રણ કે તેથી વધુ છગ્ગા ફટકારનાર ચોથી બેટ્સમેન બની ગઈ.



### 10 ગ્રામ સોનું ₹2,038 મોંઘું થયું, આ વર્ષે ભાવ ₹9 હજાર વધી ચૂક્યા છે

# ચાંદી ₹5,059 વધીને ₹2.22 લાખ પ્રતિ કિલો પર પહોંચી

મુંબઇ

સોના-ચાંદીના ભાવમાં 29 જૂને વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, આજે 1 કિલો ચાંદી 5,059 રૂપિયા વધીને 2.22 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. જ્યારે 10 ગ્રામ 24 કેરેટ સોનું આજે 2,038 રૂપિયા વધીને 1.42 લાખ રૂપિયા પર આવી ગયું છે. આ પહેલા તે 1.40 લાખ પર હતું. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 2026માં અત્યાર સુધી સોનું 9 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.42 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદી 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ



કિલો હતી, જે હવે 2.22 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. એટલે કે તેની કિંમત 8 હજાર રૂપિયા ઓછી થઈ છે. આ દરમિયાન 29 જાન્યુઆરીના રોજ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયા ઓલટાઈમ હાઈ પર હતી. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલ સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે. સોના-ચાંદીના ભાવમાં 29 જૂને વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, આજે 1 કિલો ચાંદી 5,059 રૂપિયા વધીને 2.22 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. જ્યારે 10 ગ્રામ 24 કેરેટ સોનું આજે 2,038 રૂપિયા વધીને 1.42 લાખ રૂપિયા પર આવી ગયું છે.

### ખર્ચ ઘટાડવા અને AI અપનાવવા માટે પગલું ભર્યું

## બ્રિટિશ અમેરિકન ટોબેકો આ વર્ષે 9,000 કર્મચારીઓની છટણી કરશે

લંડન

લંડન સ્થિત દુનિયાની સૌથી મોટી તમાકુ કંપનીઓમાંથી એક બ્રિટિશ અમેરિકન ટોબેકો આ વર્ષે તેના કુલ 47,000 કર્મચારીઓમાંથી લગભગ પાંચમા ભાગના એટલે કે લગભગ 20% કર્મચારીઓની છટણી કરવા જઈ રહી છે. કંપનીએ જાહેરાત કરી છે કે તે ખર્ચ ઘટાડવા અને ટેકનોલોજી સક્ષમ બનવા માટે આ વર્ષના અંત સુધીમાં 5,500 નોકરીઓ સમાપ્ત કરશે અને 3,500 અન્ય પદોને આઉટસોર્સ કરશે, જેનાથી કુલ 9,000 કર્મચારીઓ પ્રભાવિત થશે. FTSE 100 માં સામેલ આ કંપની વર્તમાનમાં પરંપરાગત સિગારેટની ઘટતી માગ અને નિકોટિનના અન્ય વિકલ્પો (જેમ કે વેપ્સ અને પાઉચ) માં રોકાણ વધારવાના દબાણનો સામનો કરી રહી છે. વાર્ષિક 600 મિલિયન પાઉન્ડની બચતનું લક્ષ્ય કંપનીએ જણાવ્યું કે નોકરીઓમાં આ કાપ તેના એક




'ટ્રાન્સફોર્મેશન પ્રોગ્રામ'નો ભાગ છે. કંપનીને વર્ષ 2028ના અંત સુધીમાં 600 મિલિયન પાઉન્ડની વાર્ષિક ખર્ચ બચત થવાની અપેક્ષા છે. કંપની ડનહિલ અને પીટર સ્ટુઈવેસન્ટ જેવી લોકપ્રિય સિગારેટ બ્રાન્ડ્સ બનાવે છે. CEO બોલ્યા- અમે ફ્યુચર-રેડી ઓર્ગેનાઈઝેશન બનાવી રહ્યા છીએ BATના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) ટેડુ મારોકોએ જણાવ્યું કે અમે એક ફ્યુચર-રેડી ઓર્ગેનાઈઝેશન બનાવી રહ્યા છીએ, જે વધુ ચપળ, ખર્ચના મામલે અનુશાસિત અને ટેકનોલોજી-સક્ષમ છે. આ ફેરફારોથી અમારા ઘણા સહયોગીઓ પ્રભાવિત થઈ રહ્યા છે અને અમે આ બદલાવ દરમિયાન તેમને કાળજી અને સન્માન સાથે સહયોગ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ, કારણ કે અમે બિઝનેસને ભવિષ્ય માટે તૈયાર કરી રહ્યા છીએ. અમેરિકામાં કોઈ છટણી નહીં, એક્સેન્ચર કામ સંભાળશે કંપનીએ સ્પષ્ટ કર્યું છે કે અમેરિકામાં તેના બિઝનેસમાં કોઈ છટણી નહીં થાય, જ્યાં તે તેની પેટાકંપની રેનોલ્ડ્સ અમેરિકન હેઠળ કામ કરે છે. ગયા વર્ષે BAT એ તેના કેટલાક કામોને આઉટસોર્સ કરવા માટે ટેકનોલોજી કન્સલ્ટન્સી કંપની એક્સેન્ચર સાથે ભાગીદારી કરી હતી.

### આગામી ત્રણ મહિનામાં તહેવારો અને લગ્નની સીઝન શરૂ થઇ રહી છે

# 3 મહિનામાં ભારતીયોએ ઘરમાં મૂકી રાખેલું 50,000 કિલો સોનું વેચી માર્યું

### એપ્રિલ-જૂનના માત્ર 90 દિવસની અંદર ગ્રાહકોએ આશરે 50,000 કિલોગ્રામ(50 ટન) જૂનું સોનું વેચી દીધું છે, જે ગયા વર્ષની સરખામણીએ 43 ટકા વધુ છે.

મુંબઇ

ભારતમાં સોનાના ભાવમાં આવેલા તીવ્ર ઘટાડાને કારણે સામાન્ય પરિવારો અને રોકાણકારોમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. આગામી સમયમાં સોનાના ભાવ હજુ વધુ ગગડશે તેવા ડરથી લોકો સોનું ખરીદવાને બદલે પોતાના ઘરનું જૂનું સોનું વેચી રહ્યા છે. 'ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિએશન'(IBJA)ના જણાવ્યા અનુસાર, એપ્રિલ-જૂનના માત્ર 90 દિવસની અંદર ગ્રાહકોએ આશરે 50,000 કિલોગ્રામ(50 ટન) જૂનું સોનું વેચી દીધું છે, જે ગયા વર્ષની સરખામણીએ 43 ટકા વધુ છે. મોટાભાગના લોકો સોનાના બદલામાં નવા દાગીના લેવાને બદલે રોકડા(કેશ) લેવાનું વધુ પસંદ કરી રહ્યા છે. 5 મહિનામાં 36,000 રૂપિયાનો ઘટાડો જાન્યુઆરી 2026માં 10 ગ્રામ સોનાનો ભાવ 1,80,000 રૂપિયાની ઐતિહાસિક સપાટીએ હતો, જે આજે MCX પર ઘટીને 1,43,205 રૂપિયા પ્રતિ 10



ગ્રામ પર ટ્રેડ થઈ રહ્યો છે. એટલે કે માત્ર પાંચ મહિનામાં સોનાના ભાવમાં અંદાજે 36,000 રૂપિયાનો મોટો કડાકો બોલાયો છે. ઓલ બુલિયન જ્વેલર્સ ઍસોસિએશનના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં સોનાનો ભાવ ઘટીને 1,35,000 અથવા તો 1,20,000 રૂપિયા સુધી નીચે આવી શકે છે. વૈશ્વિક બજારમાં પણ સોનું 3,850 ડૉલરથી 4,030 ડૉલર પ્રતિ આઉન્સની રેન્જમાં રહેવાની શક્યતા છે. લગ્નસરા પહેલાં અસમંજસ આગામી ત્રણ મહિનામાં તહેવારો અને લગ્નની સીઝન શરૂ થઈ રહી છે. જેમના ઘરે લગ્ન છે, તેઓ પણ દાગીનાની કિંમત વધુ ઘટી ન જાય તે માટે અત્યારથી જ જૂનું સોનું વેચીને નવું ખરીદવાનું પ્લાનિંગ કરી રહ્યા છે.

ગોલ્ડ રિસાયકલિંગ વધશે: નાણાકીય વર્ષ 2025-26માં ભારતે 72.4 અબજ ડૉલરના સોનાની આયાત કરી હતી. વર્ષ 2025માં રિસાયકલિંગ દ્વારા 125થી 150 ટન સોનું બજારમાં પાછું આવ્યું હતું, જે વર્તમાન ટ્રેન્ડ મુજબ 2026માં વધીને 200થી 250 ટન સુધી પહોંચી શકે છે. ઘરોમાં સોનાનો ભંડાર: એક અનુમાન મુજબ, ભારતીય પરિવારો પાસે અંદાજે 30,000 ટન સોનું રાખેલું છે, જે વિશ્વમાં સૌથી વધુ પૈકીનું એક છે.

## સેન્સેક્સ 372 પોઈન્ટ ઘટીને 76728 પર બંધ

■ નિફ્ટી 110 પોઈન્ટ ઘટીને 23946 પર આવ્યો; ઓટો અને આઈટી શેરમાં ભારે વેચવાલી

મુંબઇ

આજે 29 જૂને શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 372 પોઈન્ટ ઘટીને 76728 પર બંધ થયો, જ્યારે નિફ્ટી 110 પોઈન્ટ ઘટીને 23946 પર બંધ થયો. ઓટો, આઈટી અને મીડિયા શેરમાં ભારે વેચવાલી જોવા મળી.આ પહેલા ગુરુવાર, 25 જૂને બજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 109 પોઈન્ટના વધારા સાથે 77,100 પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટીમાં પણ 34 પોઈન્ટનો વધારો જોવા મળ્યો હતો, જે 24,056 પર બંધ થયો હતો. વ્યાપક બજારમાં પણ નબળા સેન્ટિમેન્ટ પ્રવર્તી રહ્યા હતા. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ આશરે 0.82 ટકાના ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ લગભગ 0.92 ટકાના ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્ષેત્રીય સૂચકાંકોની દ્રષ્ટિએ, ફાર્મા અને હેલ્થકેર શેરોએ પ્રમાણમાં સારું પ્રદર્શન કર્યું. બીજી તરફ, આઈટી સેક્ટરે સૌથી નોંધપાત્ર દબાણનો સામનો કરવો પડ્યો, જેના કારણે બજાર સેન્ટિમેન્ટ શાંત રહ્યું.

અમેરિકા-ઈરાન તણાવને કારણે એશિયન બજારોમાં દબાણ.

સપ્તાહના અંતે, અમેરિકાએ ઈરાની લશ્કરી સ્થળો પર હુમલો કર્યો, જેના કારણે પશ્ચિમ એશિયામાં તણાવ ફરી એકવાર વધ્યો. ત્યારબાદ, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કડક ચેતવણી આપી, ઈરાન પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો. વધતા ભૂરાજકીય તણાવની અસર એશિયન શેરબજારો પર પણ અનુભવાઈ. શરૂઆતના કારોબારમાં, જાપાનનો નિક્કી 225 આશરે 0.75 ટકા ઘટ્યો, જ્યારે દક્ષિણ કોરિયાનો કોસ્પી 1.14 ટકા ઘટ્યો.

# સાણંદ પોલીસ સ્ટેશનની હદમાં દેશી દારૂ અને જુગારનો વેપાર બેફામ : ગાંધીના ગુજરાતમાં કાયદો બન્યો રમકડું?




**સાણંદ/અમદાવાદ**

ગુજરાતમાં સત્તાવાર રીતે દારૂબંધી છે, પણ વાસ્તવિકતા એ છે કે બુટલેગરો અને ભ્રષ્ટ પોલીસ અધિકારીઓની જુગલબંદીએ આ કાયદાના લીરેલીરા ઉડાવી દીધા છે. અમદાવાદ ગ્રામ્યના ઔદ્યોગિક હબ ગણાતા સાણંદ પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં હાલ દેશી દારૂ અને જુગારના અડ્ડાઓ કોઈ પણ જાતના ડર વગર બેફામ રીતે ધમધમી રહ્યા હોવાની વ્યાપક બૂમો ઉઠી છે. સ્થાનિક સૂત્રો અને જનતામાં ચાલતી ચર્ચા મુજબ, આ આખી રમત પાછળ પોલીસ ઈન્સ્પેક્ટર (PI) નું કથિત 'હપ્તા રાજ' અને વહીવટદારોની બેફામ લુખ્ખાગીરી કામ કરી રહી છે.

'પાક્કો ગુજરાત'ના આ વિશેષ અહેવાલમાં આજે આપણે સાણંદ પોલીસની એ કાળી બાજુ પરથી પરદો હટાવીશું, જે રોજેરોજ કાયદાની આડમાં લાખો રૂપિયાનો વહીવટ કરી રહી છે.

સાણંદ પંથકમાં નાના-મોટા ગામડાઓથી લઈને હાઈવેની આસપાસ દેશી દારૂની ભઠ્ઠીઓ અને જુગારની ક્લબો ધમધમી રહી છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે પોલીસ સ્ટેશનના પીઆઈના ખાસ ગણાતા 'વહીવટદારો' બુટલેગરો અને જુગારીઓ પાસેથી સમયસર હપ્તા ઉઘરાવવાનું કામ કરી રહ્યા છે. હપ્તો પહોંચી જાય એટલે પોલીસ પોતાની આંખો પર કાયદાની પટ્ટી બાંધી દે છે.

સૌથી મોટો સવાલ લોકલ ક્રાઈમ બ્રાન્ચ

## ■ PIનું કથિત 'હપ્તા રાજ' અને LCB પણ નિષ્ક્રિય

## ■ વહીવટદારોના જોરે ધમધમતા અડ્ડાઓ સામે જિલ્લા એસપી કેમ મૌન?

(LCB) સામે પણ ઉઠી રહ્યો છે. જિલ્લામાં ગુનાખોરી ડામવાની જવાબદારી જે એજન્સીની છે, તે એલસીબી પણ સાણંદના આ ગેરકાયદેસર અડ્ડાઓ સામે સાવ નિષ્ક્રિય અને લાચાર જોવા મળી રહી છે. શું એલસીબી સુધી પણ આ કમાણીનો હિસ્સો પહોંચી રહ્યો છે? એવો વેધક સવાલ આજે જનતા પૂછી રહી છે.

જ્યારે સ્થાનિક પોલીસ લાલચુ બને ત્યારે જનતાની આશા જિલ્લાના પોલીસ અધિક્ષક (SP) પર ટકેલી હોય છે. પરંતુ સાણંદમાં પરિસ્થિતિ એવી છે કે જિલ્લા એસપી કક્ષાએથી પણ આ અડ્ડાઓ પર કોઈ મોટી કે કડક રેડ કરવામાં આવતી નથી. ઉચ્ચ અધિકારીઓનું આ મૌન ભ્રષ્ટ કર્મચારીઓ અને બુટલેગરો માટે પ્રોત્સાહન સમાન સાબિત થઈ રહ્યું છે. ફેક્ટરીઓમાં કામ કરતા મજૂરો અને સ્થાનિક યુવાનો આ દેશી દારૂના રવાડે ચડીને બરબાદ થઈ રહ્યા છે, અનેક પરિવારો રઝળી પડ્યા છે, પણ પોલીસ માટે જનતાની બરબાદી કરતાં 'હપ્તાની કમાણી' વધુ વહાલી હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

### 'પાક્કો ગુજરાત'ના સળગતા સવાલો:

સાણંદ પોલીસ સ્ટેશનના પીઆઈને આ અડ્ડાઓ કેમ દેખાતા નથી? શું વહીવટદારોની લાઈન ક્લિયર છે?

ગાંધીનગર બેઠેલા ઉચ્ચ અધિકારીઓ દારૂબંધીના બણગાં ફૂંકે છે, તો સાણંદમાં રોજ હજારો લીટર દેશી દારૂ ક્યાંથી રેલાય છે?

જિલ્લા એસપી આ મામલે કડક એક્શન લઈને ભ્રષ્ટ પીઆઈ અને વહીવટદારો સામે ક્યારે લાલ આંખ કરશે?

અંતમાં એટલું જ...

કાયદો સામાન્ય માણસને લોકઅપ ભેગો કરવા માટે ઝડપી બને છે, પણ લાખો રૂપિયાનો વહીવટ આપતા બુટલેગરો સામે એ જ કાયદો નતમસ્તક થઈ જાય છે. 'પાક્કો ગુજરાત' આ ભ્રષ્ટ સિસ્ટમ સામે અવાજ ઉઠાવતું રહેશે. જો સાણંદ પોલીસ વહેલી તકે નહીં જાગે, તો જનતા પોતે જ જનતા રેડ કરીને આ પાપના અડ્ડાઓનો પર્દાફાશ કરશે.

# ભગવાન જગન્નાથની જળયાત્રા યોજાઈ



ભગવાન જગન્નાથજીની 149મી ઐતિહાસિક રથયાત્રા પહેલા સોમવાર, 29 જૂને પરંપરાગત જળયાત્રા યોજાઈ હતી અને 108 કળશમાં નદીના નીરથી ભગવાનનો જળાભિષેક કરાયો હતો

**અમદાવાદ**

અમદાવાદમાં 149મી જગન્નાથ રથયાત્રા મહોત્સવના ભાગરૂપે યોજાયેલી જળયાત્રા દરમિયાન ભક્તો માથા પર કળશ ધારણ કરીને શોભાયાત્રામાં જોડાયા હતાં. આ જળયાત્રા જગન્નાથ મંદિરથી સાબરમતી નદી સુધી નીકળી હતી, જ્યાં ભગવાન જગન્નાથ, ભાઈ બળભદ્ર અને બહેન સુભદ્રાના પવિત્ર જળાભિષેક માટે પાણી લાવવામાં આવ્યું હતું.

અમદાવાદમાં આગામી 16મી જુલાઈએ અષાઢી બીજના પાવન પર્વે યોજાનારી ભગવાન જગન્નાથજીની 149મી ઐતિહાસિક રથયાત્રા પહેલા સોમવાર, 29 જૂને પરંપરાગત જળયાત્રા યોજાઈ હતી અને 108 કળશમાં નદીના નીરથી ભગવાનનો જળાભિષેક કરાયો હતો. સાબરમતી નદીમાંથી લાવવામાં આવેલા પવિત્ર જળ દ્વારા મંદિરના મહંત અને અન્ય સાધુ-સંતોની ઉપસ્થિતમાં વૈદિક મંત્રોચ્ચાર અને શંખનાદ સાથે ભગવાનને ભગવાનનો જળાભિષેક કર્યો હતો.

શહેરના જમાલપુર સ્થિત જગન્નાથજી મંદિર ખાતેથી વિધિવત જળયાત્રાનું પ્રસ્થાન થયું હતું.

તેમાં બળદગાડા પર ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બળભદ્રજીને બિરાજિત કરવામાં આવ્યા હતાં. યાત્રામાં ગજરાજ, ઘોડાગાડી, ધ્વજ-કળશ સાથે કાવડિયો અને અખાડા આકર્ષણનું કેન્દ્ર બન્યા હતાં. આ જળયાત્રા સાબરમતી નદીના કિનારે આવેલા સોમનાથ ભૂદરના આરે પહોંચી હતી અને ત્યાંથી વૈદિક મંત્રોચ્ચાર સાથે સાબરમતી નદીનું પવિત્ર જળ 108 કળશમાં ભરવામાં આવ્યું હતું.

જળયાત્રાના સમગ્ર રૂટ પર કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે 500થી વધુ પોલીસ જવાનો અને હોમગાર્ડ્સના જવાનો તૈનાત કરાયા હતાં. સમગ્ર રૂટ પર સીસીટીવી અને ડ્રોન કેમેરાની મદદથી ચાંપતી દેખરેખ રખાઈ હતી.

# દર્પણ છ રસ્તા નજીક આધેડને માથાફરેલો શખસોએ લાકડીથી માર માર્યો : ઈજાગ્રસ્ત યુવકને હોસ્પિટલ ખસેડાયો

### મેમનગર ફાયર સ્ટેશનથી નવરંગપુરા પોલીસ ચોકી તરફ જતા દર્પણ છ રસ્તા નજીક એક આધેડ વયના સફાઈ કામદાર પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો

**અમદાવાદ**

અમદાવાદના નારણપુરા દર્પણ છ રસ્તા નજીક મારામારીનો વીડિયો વાઈરલ થયો છે. દારૂ પીધેલા યુવકે ગાળાગાળી કરતા લોકો ઉશ્કેરાયા હતા અને તેને માર માર્યો હતો. ઈજાગ્રસ્ત યુવકને હોસ્પિટલ ખસેડાયો. યુનિવર્સિટી પોલીસે હજુ ફરિયાદ નોંધી નથી, પરંતુ વાઈરલ વીડિયોના આધારે તપાસ શરૂ કરી છે. મેમનગર ફાયર સ્ટેશનથી નવરંગપુરા પોલીસ ચોકી તરફ જતા દર્પણ છ રસ્તા નજીક એક આધેડ વયના સફાઈ કામદાર પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ત્રણ જેટલા શખસોએ રસ્તાની વચોવચ વાહનોની



અવરજવર અટકાવીને આ આધેડને માર મારવાનું શરૂ કર્યું હતું. આ જાહેરમાં થયેલી મારામારીનો વીડિયો પણ વાઈરલ થતાં લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. મળતી માહિતી અનુસાર, સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા વીડિયોમાં હુમલાખોરોએ આધેડને કોઈ જ દયા દાખવ્યા વિના ફટકાર્યા હતા. જેમાં એક શખસે આધેડ પર દંડાથી માર માર્યો હતો. જ્યારે અન્ય એક શખસ તેમને જમીન પર પાડીને સતત લાતો મારી રહ્યો હતો. આ અમાનવીય હુમલાના કારણે સફાઈ કામદાર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. જોકે, આસપાસથી પસાર થતા કેટલાક જાગૃત નાગરિકોએ હિંમત દાખવીને વચ્ચે પડી આધેડને હુમલાખોરોથી બચાવ્યા હતા. ત્યારબાદ ઈજાગ્રસ્ત આધેડને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ સમગ્ર ઘટનાની જાણ થતાં જ ગુજરાત યુનિવર્સિટી પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને તપાસ શરૂ કરી હતી.

ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.આર. બાવાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, 'પોલીસની એક ટીમ સોલા સિવિલ હોસ્પિટલમાં પીડિતનું નિવેદન લેવા અને ફરિયાદ નોંધવા પહોંચી હતી.

# ધંધુકા પાસે બે કાર અથડાઈ, ડૉક્ટર પરિવાર ઘાયલ:સાળંગપુરથી પરત ફરતી વખતે ત્રણને સામાન્ય ઈજા




**અમદાવાદ**

અમદાવાદ જિલ્લાના ધંધુકા-રાયકા રોડ પર ગમારા છાત્રાલય નજીક બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં સાળંગપુરથી દર્શન કરીને અમદાવાદ પરત ફરી રહેલા એક ડોક્ટર પરિવારને ઈજા થઈ હતી. અકસ્માતમાં એક મહિલા સહિત કુલ ત્રણ વ્યક્તિને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા. 108 ઈમરજન્સી સેવા દ્વારા ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધંધુકાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ધંધુકા પોલીસે ઘટનાસ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે અને અકસ્માતનું કારણ જાણવા વધુ તપાસ શરૂ કરી છે. અકસ્માતને કારણે થોડા સમય માટે માર્ગ પર વાહન વ્યવહાર પ્રભાવિત થયો હતો.

નિકોલમાં દારૂના નશામાં યુવકનો હંગામો

# યુવતીની છેડતી આરોપમાં લોકોએ મેથીપાક ચખાડ્યો : વીડિયો સો. મીડિયામાં વાયરલ થયો

### આ અંગે પોલીસે પ્રોહિબિશનનો ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી

**અમદાવાદ**

અમદાવાદના નિકોલ વિસ્તારમાં દારૂના નશામાં ધૂત એક યુવકે જાહેરમાં હંગામો મચાવ્યો હોવાની ઘટના સામે આવી છે. નિકોલની ચાણક્ય સ્કૂલ નજીક બનેલી આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ચર્ચા જાગી છે. શરૂઆતમાં એવા આક્ષેપો થયા હતા કે આ યુવકે ત્યાંથી પસાર થતી એક યુવતીની છેડતી કરી હતી. ઘટના સમયે એક યુવતી અને અન્ય લોકો બાઈક પર પસાર થઈ રહ્યા હતા, ત્યારે નશામાં ધૂત આ યુવક તેમની ગાડી સાથે અથડાયો હતો. આ બાબતને લઈને આસપાસના સ્થાનિક લોકો



ભારે રોષે ભરાયા હતા. ઉશ્કેરાયેલા લોકોએ યુવકને ઘટનાસ્થળે જ પકડી લીધો હતો અને જાહેરમાં તેનો બરાબરનો 'મેથીપાક' ચખાડ્યો હતો. ત્યારબાદ લોકોએ તેને પોલીસના હવાલે કરી દીધો હતો. આ અંગે પોલીસે પ્રોહિબિશનનો ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

નિકોલમાં એક યુવકે જાહેરમાં રોડ પર હંગામો મચાવ્યો હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં ફરતો થયો છે. દારૂના નશામાં ધૂત આ યુવક પર એક યુવતીની છેડતી કરવાનો આક્ષેપ થયો હતો. જેને પગલે સ્થાનિકો રોષે ભરાયા હતા. આ સમગ્ર ઘટનાનો એક વીડિયો પણ સોશિયલ મીડિયામાં ફરતો થયો છે. જેમાં ઉશ્કેરાયેલા લોકો યુવકને પાઠ ભણાવતા અને પકડી રાખતા જોવા મળી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર, નિકોલ વિસ્તારમાં આવેલી ચાણક્ય સ્કૂલ નજીક એક યુવતી અને અન્ય કેટલાક લોકો બાઈક પર પસાર થઈ રહ્યા હતા. ત્યારે દારૂના નશામાં ચાલતા આવતા આ યુવકે તેની કારને ટક્કર મારી હતી. ત્યારબાદ યુવકે યુવતીની છેડતી કરી હોવાથી આસપાસથી મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા.

# 5 સ્ટારમાં લંચના 3,000 રૂપિયા પણ કિચનમાંથી નીકળે છે કોકરોચ..! ફૂડ આઇટમમાંથી જીવાત નીકળવા અંગે અમદાવાદીઓનો ફાટ્યો આક્રોશ..!

**અમદાવાદ**

ગુજરાતીઓ એટલે ખાણી-પીણીના શોખીન. શનિ-રવિ થાય એટલે અમદાવાદીઓ ફેમિલી સાથે નવી-નવી રેસ્ટોરન્ટ્સ અને હોટલોના સ્વાદ માણવા નીકળી પડે. પણ છેલ્લા કેટલાક સમયથી અમદાવાદની નાની હોટલો તો ઠીક, નામાંકિત ફાઈવસ્ટાર હોટલો અને બ્રાન્ડેડ કાફેના કિચનમાંથી જે તસવીરો અને વીડિયો સામે આવી રહ્યા છે, તેણે અમદાવાદીઓનો સ્વાદ બગાડી નાખ્યો છે. સંભારમાંથી મરેલો ઉંદર, શાકમાંથી ઈયળ, અને આઈસ્ક્રીમમાંથી માનવ આંગળી મળવાની ઘટનાઓ હજી શાંત નથી થઈ, ત્યાં ફાઈવસ્ટાર હોટલોના શાહી કિચનમાંથી વંદા (કોકરોચ) અને જીવાત નીકળવાનો સિલસિલો શરૂ થયો છે.


આ ગંભીર મુદ્દે 'પાક્કો ગુજરાત'ની ટીમે જ્યારે સામાન્ય અમદાવાદીઓ સાથે ગ્રાઉન્ડ ઝીરો પર વાતચીત કરી, ત્યારે જનતાનો આક્રોશ કેમેરા સામે કઈક આ રીતે બહાર આવ્યો.

વીડિયો ઈન્ટરવ્યુ દરમિયાન એક જાગૃત અમદાવાદીએ રોષ ઠાલવતા કહ્યું, 'સાહેબ, વીકએન્ડમાં ફેમિલી સાથે ફાઈવસ્ટાર હોટલમાં લંચ કરવા જઈએ એટલે એક વ્યક્તિની થાળીના ૩,૦૦૦ રૂપિયા વસૂલવામાં આવે છે. ૪ લોકોના પરિવારનું બિલ આરામથી ૧૦,૦૦૦ ને પાર થઈ જાય. અમે આટલા પૈસા શેના આપીએ છીએ? લક્ઝરી એમ્બિયન્સના કે ક્વોલિટી અને હાઈજીનના? જો ૩,૦૦૦ રૂપિયા આપ્યા પછી પણ ખાવામાંથી કોકરોચ કે ઈયળ નીકળવાની હોય, તો હવે બહાર જમવા જતા પહેલાં ૪-૫ વાર વિચાર કરવો પડે છે.'

અન્ય એક મહિલા ગ્રાહકે જણાવ્યું, 'પહેલાં એવું હતું કે લારી-ગલ્લા પર હાઈજીન નથી હોતું એટલે લોકો મોટી હોટલોમાં જતા. પણ હવે તો મોટી હોટલોના કિચન વધારે ગંદા અને બદબૂદાર નીકળે છે. AMCના હેલ્થ ડિપાર્ટમેન્ટના દરોડામાં જે વીડિયો સામે આવે છે તે જોઈને ઉબકા આવે છે.

પથ્થરમારાના વાઈરલ વીડિયોથી FIR પર ઉઠ્યા સવાલો

# રથયાત્રા પહેલા દરિયાપુરમાં જૂથ અથડામણ, સામાન્ય બોલાચાલી બાદ મામલો બિચક્યો હતો



**અમદાવાદ**

અમદાવાદમાં રથયાત્રા પૂર્વે દરિયાપુરના દાંડીયાવાડમાં જૂની અદાવતે બે યુવકો વચ્ચેની તકરારે મોટું સ્વરૂપ ધારણ કર્યું. જેમાં બે જૂથ વચ્ચે ઝપાઝપી થતા એક મહિલાને ઈજા થઈ હતી. આ અથડામણમાં વાહનોને પણ નુકસાન થયું. બંને પક્ષે સામસામી ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. અમદાવાદમાં આગામી રથયાત્રા પહેલાં દરિયાપુર વિસ્તારમાં દાંડીયાવાડના નાકા નજીક બે યુવકો વચ્ચે જૂની અદાવતમાં થયેલી સામાન્ય તકરારે મોટું સ્વરૂપ ધારણ કરી લીધું હતું. લોકોની સમજાવટથી મામલો થોડીવાર માટે શાંત પડ્યો હતો, પરંતુ બાદમાં બંને પરિવારો આમને-સામને આવી જતાં વાતાવરણ ફરી ગરમાયું હતું. આ વિવાદ એટલો વકર્યો કે મહિલાઓ વચ્ચે પણ ઝપાઝપી થઈ હતી. તેમાં એક મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા તેને હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. મળતી માહિતી અનુસાર, ગઈકાલે દરિયાપુર બે યુવકો વચ્ચે થયેલી તકરાર બાદ દંડા અને અન્ય હથિયારો સાથે બે જૂથ અથડામણ થઈ હતી. જેમાં કેટલાક તત્ત્વોએ વાહનોને નિશાન બનાવી તોડફોડ કરી હતી, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. આ ઘટના સંદર્ભે બંને જૂથો દ્વારા દરિયાપુર પોલીસ સ્ટેશનમાં એકબીજા સામે હથિયારો સાથે જીવલેણ હુમલો કરવા અંગેની સામસામી ફરિયાદો નોંધાવવામાં આવી છે. પોલીસે બંને પક્ષોની રજૂઆતના આધારે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. આ સમગ્ર ઘટના અંગે સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા એક વીડિયોએ નવો વિવાદ સર્જ્યો છે. આ વીડિયોમાં સ્પષ્ટપણે જોવા મળી રહ્યું છે કે લોકો એકબીજા પર પથ્થરમારો કરી રહ્યા છે અને નાસભાગ મચી છે.

# અમદાવાદમાં SBI બેંક રણમેદાન બની: ચાંદખેડાના સ્નેહ પ્લાઝામાં વીડિયો બનાવવા મુદ્દે ભારે બબાલ

### સિક્યુરિટી ગાર્ડે ગ્રાહકનો ફોન ઝૂંટવી જમીન પર પછાડી તોડી નાખ્યો!

**અમદાવાદ**

મોટાભાગે ગ્રાહકો સાથેના ખરાબ વર્તનને લઈને ચર્ચામાં રહેતી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) ફરી એકવાર વિવાદના મધપૂડામાં હોમાઈ છે. અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં આવેલા સ્નેહ પ્લાઝાની એસબીઆઈ બ્રાન્ચમાં વીડિયો ઉતારવા જેવી નજીવી બાબતે જોરદાર રાડા-રોડી અને મારામારીના દ્રશ્યો સર્જાયા છે. બેંકના સિક્યુરિટી ગાર્ડે કાયદો હાથમાં લઈને ગ્રાહકનો કિંમતી મોબાઈલ ફોન આંચકી, તેને તોડી નાખતા મામલો ગરમાયો હતો અને બંને પક્ષો વચ્ચે છૂટ્ટાહાથની ઝપાઝપી થઈ હતી.

મળતી પ્રાથમિક વિગતો મુજબ, ચાંદખેડાના સ્નેહ પ્લાઝામાં આવેલી SBI બેંકમાં કોઈ કામ અર્થે ગ્રાહકો આવ્યા હતા. બેંકની કામગીરી કે કોઈ સુવિધાના અભાવે ગ્રાહકે પોતાના મોબાઈલ કેમેરાથી વીડિયો શૂટ કરવાનું શરૂ કર્યું હતું. બેંકની અંદર વીડિયો ઉતરતો જોઈ ત્યાં તહેનાત સિક્યુરિટી ગાર્ડ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો. ગ્રાહકને શાંતિથી સમજાવવાના બદલે સિક્યુરિટી ગાર્ડે પાવર બતાવીને ગ્રાહકના હાથમાંથી ઝાપટ મારીને ફોન ખેંચી લીધો હતો અને તેને જમીન પર પછાડીને કુરચો બોલાવી દીધો હતો.

પોતાનો મોંઘોદાટ ફોન સિક્યુરિટી ગાર્ડે સરેઆમ તોડી નાખતા ગ્રાહકનો પિત્તો પણ ગયો હતો. જોતજોતામાં બેંક પરિસરમાં જ ગ્રાહક પક્ષ અને સિક્યુરિટી ગાર્ડ વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ ગઈ હતી. વાત આટલેથી જ ન અટકી, બંને પક્ષો એકબીજા પર તૂટી પડ્યા હતા અને બેંકની અંદર જ જાહેરમાં જોરદાર ઝપાઝપી અને ધક્કામુક્કી થઈ હતી. બેંકની અંદર જ રણમેદાન જેવા દ્રશ્યો સર્જાતા અન્ય ગ્રાહકોમાં પણ ભારે ફફડાટ અને આશ્ચર્ય ફેલાયું હતું.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI